Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER NO. B. 56

श्री

# જૈનધર્મ પ્રકાશ.

*The Jaina Dharma Prakasha.*

शार्दूलविक्रीडितम्

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः ।
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनम् ॥
मान्यान् मानय विद्विषोऽप्यनुनय प्रच्छादय स्वान् गुणान् ।
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां लक्षणम् ॥

પુસ્તક ૨૨ મું. વૈશાખ. સંવત ૧૯૬૨. અંક ૨ જો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વિષયાનુક્રમ.


| | | |
|---|---|---|
| ૧ | સુબોધ કાવ્ય. | ૩૩ |
| ૨ | નવું વર્ષ. | ૩૪ |
| ૩ | શ્રીપાળરાજાના રાસ ઉપરથી નીકળતો સાર. | ૩૮ |
| ૪ | જીવન સંધ્યા. | ૪૭ |
| ૫ | ગ્રંથાવલોકન. | ૫૬ |
| ૬ | જૈનધર્મની દશ મહાશિક્ષા. | ૫૯ |
| ૭ | વર્ત્તમાન સમાચાર | ૬૪ |


અમદાવાદ-એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનીયુ રખડતુ મુકીને આશાતના કરવી નહીં.

### નવી બુકોની જાહેર ખબર.

અમારી તરફથી છપાયેલ વેચાણ બુકોનું લીસ્ટ તથા વધારા ઉપરાંત નીચે જણાવેલી બુકો પણ અમારી ઓફીસમાંથી મળી શકશે.

| | | |
|---|---|---|
| ઉપદેશ પ્રાસાદ ભાગ ૩ જો (સ્થંભ ૧૦ થી ૧૪ નું) ભાષાંતર. | શાસ્ત્રી | ૧—૮—૦ |
| ચરિતાવળી ભાગ ૩ જો (ચંપકશ્રેષ્ઠી, રતિસાર, વત્સરાજ, નળદમયંતી, સ્થૂલભદ્ર, તથા સુરસુંદરીનાં ચરિત્રો) | ગુજરાતી | ૧—૦—૦ |
| હરેક ચરિત્રની છુટી નકલના ત્રણ ત્રણ આના. રાખેલા છે. | | |
| શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર. મૂળ માગધી પદ્યબંધ | શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પ્રતિક્રમણ હેતુ (સંસ્કૃત ગ્રંથનું ભાષાંતર) | ગુજરાતી. | ૦—૮—૦ |
| જૈન તત્ત્વાદર્શ. પૂર્વાર્દ્ધ. | ,, | ૧—૦—૦ |
| સદર ઉત્તરાર્દ્ધ | ,, | ૧—૦—૦ |
| સમરાદિત્ય સંક્ષેપ. સંસ્કૃત શ્લોક બંધ | શાસ્ત્રી | ૨—૮—૦ |
| જૈનમાર્ગ પ્રવેશિકા. | ગુજરાતી | ૦—૨—૦ |
| જૈનમાર્ગ પ્રારંભ પોથી. ભાગ ૧ લો | ,, | ૦—૧—૬ |
| શ્રાવિકા શિક્ષણ રહસ્ય. | ,, | ૦—૨—૦ |
| ગુણવર્માનો રાસ. (સત્તરભેદી પૂજા ઉપર) | ,, | ૧—૦—૦ |
| પ્રકરણમાળા. મૂળ (જીવવિચારથી કર્મગ્રંથ પર્યંત) | શાસ્ત્રી. | ૦—૮—૦ |
| પયન્ના સંગ્રહ (ચઉસરણ વિગેરે અર્થ સહિત) | ,, | ૦—૪—૦ |
| અજ્ઞાન તિમિર ભાસ્કર. (બીજી આવૃત્તિ) | ,, | ૨—૮—૦ |
| નવ તત્ત્વનો સુંદર બોધ. | ગુજરાતી | ૦—૧૨—૦ |
| જીવ વિચાર વૃત્તિ. | ,, | ૦—૬—૦ |
| જૈન સ્તોત્ર સંગ્રહ પ્રથમ ભાગ. (બનારસ) | શાસ્ત્રી | ૦—૭—૦ |
| અષ્ટાધ્યાયી. (શ્રી સિદ્ધહેમ સૂત્રપાઠ) | ,, | ૦—૫—૦ |
| ગુણવંતી સ્ત્રીઓને વિવાહમાં ગાવાનાં ગીતો. | ગુજરાતી | ૦—૦—૬ |
| જૈન મંડળીમાં ગવાતાં ગાયનો. | ,, | ૦—૦—૬ |
| સિદ્ધાચળના ખમાસમણ. | ,, | ૦—૧—૦ |
| ભાવના સ્વરૂપ. (મોરબીનું) | ,, | ૦—૪—૦ |
| શત્રુંજયાદિ સ્તવન સંગ્રહ. | ,, | ૦—૧—૬ |
| ચોવીશી વીશી સંગ્રહ. | ,, | ૨—૮—૦ |
| દુનિયાના સૌથી પ્રાચીન ધર્મની કિંમત રૂ.૧ ને બદલે | | ૦—૧૨—૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુકત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૨ મું. સં. ૧૯૬૨ વૈશાખ અંક ૨ જો.

## સુબોધ કાવ્ય.

**જેવી કરણી કરો નર નાર, તેવાં ફળ મળેજી.**

એ રાગમાં.

સો નીતિ ગ્રહો નર નાર, અનીતિ પરહરીજી;
જૈન ધર્મ તણો અંકુર, સદા દીલમાં ધરીજી.
શુદ્ધ ભાવથી ધર્મ આચરો, અંતરમાં ધરી પ્યાર;
ભવજલ તારણ કષ્ટ નિવારણ, જપો મંત્ર નવકાર.
સદા દીલમાં ધરીજી.

લક્ષ ચોરાશી યોની માંહી; ફર્યો અનંતી વાર;
પૂરવ પુન્યના મહા પ્રતાપે, મળ્યો ઉંચ અવતાર. સદા.
જીન પડિમા જીન સરખી જાણી, પુજો તમે નર નાર;
શ્રવણ કરો સદ્‌ગુરૂના મુખથી, આગમનો અધિકાર. સદા.
કામ ક્રોધ મદ મોહ લોભને; કરો અંતરથી દૂર;
દેવ ગુરૂને નમન કરીને, ભક્તિ કરો ભરપૂર. સદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારૂં મારૂં માની બેઠા, તારૂં નહિ તલભાર;
ધન દોલતને માલ ખજાના, પડ્યા રહે નિરધાર. સદા.
માત તાત સુત બંધવ બેની, કોઈ ન આવે સાથ;
પુન્ય પાપ બે સંગ લઈને, જાઓ ઘસતા હાથ. સદા.
માત પિતાની આજ્ઞા પાળી, રાખો તે પર સ્નેહ;
ત્રણ લોકની અંદર જાણો, મોટું તીરથ એહ. સદા.
સત્ય વચનને સત્ય ધર્મથી, મળે મનુષ્યમાં માન;
પરનિંદા પરહરીને બંધુ, ગ્રહો દયાને દાન. સદા.
સર્વ મનુષ્ય પર પ્રિતી રાખી, જાણો બંધુ સમાન;
જ્ઞાતિ બંધુના દુઃખ હરવાને, ખરચો ધન ધનવાન. સદા.
ખોટો ફંદ માની આ જગનો, તજો આળપંપાળ;
સુરઈંદુ કહે નીતિ થકી સહુ, ઉતરો ભવજળ પાર. સદા.

અમીચંદ કરશનજી શેઠ

વાંકાનેર.

# નવું વર્ષ.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરી નવા વર્ષમાં પ્રવેશ કરતાં મારી ૨૧ વર્ષની વય પૂર્ણ થયેલી હોવાથી ધર્મરત્નને યોગ્ય એવા શ્રાદ્ધના ૨૧ ગુણોનું મને સ્મરણ થાય છે. આ માસિક ખાસ કરીને શ્રાવક વર્ગને માટેજ લખાય છે. ગુરૂવર્યની કૃપાદૃષ્ટિની પ્રસાદીનું જૈન બંધુઓને આ માસિક દ્વારા આસ્વાદન કરાવવામાં આવે છે. પોતાના ગુણમાં આસક્તિ ધરાવનારા અને ગુરૂપદને સફળ કરનારા મુનિમહારાજાઓને કાંઈ પણ કહેવાનું હોતુંજ નથી. તેને માટે તો અનેક શાસ્ત્રો તૈયાર છે અને તેમાંથી સાર ગ્રહણ કરીને તેઓ પોતાના ગુણની વૃદ્ધિ કર્યાજ કરે છે. પરંતુ શ્રાવક ભાઈઓ તરફ દૃષ્ટિ કરતાં બહુ ખેદ ઉત્પન્ન થાય છે. તેઓ શ્રાવકના ગુણો તરફ તો શું પણ માર્ગાનુસારીના ગુણો તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઉપેક્ષા દર્શાવતા દૃષ્ટિએ પડે છે. ગૃહસ્થના સામાન્ય ધર્મથી પણ તેઓ વિરહિત દેખાયછે. માર્ગાનુસારીના ગુણો પૈકી પ્રથમ ગુણનોજ બહુધા અભાવ હોવાનું એ પરિણામ છે. એ ગુણ **ન્યાયોપાર્જિત દ્રવ્ય** સંબંધી છે. અન્યાયોપાર્જિત દ્રવ્ય ઉપભોગમાં આવવાથી બુદ્ધિમાં વિકળતા થયા સિવાય રહેતીજ નથી. ન્યાય શું એ સમજવું જરા મુશ્કેલ છે પણ સમજી શકાય તેમ છે. પરંતુ તે સમજવાની દરકાર કોને છે ? કેટલાએક તો ન્યાય પણ પોતાનો મનનો માનેલો માની તેના ઘેનમાંજ ઘૂર્ણિત રહેછે.

કોઇ સવાલ કરશે કે 'નવા વર્ષનો વિષય લખતાં આ વળી અપ્રસ્તુત ઉપદેશ ક્યાંથી કરવા માંડચો ?' વાત ખરી છે પરંતુ આ ઉપદેશ સહેતુક છે. આખું વર્ષ પ્રયાસ કરી નવા નવા લેખો પ્રગટ કરવા તેની સાર્થકતા વાંચક વર્ગમાં યોગ્યતાનુસાર ગુણ નિષ્પન્ન થાય ત્યારેજ છે. તેવી સાર્થકતા જ્યારે દેખાતી નથી ત્યારે ખેદ થાય છે અને તે જણાવ્યા શિવાય રહી શકાતું નથી.

ગત વર્ષમાં જુદા જુદા ૪૯ વિષયો આપવામાં આવ્યા છે. તેમાં માત્ર ૫ પદ્યબંધ છે. બાકી ૪૪ ગદ્યબંધ છે. તેમાં ૧૦–૧૨ વર્તમાન પ્રચલિત સંસ્થાઓ વિગેરે સંબંધી છે, બાકીનો મોટો ભાગ ખાસ ગ્રહણ કરવા યોગ્ય હિતશિક્ષા વાળો છે.

લેખક તરિકે **મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી, મોતીચંદ ગીરધરલાલ, મનસુખ કીરતચંદ** તથા સભાના મંત્રી અને પ્રમુખે મોટો ભાગ બજાવ્યો છે. મુનિના લખેલા વિષયમાં મુનિરાજને પણ ઉપદેશ ક્વચિત્ ક્વચિત્ દૃષ્ટિગોચર થાય છે. બાકીતો એકંદર સર્વ હિતનો સમાવેશજ કરેલો છે. **અસલફકીરી, સવિર્ય ધ્યાનનો સારાંશ, વિવિધ વિષય સંગ્રહ** અને **પ્રાતજ્ઞા યા પ્રત્યાખ્યાન સ્વરૂપ.** આ ચાર વિષયમાં તેઓ સાહેબે ઘણો ઉપદેશ સમાવ્યો છે. અપૂર્ણ વિષય માત્ર બેજ રાખવામાં આવ્યા છે. તેમાં શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતા સારના ત્રણ પ્રકરણો આપેલા છે. આગળ એ વિષય શરૂ રહેનાર છે, પરંતુ લેખ લંબાણ હોવાથી એકાએક પૂર્ણ થાય તેવો નથી. લખાયેલા ત્રણ પ્રકરણો માટે બહુ ઉંચા અભિપ્રાય આવેલા છે જેથી આગળ હવે વગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિલંબે એ લેખ, શરૂ રાખવામાંજ આવનાર છે. બીજો સર્વ માન્ય કલ્યાણ માર્ગનો વિષય છે. તે ગત વર્ષના મુખપૃષ્ઠ પર લખાયેલા શ્લોક ઉપરથી લખવામાં આવે છે. તેના આઠ જુદા જુદા વિભાગ છે તે વિષય પણ ક્રમસર આપવામાં આવશે. સામાયિકનો વિષય ઘણો મોટો છતાં પૂર્ણ કરી દેવામાં આવ્યો છે પણ હજુ તે વિષય પર બીજા લેખકો લખવા ઇચ્છા ધરાવે છે. સામાયિક એ શ્રાવકવર્ગનું નિત્ય કર્તવ્ય છે. તેના ખરા સ્વરૂપને સમજવાની બહુ જરૂર છે. સ્ત્રીવર્ગના સામાયિક તરફ દૃષ્ટિ કરતાં તો પરિપૂર્ણ ખેદ થાય છે. તેતો માત્ર એક સ્થાને બેસી રહેવા જેટલુંજ સામાયિક જાળવે છે. બાકી સાવદ્ય નિરવદ્ય વચનનું ઠેકાણું રહેતું નથી તો પછી મનની તો વાતજ શી કરવી! આવું સ્વરૂપ ફળદાયી સામાયિક ન થાય—અનરૂપ ફળદાયી સામાયિક થાય તેને માટે એ લેખ લખવામાં આવેલો છે. પોતે જે કર્તવ્ય કરે તેનું યાથાતથ્ય સ્વરૂપ જાણવામાં નથી હોતું ત્યારે તેમાં વિસંવાદ થવા સંભવ છે. આવો વિસંવાદ દૂર થવા માટે ઉપદેશ પ્રાસાદ વિગેરે ગ્રંથોમાંથી દોહન કરીને હજુ વધારે લખવામાં આવનાર છે.

પ્રથમ આ માસિકમાં કથાનક વિષયો મોટે ભાગે આપવામાં આવતા હતા. પરંતુ જેમ જેમ વાંચક વર્ગનું લક્ષ તે પરથી ખસીને તાત્વિક વિષયો વાંચવા તરફ આકર્ષણ પામતું ગયું તેમ તેમ હવે તેવા વિષયોજ બહુધા આપવાનું શરૂ રાખેલું છે. આ વર્ષમાં માત્ર ૩ વિષયજ કથાવાળા આપેલા છે. બાકી વર્તમાન સમાચાર પણ દર અઠવાડીએ બહાર પડતું "જૈન" પત્ર પુષ્કળ આપતું હોવાથી ખાસ જરૂરી નોંધ કરી રાખવા લાયક વર્તમાન વિષયોનેજ સ્થાન આપવામાં આવે છે. સ્નાત્રવિધિ અને પુષ્પપૂજાવિધિના વિષય વાંચવા ખાસ ભલામણ કરવા યોગ્ય છે. એ ક્રિયાઓ નિરંતર પ્રચલિત છતાં તે વિષયની અજ્ઞતા કેટલી ચાલે છે તે એ વિષય વાંચવાથી સમજી શકાય તેમ છે. બીજા પણ એને લગતા વિષયો હવે પછી પ્રગટ કરવા ધારણા છે.

આખા વર્ષમાં આવેલા તમામ વિષયો તરફ દૃષ્ટિ કરતાં મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા ઉપયોગીપણાની જૈનબંધુઓને ખાત્રી થઇ શકે તેમ છે. મારી વય પણ હવે વૃદ્ધિ પામેલી હોવાથી મારા કદમાં અવાર નવાર વૃદ્ધિજ થતી દૃષ્ટિએ પડે છે. આ વર્ષમાં પણ વૃદ્ધિ કરવા મારા ઉત્પાદકોની ઇચ્છા છે.

મને નવા વર્ષની શરૂઆત ચૈત્ર માસથીજ થયેલી છે. પરંતુ જૈન કોન્ફરન્સનો હેવાલ આપવાની ખાસ આવશ્યકતા હોવાથી પૂર્વ સ્થિતિનું દિગ્દર્શન કરાવવાનું તે અંકમાં બની શક્યું નહોતું. કોન્ફરન્સનો હેવાલ જૈનપત્ર દ્વારા વધારે વિસ્તારથી પ્રગટ થયા છતાં તેની નોંધ બરાબર જળવાઇ રહેવા માટેજ અમે તેનો જરૂર પુરતો રિપોર્ટ દર વર્ષ આપીએ છીએ.

આ વર્ષમાં ગ્રાહક વર્ગને લાભદાયક થઇ પડે તેવા પૃથક્ પૃથક્ અનેક વિષયો આપવાની ઇચ્છા મારા લેખકોના દિલમાં સ્ફુરી રહી છે. આદ્યંત વાંચીને મારા તરફથી મળતા લાભની કિંમત સમજનારા ગ્રાહકવર્ગની સંખ્યા દિન પરદિન વૃદ્ધિ પામતી આવે છે. ગયા વર્ષમાં એક અતિ આવશ્યક ગ્રંથનું ભાષાંતર કરીને તેની સુંદર બુક ભેટ તરીકે આપવામાં આવી છે. પ્રતિક્રમણની ક્રિયા કરનારાઓનો બહોળો ભાગ તેના હેતુઓથી અજ્ઞાત હોય છે. જેથી ઘણી વખત તો અન્યોન્યાનુષ્ટાનજ થતું જણાય છે. આ બુકમાં ક્રમસર કહેવાતાં દરેક સૂત્રોના હેતુ એવા વિસ્તારથી સમજાવવામાં આવ્યા છે કે તેને લક્ષ પૂર્વક વાંચી હૃદયમાં ઉતારીને જો પ્રતિક્રમણ કરતી વખત તેનો ઉપયોગ કરવામાં આવે તો તેથી અવશ્ય તે કરણી રસરૂપ થઇને પરમ ફળદાયક નીવડયા શિવાય રહેજ નહીં.

દિનપર દિન કાળ બદલાતો આવે છે. અવસર્પિણીનો ભાવ સારી પેઠે ભજવાવા લાગ્યો છે, ધર્મ શ્રદ્ધા ઘટી છે, ઉપાધિઓ વધી છે, વ્યાધિઓ જોર પર આવતી જાય છે, વર્ષ નબળા કહેવાવા લાગ્યા છે, જૈન બંધુઓની સંખ્યા પણ ઘટતી જણાય છે. આવી રીતના અંધકારના પ્રસારમાં કાંઇક પ્રકાશ આપનાર કારણ જૈન કોન્ફરન્સની સ્થાપના થઇ છે તે જણાય છે. તેના આગેવાનો જૈનકોમની ઉન્નતિ કરવા માટે મંથન કરવા લાગ્યા છે. પ્રગટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાધિને હઠાવવો એ કાંઇ જેવું તેવું કામ નથી પરંતુ **उद्यमेन हि सिद्ध्यंति कार्याणि न मनोरथैः** । એ કહેવત અનુસાર પ્રયાસનું ફળ કાંઇ કાંઇ તો બેસવા લાગ્યું છે. હજુ એક સંપથી દીર્ઘદૃષ્ટિ પૂર્વક કામ લેવામાં આવશે તો વધારે સારાં ફળ ચાખવાનો વખત પણ પ્રાપ્ત થશે એમાં જરા પણ સંદેહ રાખવા જેવું નથી.

નવીન વર્ષમાં જૈનવર્ગની ઉન્નતિ થાઓ, દેશમાં આબાદાની વિસ્તરો, વિઘ્નશ્રેણી વિસરાળ થાઓ, ગ્રાહકવર્ગની સુખસંપત્તિ વૃદ્ધિ પામો, મારા ઉત્પાદકોનો ઉત્સાહ વધો અને સર્વત્ર નિરાનંદતાનો નિરાસ થાઓ એવી પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના પૂર્વક શુભ ઇચ્છા પ્રદર્શિત કરી હું નવા વર્ષમાં પ્રવેશ કરૂં છું અને મારી ફરજ બજાવવા સાવધાન થાઉં છું. ઇત્યલં.

# શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

( અનુસંધાન પુ. ૨૧ માંના પૃષ્ઠ ૨૭૬ થી )

શ્રીપાળરાજા અને મયણા સુંદરી ગુરૂ મહારાજના ઉપદેશ અનુસાર આસો શુદ ૭ થી ઓળી માંડી છ વિગયનો ત્યાગ કરીને દરરોજ આયંબીલ કરવા લાગ્યા. તે સાથે મયણા સુંદરી શ્રી અરિહંત ભગવંતની અષ્ટ પ્રકારી પૂજા કરવા લાગી. એક ચિત્તે જિનભક્તિ કરવાથી પાપ પ્રકૃતિનો નાશ થવા માંડયો. પહેલે આંબેલેજ સિદ્ધચક્રના ન્હવણથી રોગનું મૂળ દાઝ્યું અને અંતરનો દાહ ઉપશમ પામ્યો. બીજે આંબિલે બહારની ત્વચા જે વિરૂપ થઇ ગઇ હતી તે સુધરી, તેનો વર્ણ પલટાવા લાગ્યો. એ પ્રમાણે દિવસે દિવસે શરીરનો વાન વધવા લાગ્યો અને વ્યાધિ શમવા લાગ્યો. અનુક્રમે ન્હવણજળના સંયોગથી નવ આંબિલે સર્વ વ્યાધિ અંદરથી ને બહારથી નાશ પામ્યો અને કાયા કંચન જેવી થઇ ગઇ. લોકો તે જોઇ આશ્ચર્ય પામવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મયણાએ કહ્યું કે "હે સ્વામી ! આ બધો ગુરૂ મહારાજનો પ્રતાપ છે. જગતમાં માતા પિતા બાંધવ સ્ત્રી પુત્રાદિક અનેક સંબંધીઓ હિતના ઇચ્છનાર કહેવાય છે, પણ ગુરૂ મહારાજની જેવુ ખરેખરૂં હિત ઇચ્છનાર બીજું કોઇ નથી. ગુરૂ આ લોકના કષ્ટને પણ નિવારે, પરલોકના કષ્ટને પણ દૂર કરે, સારી બુદ્ધિ આપે અને તત્વાતત્વ તેમજ કૃત્યાકૃત્યને સમજાવે. એવા ગુરૂ મહારાજને ધન્ય છે અને આવા સર્વોત્કૃષ્ટ જૈનધર્મને પણ ધન્ય છે." શ્રીપાળ કુમારે મયણાના વાક્યોને અનુમોદન આપ્યું અને એ પ્રમાણે ધર્મની પ્રશંસા કરતાં બંને જણ બોધિબીજ પામ્યા.

પછી પોતાની સાથેના ૭૦૦ કોઢીઓને પણ સિદ્ધચક્રના યંત્રનું ન્હવણ જળ છાંટયું જેથી તેમના પણ વ્યાધિ નાશ પામ્યા એટલે તેઓ શ્રીપાળ કુમારની આજ્ઞા લઇને પોત પોતાને સ્થાનકે ગયા.

એકદા શ્રીપાળ કુમાર જિનમંદિરમાં દર્શન કરવા ગયા હતા ત્યાં તેણે પોતાની માતાને દીઠી એટલે તે પગે લાગ્યા. તેવામાં મયણાસુંદરી આવી. તેમણે આકૃતિ વિગેરેથી પોતાની સાસુ આવ્યા છે એમ જાણ્યું એટલે તે પણ પગે પડી, સાસુએ આશિષ આપી અને આ પ્રમાણે પુત્રનું નિરોગીપણું અને રાજકન્યા જેવી સ્ત્રી સાથેનો સંબંધ જોઇ આશ્ચર્ય પામ્યા. કુમારે તેનો ખુલાસો કરતાં કહ્યું કે 'હે માતાજી ! આ પસાય બધો તમારી વહુનો છે કે જેથી મારો વ્યાધિ નાશ પામ્યો, શરીર નિરોગી થયું અને જૈનધર્મની પ્રાપ્તિ થઇ.' માતાએ એવી સદ્‌ગુણી વહુને જોઇને આનંદ પામતાં કહ્યું કે–'ગુણીયલ વહુએ જસ લીધો અને પોતાના પતિને સકળ કળા સંપૂર્ણ કર્યા.'

પછી કમળપ્રભા માતાએ કહ્યું કે–"હે પુત્ર ! તને કોઢીને સોંપીને હું વૈદ્યની શોધમાં નીકળી; માર્ગે એમ સાંભળ્યું કે કોશાંબીમાં કુષ્ટ વ્યાધિનો પ્રતિકાર જાણનાર વૈદ્ય રહે છે એટલે હું તે તરફ ચાલી.. માર્ગમાં કોઇ જ્ઞાની ગુરૂ મળ્યા. એટલે મેં તેમને નમસ્કાર કરીને પુછયું કે 'હે મહારાજ ! મેં કર્મની કદર્થના બહુ સહન કરી છે; રાજ્ય ગયું, દેશવટો લેવો પડયો, છેવટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પુત્ર હતો તેને પણ કોઢનો દુષ્ટવ્યાધિ લાગુ પડયો, માટે હે મહારાજ ! તે વ્યાધિ નાશ પામશે કે નહીં ? તે કૃપા કરીને કહો.' ગુરૂમહારાજ બોલ્યા કે–'તમે ખેદ તજો ને કહું તે સાંભળો: તમારા પુત્રને કોઢીઓએ સારી રીતે જાળવ્યો, ઉંબરરાણાના નામથી તે પ્રસિદ્ધિ પામ્યો, માળવપતિની પુત્રી પરણ્યો, કોઢીઓએ તેનો વિવાહ કર્યો, સ્ત્રીના વચનથી તમારા પુત્રે આંબેલનો તપ કર્યો અને સિદ્ધચક્રનું આરાધન કર્યું તેથી તમારા પુત્રનો તમામ વ્યાધિ નાશ પામ્યો અને તદ્દન નિરોગી થયો. આ પ્રમાણે બનાવતો બની ગયેલ છે. હાલ તે ઉજ્જણીમાં રહે છે અને સિદ્ધચક્રના પસાયથી આગળ ઉપર વધારે ઉન્નત દશા પામશે ઘણા રાજ્ય મેળવશે અને મોટો રાજાધિરાજ થશે.'

આ પ્રમાણે જ્ઞાની ગુરૂના વચનો સાંભળી મારા હૃદયમાં શાંતિ થઇ, હું ત્યાંથી આ તરફ ચાલી, અહીં તમે મળ્યા અને મારા વનવાંછિત સફળ થયા."

પોતાની માતાની આ પ્રમાણેની હકીકત સાંભળી શ્રીપાળ કુમારને મયણાસુંદરી બહુ રાજી થયા. પછી તેમને લઇને પોતે જયાં રહેતા હતા ત્યાં આવ્યા અને ત્રણે જણ આનંદથી રહેવા લાગ્યા.

અન્યદા ત્રણે જણ સાથે જિનમંદિરમાં દર્શન કરવા ગયા હતા ત્યાં દર્શન કરીને ચૈત્યવંદન કરવા બેઠા. શ્રીપાળ કુમાર મધુર સ્વરે ચૈત્યવંદન કરે છે અને સાસુ વહુ સાંભળે છે તેવામાં મયણાની માતા રૂપસુંદરી પણ ત્યાં દર્શન કરવા આવી. જે દિવસે મયણાને ક્રોધાંધ પ્રજાપાળ રાજાએ કુષ્ટિને આપી તે દિવસથી તેને રાજા ઉપર અભાવ ઉત્પન્ન થવાથી તે પોતાને પિયર આવીને પોતાના ભાઇને ત્યાં રહેછે. અને પુત્રીના દુઃખે દુઃખી થઇ સતી નિસાસા મૂકયા કરે છે. આજે તેના હૃદયમાં જિનવાણીનું સ્મરણ થતાં કાંઇક વધારે સમતા ભાવ આવ્યો તેથી તે દુઃખ સમૂહને ભૂલી જઇ દેવ જુહારવા માટે નીકળી છે. દર્શન કરીને પાછા વળતાં તેણે મયણાને દીઠી અને પોતાની પુત્રી તરિકે ઓળખી; પણ પાસે નજર કરતાં પુરૂષ કોઇ બીજોજ દીઠો. તેણે કાંઇ પોતાના જમાઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નજરે જોયેલો નહોતો પણ એટલું સાંભળ્યું હતું કે કોઢી નરને મયણા પરણાવી છે. તેને ઠેકાણે આતો મહા સુંદર પુરૂષ દીઠો, એટલે તેને બહુ ખેદ થયો. એવી કલ્પના થઇ કે મારી પુત્રીએ કોઢીવરને તજી દઇને બીજો ભર્તાર અંગીકાર કર્યો જણાય છે. આવી કલ્પના થતાં તે કુળવધુને અત્યંત શોક થયો. મનમાં વિચારવા લાગી કે-હે પ્રભુ ! આવી કુળ ખંપણ પુત્રી તેં મને કયાં આપી કે જેણે કોઢી વરને તજીને બીજો વર કર્યો. મારી કુખને પણ ધિક્કાર છે કે જેમાં આવી પાપી પુત્રી ઉત્પન્ન થઇ. આ પ્રમાણે વિચાર કરતાં તેની આંખમાં આંસુ આવ્યા. રૂદન વૃદ્ધિ પામ્યું એટલામાં દૂરથી માતાને જોઇ ચૈત્યવંદન થઇ રહેવાથી મયણા માતાની પાસે આવી પગે લાગી અને માતાને દીલગિર જોઇ કહેવા લાગી કે "હે માતા ! હર્ષને સ્થાનકે શોક કેમ કરોછો ? જૈનધર્મના પસાયથી સર્વ દુઃખ નાશ પામ્યા છે; પરંતુ નિસિહી કહીને જિનઘરમાં પ્રવેશ કર્યા પછી સંસારી વાત કરી શકાય નહીં, આશાતના લાગે, માટે તમે દર્શન કરીને બહાર આવો ને હમણા અમે જ્યાં રહીએ છીએ ત્યાં ચાલો. ત્યાં તમને બધી વાત કરશું જેથી તમે પણ બહુ હર્ષિત થશો."

રૂપસુંદરીએ તે વાત સ્વીકારી અને પોતાની પુત્રીની સાથે તેને આવાસે ગઇ, ત્યાં ચારે જણા આનંદથી સાથે બેઠા; એટલે મયણાએ બધી વાત કહી બતાવી, જે સાંભળી રૂપસુંદરી ખરેખરી હર્ષિત થઇ. કમળપ્રભાએ રૂપસુંદરીને કહ્યું કે 'તમારા કુળને ધન્ય છે, સુકુળોત્પન્ન વહુએ અમારા કુળનો પણ ઉદ્ધાર કર્યો, અમારી ઉપર મોટો ઉપગાર કર્યો, અમને જૈનધર્મ પમાડયો, અને અમારાં દુઃખ માત્ર દૂર કર્યાં, અમારી લાજ એણે વધારી.' રૂપસુંદરી બોલી કે 'અમે પણ સદ્ભાગ્યના યોગથીજ આવો ચિંતામણિ રત્ન જેવો જમાઇ પામ્યા. પણ હે વેવાણ! મને તમારા કુળ ઘર વંશ વિગેરેનું વર્ણન સાંભળવાની ઘણી હોંશ છે માટે તે કહેવા કૃપા કરો.' કમળપ્રભાએ તેને પોતાનું પૂર્વ વૃત્તાંત સર્વ કહી સંભળાવ્યું. તે સાંભળી રૂપસુંદરી ખુશી થઇ ને કહેવા લાગી કે 'મારી પુત્રી ખરેખરી ભાગ્યશાળી કે જેણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંને કુળનો ઉદ્ધાર કર્યો અને આવો ઉત્તમ વર પામી.'

પછી તેણે પોતાને પિયર જઇ પોતાના ભાઇ પુણ્યપાળને બધી વાત કહી બતાવી. તે પણ બહુ હર્ષિત થયો. પછી પોતાની ચતુરંગીણી સેના લઇ મોટા આડંબરથી તે જ્યાં શ્રીપાળકુમાર રહેતા હતા ત્યાં આવ્યો અને ઘણો આગ્રહ કરીને તેને તેમજ મયણાને અને કમળપ્રભાને પોતાને ત્યાં લઇ ગયો. મોટો આવાસ તેમને રહેવા આપ્યો અને તેને સુખના સર્વ સાધનો પૂરવા લાગ્યો. શ્રીપાળકુમાર પણ ત્યાં આનંદથી રહેવા લાગ્યા અને સુખ ભોગવવા લાગ્યા.

એક દિવસ સ્ત્રી ભર્તાર બંને પોતાના આવાસના ગોખમાં બેઠા છે અને નીચે ચોકમાં અનેક પ્રકારના નાચ ગાન થઇ રહ્યા છે તે આનંદ પામતા સતા જુએ છે તેવામાં રયવાડીથી પાછા વળતાં પ્રજાપાળ રાજા ત્યાં આવ્યો, નાટક થતું જોઇ તે જોવા ઉભો રહ્યો. તેણે કોઇ સ્ત્રી ભર્તારને સ્વર્ગ સમાન સુખ ભોગવતા જોયા એટલે તે કોણ છે એમ જાણવાની તેને જિજ્ઞાસા થઇ, બારિક દૃષ્ટિએ જોતાં તેણે મયણાને ઓળખી એટલે તેની પાસે દેવકુમાર જેવો બીજો પુરૂષ જોઇ તેને એકદમ સંતાપ ઉત્પન્ન થયો. તે મનમાં વિચારવા લાગ્યો કે—'અહો ! મારાં પાપ પ્રગટ થયાં, મેં મૂર્ખે ક્રોધને વશે બહુજ અવિચાર્યું કાર્ય કર્યું, મયણા જેવી પુત્રીને કોઢી સાથે પરણાવી, તે પુત્રી પણ કુળખંપણ જાગી, તેણે મારા કુળને મલિન કર્યું, પહેલા પરણેલા પતિને તજીને બીજો પતિ કર્યો, બહુ માઠો બનાવ બન્યો.' આ પ્રમાણે ખેદગ્રસ્ત થઇ તે હૃદયમાં ઝુરવા લાગ્યો. તે પ્રસંગે યોગ્ય અવસર જોઇ પુણ્યપાળ તેની પાસે આવ્યો અને કહ્યું કે 'હે રાજેંદ્ર ! શોક તજી દ્યો અને અંદર પધારો. તમારા જમાઇનું રૂપ ને ભાગ્યવાનપણું જુઓ. સિદ્ધચક્રના પ્રસાયથી સર્વ વિઘ્ન નાશ પામ્યાં છે.' આ પ્રમાણે કહીને તેણે વિસ્તારથી બધી વાત કહી સંભળાવી. રાજા તે સાંભળી બહુ પ્રસન્ન થયો. પુણ્યપાળની સાથે અંદર આવ્યો અને ઇંગિત આકારાદિવડે શ્રીપાળકુમારને ઓળખ્યા એટલે જૈનધર્મની પ્રસંશા કરતો સતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મયણાને ઉદ્દેશીને બોલ્યો કે–"હે પુત્રી તેં રાજસભામાં જે વાત કરી હતી તે બધી સાચી અને મેં અજ્ઞાનપણે જે કહ્યું હતું તે બધુ ખોટું. મારા હૃદયમાં અત્યારે એ વાતની ખાત્રી થઇ છે મેંતો તને દુઃખ દેવા માટે અનેક અઘટિત ઉપાયો કર્યા પણ તે બધા તને સુખરૂપ થયા, માટે **જગતમાં કર્મનીજ પ્રાધાન્યતા છે.** માણસનું ધાર્યું કાંઇ પણ થતું નથી. મેં મૂર્ખાઇથી મારો પ્રતાપ સમજાવવા મિથ્યા પ્રયત્ન કર્યો. મારી ભૂલ હવે મને સમજાણી છે" મયણા બોલી કે–"એમાં તમારો કશો દોષ નથી, પ્રાણી માત્ર કર્મને વશ છે. રાજા ને રાંક તેની પાસે સમાન છે, મારા કર્મમાં જેટલું દુઃખ પામવાનું હતું તેટલું પામીને પછી પાછું સુખ થયું માટે તેમાં આપને વિમાસણ કરવા જેવું કાંઇ નથી."

પછી પ્રજાપાળ રાજાએ રૂપસુંદરી જે રીસાઇને અહીં આવેલી હતી તેને મનાવી અને આખા શેહેરમાં મહોત્સવ મંડાવી મોટી ધામધુમથી પુત્રી અને જમાઇને રાજભુવનમાં લઇ ગયા. ત્યાં તેઓ સ્વર્ગ સમાન સુખ ભોગવવા લાગ્યા. આખા નગરમાં સર્વત્ર જૈનધર્મની ઉન્નતિ થઈ અને સર્વ લોકો એક અવાજે મયણાની પ્રશંસા કરવા લાગ્યા.

અહીં શ્રીપાળ ચરિત્રનો પૂર્વ ભાગ પૂર્ણ થાય છે કે જેની અંદર સુખ દુઃખની મિશ્રતા રહેલી છે. હવે દિન દિન ચડતી કળા થવાની છે જો કે તેની અંદર પણ પૂર્વ કર્માનુસાર દુઃખનો વખત પણ દૃશ્યમાન થવાનો છે પરંતુ સ્વલ્પ સમયમાં તે દુઃખ વિસરાળ થઇ જાય છે. આ અંકમાં સર્વ સજ્જનોનો મિલાપ થાય છે, બધી હકીકતોનો ખુલાસો થાય છે અને સર્વત્ર નિવૃત્તિ થાય છે, તે સાથે કર્મજન્ય સુખ દુઃખની સિદ્ધિ થવા પૂર્વક જૈનધર્મની ઉન્નતિ થાય છે.

આ અંકમાં હકીકતનો ભાગ બહુ હોવાથી સાર ગ્રહણનો ભાગ ઓછો છે પરંતુ જેટલો સાર ગ્રહણ કરવાનો છે તે બહુ તાત્વિક છે.

પ્રથમતો સિદ્ધચક્રની એક ચિત્તે ભક્તિ કરવાથી પ્રાણીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ દુઃખો વિલય થાય છે તે સિદ્ધ કરી બતાવ્યું છે. નિર્મળ ચિત્તની આરાધના એક દિવસમાંજ મહાન્ ફળ આપે છે. સિદ્ધચક્રના યંત્રમાં ગુણને ગુણી સર્વનો સમાવેશ છે. ચાર ગુણ છે, પાંચ ગુણી છે. દેવને ગુરૂ બંનેનો સમાવેશ છે, ગુણી પૈકી બે દેવ છે, ત્રણ ગુરૂ છે. સર્વ યંત્રમાં પ્રધાન યંત્ર આ છે. તેનું આરાધન અદ્યાપિ કાળે પણ દુઃખને દૂર કરવા સમર્થ છે. આયંબિલનો તપ પણ મહા માંગળિકકારી છે. વિઘ્નને દૂર કરવામાં એ તપની પ્રાધાન્યતા છે. ઉત્તમ કાર્યમાં તે તપનું સ્મરણ કરવામાં આવે છે તેમજ કોલેરા મરકી વિગેરે દુષ્ટ વ્યાધિના પ્રસંગમાં પણ એ તપનું આરાધન કરાવવાની પ્રચલિત રૂઢી છે. ફળ પ્રાપ્તિમાં અધ્યવસાયનીજ મુખ્યતા છે. એવો કોઇ વિઘ્ન પ્રકાર નથી કે જે એ મહાયંત્રના પ્રભાવથી નાશ ન પામે, પરંતુ તેમાં દૃઢ શ્રદ્ધા અને નિર્મળ ચિત્તની આવશ્યકતા છે. આ મહાન્ યંત્રના પ્રભાવનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. પ્રાણીએ બીજા કોઇપણ ઉપાયની શોધમાં ન પડતાં કોઇ પણ જાતના વ્યાધિમાં કે ઉપાધિમાં, કષ્ટમાં કે વિઘ્નમાં, ઉપદ્રવમાં કે ઉપસર્ગમાં એ મહા પ્રભાવીક યંત્રનીજ આરાધના કરવી. આ આખો રાસ સિદ્ધચક્રના પ્રભાવનેજ બતાવનારો છે અને તેનું અંહીં બીજારોપણ થાય છે.

ઉત્તમ પ્રસંગનો લાભ કેવો મળે છે તે પણ અહીં પ્રત્યક્ષ દેખાય છે. સાતસેં કોઢીઓના કોઢ વિનાપ્રયાસે માત્ર સિદ્ધચક્રના ન્હવણ જળથીજ દૂર થાય છે. નહીં તો તેઓના શરીરમાંથી જન્મ પર્યંત પણ એ દુષ્ટ વ્યાધિ જવો મુશ્કેલ હતો, પરંતુ શ્રીપાળકુમારે કરેલા આરાધનનો શુભ પવન તેમને પણ હિતકારક થયો છે. માટે હરેક મનુષ્યે નિરંતર ઉત્તમજનોની સંગતિ કરવા યોગ્ય છે. તેનાથી અનેક પ્રકારના લાભ પ્રાપ્ત થાય છે.

હવે કમળપ્રભા જ્ઞાની ગુરૂના વચનથી પાછી પુત્રને શોધતી શોધતી આવે છે. પુત્ર માતાને ઓળખે તેમાં તો કાંઇ આશ્ચર્ય જેવું નથી પણ વિચક્ષણ મયણા પણ તરત ઓળખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢે છે. વહુ તરફથી પ્રાપ્ત થયેલા લાભને જાણી કમળપ્રભા તેની પ્રશંસા કરે છે. ગુણગ્રાહી જનોનો એ સ્વભાવ છે. આમાં તો ઘણો લાભ થયેલો હતો પરંતુ ગુણગ્રાહીજનો સહજ લાભ આપનારને પણ ભૂલી જતા નથી અને તેની પ્રશંસા કર્યા શિવાય રહી શકતા નથી.

કમળપ્રભા પોતાની વાત કરે છે તેમાં જ્ઞાનની અપ્રતિમ શક્તિ દૃષ્ટિગોચર થાય છે. જ્ઞાની ગુરૂ દૂર રહ્યા સતા બધી વાત યથાર્થ કહી આપે છે. સત્ય જ્ઞાનની બલિહારી છે. જ્ઞાની શિવાય ત્રણે કાળની વાત બીજું કોણ કહી શકે ?

હવે રૂપસુંદરીનો મેળાપ થાય છે. તે પ્રથમ તો પોતાની પુત્રી પાસે અપર પુરૂષ જાણી ખેદ પામે છે પણ ખરી વાતનો ખુલાસો થતાં આનંદિત થાય છે. અહીં તેની શીળપ્રિયતા જોવાની છે. ગમે તેવા વરને આપ્યા છતાં પ્રાણાંત પર્યંત તેને ન તજવો એજ કુળવધુનું કર્તવ્ય છે. એમાં માતા પિતાએ ભૂલ કરી અને જબરજસ્તીથી પરણાવી દીધી એવી કોઇ પણ જાતની દલીલ પાણીગ્રહણ થયા પછી ચાલીજ શકતી નથી. આર્યબાળાની એ ગુણવડેજ સર્વોત્કૃષ્ટતા કહેવાય છે.

અહીં એક બીજી હકીકતપર ખાસ ધ્યાન આપવા યોગ્ય છે. મયણા પોતાની માતાને કહે છે કે—"હે માતા ! નિસિહી કહીને જિનમંદિરમાં આવ્યા પછી સાંસારિક વાર્તા કરતાં આશાતના લાગે. માટે જિનમંદિરની બહાર ચાલો. પછી બધી વાત કરશું." આ હકીકતની સાથે આધુનિક સમયની સ્ત્રીઓની પ્રવૃત્તિને મેળવો. તેઓએ તો દેરાસરનેજ વાતો કરવાનું સ્થાન ગણેલું હોય છે. નિસિહી એકને બદલે ત્રણવાર કહેશે પણ તેનો અર્થ કોણ સમજે છે? સમજવાની દરકાર કોને છે ? આશાતના શું તે કોણ જાણે છે ? અને જાણે તો તેનો ડર કોને છે ? પુરૂષો પણ કાંઇ સર્વથા આ દોષથી મુક્ત નથી. તેઓ પણ પ્રસંગ પડ્યે સાંસારિક વાતો કરવા મંડી જાય છે આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે જિનમંદિરમાં પ્રવેશ કરતાં અગ્રદ્વારે જે નિસિહી કહેવામાં આવે છે તે ગૃહવ્યાપારના નિષેધને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ છે તેથી તે પ્રમાણેનો નિષેધ કર્યા પછી સાંસારિક વાતનો ઉચ્ચાર કરવો તે પણ આશાતના છે, વચનનો ભંગ છે, ભક્તિમાં હાની છે, અને અજ્ઞાનની નિશાની છે. જિનમંદિરમાં તો સ્મરણ જિનરાજના ગુણોનું કરવું, વચનોચ્ચાર તેમના ગુણો સંબંધી કરવો અને કાયા પણ તેમની ભક્તિમાંજ વાપરવી. બીજુ સર્વ તજી દેવું. ત્યાં પુત્રને પુત્ર બુદ્ધિએ અને સ્ત્રીને સ્ત્રીબુદ્ધિએ ન જોતાં સહધર્મીપણાની બુદ્ધિએ જોવાં અને જિન ભક્તિમાંજ મશગુલ રહેવું. મોહને દૂરજ રાખવો, ચપળતાને બહારથીજ રજા આપવી અને જે કાર્ય સિદ્ધ કરવા આવ્યા હોય તેજ સિદ્ધ કરવું. આમાં વારંવાર સ્ખલના આવવાથીજ પ્રાણીનું ભવભ્રમણ આળસતું નથી. સ્ત્રી વર્ગે તો ખાસ આ બાબત લક્ષમાં રાખવાની છે કે જિનમંદિરમાં પેઠા પછી નીકળતાં સુધી સંસારી વાતોને જળાંજળીજ આપવી. નહીંતો પછી તમારા દર્શન તમને હિતકારક ન થતાં ઉલટા કર્મબંધ કરાવનારા થઇ પડશે. વધારે શું કહેવું !

હવે શ્રીપાળ કુમારની પુણ્યદશા જાગૃત થતી જાય છે. પુણ્યપાળ તેને પોતાને ત્યાં લઇ જાય છે. ત્યાં દેવ સમાન સુખ ભોગવે છે. પ્રજાપાળ રાજાને જોવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તે મયણાને ઓળખે છે પણ પાસે અવર પુરૂષ જોતાં પોતાની ક્રોધના આવેશમાં કરેલી ભૂલ તેને સમજાય છે. પોતાના આત્માને તે ધિક્કાર આપે છે, મયણા ઉપર પણ તેને તિરસ્કાર ઉપજે છે, એટલામાં પુણ્યપાળ ત્યાં આવે છે અને બધી વાતનો ખુલાસો કરે છે. આવેશને વખતે જે વાત સમજવામાં આવતી નથી તે શાંતિને વખતે સમજાય છે. હવે રાજા પોતાની ભૂલ જુએ છે અને તે મયણાની પાસે કબૂલ પણ કરે છે.

અહીં જોવાનું એ છે કે આવો પાછળથી પસ્તાવો થાય તે કાંઇ કામનો નથી. આમાંતો મયણાના પુણ્યની પ્રબળતાથી કાંઇ વિનાશ થયો નથી પણ રભસ વૃત્તિએ કોઇ કામ કરી નાખ્યા પછી તે શી રીતે સુધરે ? જન્મ પર્યંત તે દુઃખતો વેઠવુંજ પડે. માટે ઉત્તમ પ્રાણીએ આવેશમાં આવી જઇને કોઇ પણ કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગાડી નાખવું નહીં અથવા વિપરિત કરી નાખવું નહીં.

પ્રજાપાળ રાજા મોટા મહોત્સવથી શ્રીપાળ કુમારને રાજ ભુવનમાં લઇ જાય છે એટલે વિચિત્ર વાતો કરનારી પ્રજા બધી એક રૂપ થઇ જાય છે. એક અવાજે મયણાની વાતનેજ ખરી કહેછે અને જૈનધર્મની પ્રશંસા કરે છે. પ્રથમ તેઓ શું શું બોલતા હતા તે આપણે વાંચી ગયા છીએ. લોકના બોલવા ઉપર કેટલો આધાર રાખવો તે અહીં જોવાનું છે. સુજ્ઞજનોએ પોતેજ દીર્ઘ વિચાર કરીને પગલું ભરવું. બાકી લોકોને તો ઘડીમાં ફરી જતાં વાર લાગતી નથી તેથી તેના બોલવાપર આધાર રાખવો નહીં.

અહીં આ કથાના પ્રથમ ભાગની સમાપ્તિ થાય છે. અહીં સુધીમાં અનેક પ્રકારના સાર દૃષ્ટિગોચર થયા છે. હવે આગળ ઉપરની કથા બહુ રસવાળી છે. તેનો સાર પણ ક્રમે ક્રમે આપવામાં આવશે.

# જીવન સંધ્યા.

**एगोहं नत्थिमे कोइ नाहमन्नस्स कस्सइ ।**
**एवं अदीण मनसो अप्पाण मणुसासई ॥**

**સંસ્તારક પોરિસિ.**

મધ્યરાત્રીના શાંત વખતમાં નિર્મળ ચાંદનીથી છવાયેલા પૂર્ણ ચંદ્રના પ્રકાશમાં સર્વત્ર અખંડ શિતળ મંદ સમીરની આનંદિત લહરીઓ એક સંસારમાં ખરડાયેલ વૈરાગ્યવાસી જીવનની શાંત વિચાર શ્રેણીપર મંદમંદ વાતી હતી. સંસારની અનેક પ્રકારની ઉપાધિથી થાકેલો આ જીવ શાંતિના વખતમાં આત્માવલોકન કરવા જાગૃત રહ્યો હતો. એ જીવની વૃત્તિ સંસારના સર્વ કાર્યો કરવામાં ઉદાસીનભાવે હતી. એ સર્વ કાર્ય કરતો હતો. એ વ્યાપાર કરતો, ઉઘરાણી કરતો, નામું માંડતો અને અનેક વ્યાવહારિક ફરજો બજાવતો; પરંતુ એનું અંતરંગ નિશ્ચળ હતું. કોઇ કાર્યમાં એની તાદાત્મ્યવૃત્તિ થતી નહિ. સર્વ કાર્યમાં એ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતને સાક્ષીભાવેજ રાખતો. જે સંજોગોમાં મૂકાયલો તેમાં સંતોષ માની પોતાનો વ્યવહાર ચલાવતો અને સંસાર બંધનથી છુટવા પ્રયાસ કર્યા કરતો હતો. રાગબંધન—મમત્વ—મોહ છુટવા બહુ મુસ્કેલ છે, તે બંધન કેવાં સખત છે તેનો આ મુમુક્ષુ જીવને અનુભવ થયેલો હતો. આખા દિવસના કાર્યપર નિરિક્ષણ કરી તેપર વિચાર કરવા આત્મજાગૃતિ કરનાર આ જીવ મધ્ય રાત્રીના શાંત પ્રસંગે આખી જગત ઉંઘતી હતી ત્યારે આખા દિવસના કાર્યપર વિચાર કરી રહ્યો. પોતાના વ્યવહારપર વિચાર કર્યો. જે જે ત્યાજ્ય વર્તન થયેલા તેને માટે પસ્તાવો થયો, ભવિષ્યમાં તે ભૂલોનું પુનરાવર્તન ન કરવા દૃઢ સંકલ્પ કર્યો, જંજાળ ઓછી કરવાની ધારણા થઇ; સ્ત્રી, પુત્ર, પિતા તરફની ફરજો સ્મરણમાં આવી અને છેવટે દેશ કોમ માટે વિચાર થયા અને તે સર્વની આખરે આત્મદૃષ્ટિ—સ્વ—તરફ ફરજનો ખ્યાલ આવ્યો. આત્મોન્નતિના દ્વાર સામે દૃષ્ટિ પડી અને આધ્યમાર્ગપર વિચાર થયો. એ સર્વ આત્માવલોકનમાં લગભગ ચાર કલાક પસાર થયા. બે વાગવાનો સમય થયો, આકાશ શાંત અને પૂર્ણચંદ્રથી પ્રકાશિત હતું. સૃષ્ટિ સ્વચ્છ ધોળી ચાદરથી છવાયેલી ચંદ્રજ્યોત્સ્નાથી વ્યાપ્ત હતી અને અખંડ શાંતિમાં અવારનવાર શ્વાનનો અવાજ, બુલબુલનું ગાન અને કુકડાનો અવાજ ભંગ કરતા હતા. તે વખતે નજીકના મુકામમાંથી રૂદન સ્વર સાંભળ્યો. આત્મજાગૃતિવાળો ધર્મધ્યાનપર ચડેલો રસીક વીર ચોંકયો, અને સાંભળ્યું તો જણાયું કે એક યુવાન નરરત્ન જે થોડા વખતથી મહામારીના વ્યાધિમાં સપડાયો હતો અને જે તેની પાડોશમાં રહેતો હતો તે પરમાત્મ નામોચ્ચારણ કરતો તે વખતે પંચત્વ પામ્યો છે અને તેના વિરહી વડીલો તે બનાવપર રૂદન કરે છે. ધર્મ સન્યાસવાન પરોપકારી વીર તે વખતે ઉઠયો અને રૂદન કરતા સ્નેહીવર્ગને શાંત કર્યા. પછી નીચે પ્રમાણે વિચાર બતાવ્યા જે બહુ અગત્યના હોવાથી અત્ર ઉતારી લેવામાં આવ્યા છે.

"હે ભાઇ! તમે ખેદ કોનો કરોછો? શેનો કરોછો? એનું પરિણામ શું થશે? એથી લાભ શું થશે? તમે આ શાંત મૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર માટે રડતા હો તો સર્વ રીતે ખોટું છે. જો એના દેહ માટે રડતા હો તો અસત્ય છે, કારણ કે એનો દેહ તો આ આપણી સન્મુખ પડયો છે, વળી એવો દેહ પ્રાપ્ત કરવામાં નવાઈ પણ નથી અને આત્મા વારંવાર એક શરીર છોડી બીજું શરીર ધારણ કરે છે એ તો સ્પષ્ટ રીતે સમજાઇ જાય તેવી વાત છે. એના આ દેહ કે પરદેહ માટે શોક કરવો-રૂદન કરવું એ તો સ્પષ્ટ અજ્ઞાન છે, જો તમે એના આત્મા માટે રૂદન કરતા હો તો તે પણ અજ્ઞાન છે કારણકે આત્મા મરતો નથી. એતો અમર છે, શાશ્વત છે, નિત્ય છે; એનો ક્ષય નથી, એને જન્મ નથી, મરણ નથી. ત્યારે તમે કોને રૂઓછો ? એના નામને રૂઓછો ? એ પણ અજ્ઞાન છે. શરીરના કોઇપણ અવયવમાં તમારા પુત્રનું નામ નથી. તમારા પુત્રનું દેવચંદ્ર નામ છે તે તેના હાથ નથી, પગ નથી, આંખો નથી, શરીર નથી, કાંઇ નથી. શરીરનો લય થશે તેથી નામનો લય થવાનો નથી. શુદ્ધ વર્તનવાળા શાંત જીવનનું નામ તો તેના મરણ પછી ઘણા વરસો સુધી મનુષ્ય હૃદયમાં રહે છે, હોઠથી ઉચ્ચારણ થાય છે અને ઇતિહાસના પાનાપર જળવાઇ રહે છે. નામને મરણ થતું નથી એ સ્વાનુભવ સિદ્ધ છે. ત્યારે તમે કોને રૂઓછો ? મારા સમજવા પ્રમાણે રૂદન કરતી વખત કોને રોઇયે છીએ એનો આપણને સંપૂર્ણ ખ્યાલ રહેતો નથી.

"છતાં કોઇ પણ સ્નેહીના મરણ વખતે રૂદન આવે છે એ તો પ્રસિદ્ધ વાત છે. જેને સંસાર વાસના દૃઢ હોય છે તે વધારે ગાઢસ્વરે રૂએછે. પણ ઘણાખરા પ્રાણીઓ થોડે વધારે અંશે દીલગીર થયા વગર રહેતા નથી. એનો હેતુ શું હશે એ સંબંધી એક વખત મારે એક જ્ઞાનીની સાથે વાત થઇ હતી. વાતચીતના પરિણામે મને એમ જણાયું કે રૂદન કરવામાં આવે છે તે મરનાર માટે કરવામાં આવતું નથી, પરંતુ તેમાં રહેલા સ્વાર્થ માટે કરવામાં આવે છે. પ્રથમ દ્રષ્ટિએ મને આ હકીકત તદ્દન ચોંકાવનારી લાગી. કારણ કે મારા અનેક વ્યવહારના પ્રસંગે મને ખાસ ખાત્રી હતી કે હું મારા સગા પુત્ર કે સ્ત્રીને માટેજ રોતો હતો. છતાં આવા મહા અનુભવી જ્ઞાનીએ વિચાર કરીને કહ્યું હશે એમ મને લા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયું. છતાં મારા મુખપર શંકાનો ભાવ પ્રત્યક્ષ જણાતાં તે જ્ઞાનીએ વધારે સ્પષ્ટ રીતે મને જણાવ્યું કે મારા વૃદ્ધ ઉંમરના વડીલ પિતા ચોરાશી વરસની વયે સમાધિસ્થ થયા તે વખતે મને બહુ રૂદન આવતું નહોતું અને મારા સ્નેહીઓ પણ મને દિલાસામાં એમજ કહેતા હતા કે એઓ ભાગ્યશાળી થઇ ગયા છે. વળી મારા યુવાન પુત્ર અને વડીલ બંધુના મરણ પ્રસંગે હું બહુ રડતો હતો તેનું કારણ બહુ પૃથક્કરણ કરતાં સમજાયું કે મારે તેઓથી અનેક સ્વાર્થ સાધવાના હતા. હે બંધુ! આવી રીતે વિચાર કરશો તો તમને જણાશે કે આપણે મરનારના આત્માને રોતા નથી, મરનારના શરીરને રોતા નથી, તેના નામને રોતા નથી પણ આપણા સ્વાર્થને રોઇએછીએ. રોવામાં પણ સ્વાર્થ છે એ હકીકત મારા સમજવામાં આવી ત્યારે મને બહુજ લાગી આવ્યું. આ જીવનનો ક્રમ સ્વાર્થથી ભરપૂર છે. આખી જીંદગીમાં સ્વાર્થના વ્યવહારનેજ પરમ સાધ્ય માનનારા ડાહ્યા ગણાતા જીવને રૂદન ભલે ઇષ્ટ હો, પરંતુ જીવનનો ઉચ્ચ હેતુ સમજનાર વિશિષ્ટ સુખ પ્રાપ્ત કરવાનું દૃષ્ટિબિંદુ રાખનારને એ રૂદન વ્યવહાર ત્યાજ્ય છે, અગ્રાહ્ય છે, હેય છે.

"હે બંધુ! મને વ્યવહારના અનેક દુઃખમય સપાટાઓ લાગ્યા છે. મારા ઘરમાં યુવાનવયે ઘણાં મરણ થયાં છે અને તેવે પ્રસંગે બહુ બહુ વિચાર કરતાં મને જણાયું છે કે મરણ એ મનુષ્યને જરૂરીઆતની વસ્તુ છે. વળી તમે ચોંકોછો, પણ હું વધારે જોરથી કહુંછું કે મરણ આવકારદાયક છે, જો દુનિયામાં મરણ ન હોત તો અત્ર સ્થિતિ અકારી થઇ પડત. આ જીંદગીમાં વધારે જીવનારને અનેક કષ્ટ પડે છે એટલુંજ નહિ પણ બસે પાંચસે વરસનું આયુષ્ય નિર્માણ કરે તો ચાલુ જમાનામાં એક માણસ જીવી શકે પણ નહિ. સુખી સમયમાં હજારો વરસનાં આયુષ્ય પૂરા થતા હતા, પણ આ જમાનામાં એ અનિષ્ટ થઇ પડે છે. મરણ સંબંધી ત્રણ હકીકત ધ્યાનમાં રાખવાની છે એમ મને જણાય છે.

"પ્રથમ હકીકત ધ્યાનમાં રાખવાની એ છે કે મરણથી ડરવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં. ઘણા માણસો મરણ આવશે તો શું થશે એ વિચારથી એ શબ્દોચ્ચારણ માત્રથી ડર્યા કરે છે અને જીવનના આગામી ઠામ સામે એક મહાન અંધકારમય પડદો જોઈ બહુ ગભરાઈ જાય છે એ ભૂલ છે. જીંદગીની ફીલોસોફી પર બરાબર વિચાર કરનારને એમાં જરા પણ ભય જેવું લાગતું નથી. તત્વજ્ઞાની મરણને કુદરતનો હક માને છે અથવા વ્યવહારક્રમના અનેક કર્મજન્ય પરિણામોમાંનું અનિવાર્ય પરિણામ સમજી કદી પણ તેનાથી ડરતા નથી. અને વાસ્તવીક રીતે ડરવાનું છે પણ શું? જે જીવન અત્ર પોતાનો વ્યવહાર શુદ્ધ રાખે, મન વચન કાયાની ત્રિપુટીને એક રસ્તેજ ચલાવે, વિચાર અને વર્તનમાં તેમજ ઉપદેશ અને ઉદ્દેશમાં તફાવત ન રાખે તેને અત્ર સ્થિતિ હોય ત્યાં સુધી આનંદજ છે. એને ગમે તે સંજોગોમાં સુખ છે અને એને પરભવ માટે જરા પણ ગ્લાનિ થતી નથી. એનો ભાવિતાત્મા પરભવમાં પણ સુખસ્થાન પ્રાપ્ત કરશે એવી એની દૃઢ પ્રતીતિ હોય છે અને મરણની બીક તો એના સ્વપ્નમાં પણ હોતી નથી. એ મરણના વિચારથી ડરતો નથી, કંપતો નથી, નિશ્વાસ મૂકતો નથી, રડતો નથી, આક્રંદ કરતો નથી, પછાડી ખાતો નથી, અને આર્ત રૌદ્ર ધ્યાન કરી નિર્નિમિત્ત આત્મ અવનતિ કરતો નથી. આ સ્થિતિ શુદ્ધ જીવનની હોય છે અને તેવું જીવન જીવવા માટેજ મનુષ્યદેહની પ્રાપ્તિ છે. અન્યથા અનંત ભવમાં આ પણ એક વધારે છે તો પછી કરોડોની સંખ્યામાં એક વધે એમાં ડરવાનું કે રડવાનું શું છે? ગમે તેવા પ્રકારનું વર્તન અત્ર હોય તોપણ મરણથી ડરવામાં લાભ નથી. ડરનારને તે છોડી દેતું નથી, તેના ભયમાં રહેવાથી આત્મસિદ્ધિ થતી નથી અને કોઇ પણ પ્રકારનો લાભ નથી.

"છતાં વિશિષ્ટ જીવન વહન કરવાની ઇચ્છાવાળો જીવ મરણ ઇચ્છતો નથી. એના સર્વ દ્રવ્યની હાનિ થતી હોય, એનો પંચ્ચીશ વરસનો એકનોએક જુવાન પુત્ર પોતાની વૃદ્ધ ઉમ્મરે નિર્વંશ કરી દુનિયા છોડી જતો હોય, એના શરીરે અસહ્ય વ્યાધિ આવ્યા હોય, એના સર્વ મિત્રો તજી ગયા હોય છતાં 'આ કં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતાં મરવું સારૂં" એવી કદિ ઇચ્છા થતી નથી. ગમે તે સ્થિતિ આ જીવને મળે છે તે પોતાના કર્મનું પરિણામ છે. એના ઉદય સામે બળવો ઉઠાવવો એ નવીન કર્મબંધનનું કારણ છે. એવી સ્થિતિ ડહાપણવાળા વિચારવંત જીવની હોય નહિ; એતો ચાલુ સ્થિતિમાં સંતોષ માને છે. એક શેઠ હરરોજ વ્યાખ્યાન સાંભળવા નિયમિત જતા હતા, સીત્તેરવરસની વૃદ્ધ વયે અઢારવરસનો એકનોએક પુત્ર એક કલાકના વ્યાધિમાં દેહમુક્ત થયો. શેઠથી તે દિવસ વ્યાખ્યાનમાં જઇ શકાણું નહિ. બીજે દિવસે ગુરૂમહારાજે ન આવવાનું કારણ પુછ્યું. શેઠે કહ્યું કે "એક પરોણો આવ્યો હતો તેને ગઇકાલે સવારે વળાવવા જવાનું હતું તેથી આવી શકાયું નહિ." આ પ્રમાણે પુત્રને પરોણો માનનાર ઘરને ધરમશાળા માની સાક્ષીભાવે સર્વ વ્યવહાર ચલાવે એને કર્મબંધ થતો નથી. એવીજ રીતે નરસીંહ મહેતાને માટે કહેવાય છે કે મોટી વયે પોતે એકલા થઇ પડયા અને સ્ત્રી ગુજરી ગઇ તે વખતે પોતે ગાવાની મંડળીમાં બેઠા હતા. સમાચાર સાંભળી બોલ્યા કે— "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ." એવી વૃદ્ધ વયે સંસારમાં સગા સ્નેહી વગરના એકલા થઇ પડનાર જીવ 'ભલું થયું" એમ બોલે એ અનુકરણ કરવા જેવું છે. એવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ બહુ મુશ્કેલ છે, પરંતુ એવા પ્રકારના મનના વિચારો કરવા એ બહુ જરૂરનું છે. શાંતિ રાખનારને અને ન રાખનારને એકજ માર્ગ છે. ગમે તેમ કરે તોપણ મરનાર પાછા આવતા નથી, એના વિયોગનું દુઃખ સહન કરવુંજ પડેછે છતાં સમતાથી સહન કરનાર બે પ્રકારે લાભ પ્રાપ્ત કરે છે. આવી રીતે મુમુક્ષુપ્રાણી મરણ ઇચ્છતો નથી એટલુંજ નહિ, મરણને લગતું દુઃખ સમતાથી સહન કરે છે. મરણને લગતા દુઃખ બે પ્રકારના છે. એક પોતાના મરણનું દુઃખ અને બીજું સગા સ્નેહીના મરણનું દુઃખ; આ બન્ને પ્રકારના દુઃખો સહન કરવાને પ્રત્યેક પ્રાણી બંધાયેલ છે એટલુંજ નહિ પણ એવે પ્રસંગે પોતે તેમાંથી નાસી છુટવાને પણ હકદાર નથી. પૂર્વ કર્માનુસાર જે દુઃખ આવી પડે તે સહન કરવાને આ જીવ બંધાયેલો છે. એવે પ્રસંગે કર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંત સમજનાર પૂર્વબદ્ધ કર્મના ઉદયના સિદ્ધાંતથી સર્વ હકીકત સમજી સંતોષ માને છે, બીજાઓ 'પ્રભુની ઇચ્છા, એ મહાન્ વિશ્વનિયંતાની આજ્ઞા સહન કરવાની ફરજ, એની સામા થવામાં મનુષ્યની અજ્ઞતા' વિગેરે શાંતિના વિચારો કરી પડેલ વિપત્તિ સહન કરે છે. અત્ર મારા કહેવાની મતલબ એ છે કે તમે ગમે તે દૃષ્ટિ રાખો પરંતુ વિપત્તિ સહન કરો અને તે પણ સંપૂર્ણ સમતા રાખીને સહન કરો.

"આપને મેં કહ્યું કે મરણથી ડરવું નહિ એટલા ઉપરથી એમ સમજવાનું નથી કે તેને માટે તદ્દન બેદરકાર રહેવું. મરણ એ અનિવાર્ય બનાવ છે અને તે દરેક મનુષ્યના સંબંધમાં વહેલા મોડા બનેજ છે. માટે દરેક પ્રાણીએ મરણ માટે તૈયાર રહેવું. મરણ ક્યારે આવશે તે આપણે જાણતા નથી. ગમે તે વખતે, ગમે તે સ્થળે, ગમે તેવી સ્થિતિમાં એ જરૂર આવવાનું છે અને તે વખતે આ જીવની કેવી સ્થિતિ હશે તે કહી શકાય નહિ. ઘણી વખત બેભાન અવસ્થામાં જીવનનો અંત થાય છે તેથી મરણ માટે તૈયારી કરવી જોઇએ. પરગામ જવા માટે જેમ ભાતું બાંધી કપડાની ટૂંક તૈયાર કરી રાખીએ છીએ તેમ આ મહા પંથ માટે મહાન તૈયારીઓ કરી રાખવી યુક્ત છે. ગમે તે પ્રસંગે મરણ આવે તો તેને ખુશીથી ભેટી શકાય એવી સ્થિતિમાં પોતાની જાતને મૂકી રાખવી જોઇએ. એ વખતે પુત્રના લગ્ન કે ઘરની ભલામણ કરવાની વૃત્તિ ન રહે; પરંતુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સિદ્ધચક્રનું હૃદયકમળમાં સ્થાપન કરી બાહ્યકાર્યનો ત્યાગ કરી અનશનાદિ વૃતો ગૃહણ કરી ખુશીથી સર્વ જીવ સાથે મિથ્યા દુષ્કૃત દેતાં દેતાં "અબ હમ ચલતે હૈ ઓર સબકી પાસ ક્ષમા મંગતે હૈ" એવાં વચનો બોલતાં જીવનમુક્ત દશામાં પ્રવેશ કરી દેહોત્સર્ગ થાય એને માટે પ્રથમથી પ્રયાસ કરવો જોઇએ. સંસાર બંધન અલ્પ કરવાં, સ્ત્રી, પુત્ર, ધનપર ઓછો મમત્વ રાખવો, આશામય જીવન ન રાખવું, ચાલુ સ્થિતિમાં સંતોષ રાખવો અને છેવટે બહુજ અગત્યની બાબત દેહપર મમત્વ ન રાખવે. એ એનું પરમ સાધન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"મરણુ સંબંધી આ ત્રણ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે. આપને આ સંબંધમાં હવે વધારે શું કહેવું? દુષ્ટ મરકીના વ્યાધિમાં અનેક કુટુંબોનો નાશ થઇ ગયો છે, દશ વીશ માણસને પાળનારા ઉપડી ગયા છે, અને અનેક વિધવાઓ રડતી થઇ છે એ આપ જાણોછો. **दुःखे दुःखाधिकं पश्य** એટલે દુઃખના વખતમાં આપણાથી વધારે દુઃખીને જોવા એ નિયમ છે. દુઃખના વખતમાં ગભરાવું નહિ, દુઃખ કર્મજન્ય છે, એ સહન કરવામાં ધીરજની પરાકાષ્ટા છે. કેટલાક મુમુક્ષુઓ દુઃખની માગણી કરે છે, કારણ કે દુઃખના વખતમાં પ્રભુભક્તિ એક ચિત્તથી થાય છે. ભોળી દુનિયા 'સુખે સોની ને દુઃખે રામ' નો વ્યવહાર સમજ્યા છતાં પણ ચલાવે છે અને તેથીજ **विपदः सन्तु नः शश्वत्** (અમને દરરોજ વિપત્તિ હો) એ પ્રમાણે પ્રાર્થના કરનાર જીવો પણ અત્ર વર્તે છે. મરકી આર્યદેશમાં અનેક ફેરફાર કરે છે. સગાનો સ્નેહ કેટલો સ્વાર્થી છે એ એક તરફથી બતાવે છે ત્યારે બીજી તરફથી મનુષ્યદેહ કેવો ક્ષણભંગુર છે એ ભાર દઇને જણાવે છે. એનાથી બહુ પ્રકારનો ઉપદેશ લેવો ઘટે છે. આપના સુપુત્રના મરણથી આપને લાગતુ હશે એમાં વ્યવહારપક્ષે મને નવાઇ લાગતી નથી, પરંતુ આપ વિચાર કરશો તો જણાશે કે વ્યાધિગ્રસ્ત થતા જીવોમાં પણ જેઓ ભાગ્યશાળી હોય છે તેઓ મરણથી ડરતા નથી. સાધ્યબિંદુ દૃષ્ટિમાં રાખી પરમાત્મ તત્ત્વચિંતવન કરતાં કર્મના હુકમનામાને તાબે થાય છે. આખા આર્યાવર્તના જીવન સંબંધમાં અનેક પ્રકારનો ફેરફાર કરનાર આ મહામારીમાં ઉપદ્રવનો પ્રતિકાર કરવા આપે બન્યો તેટલો પ્રયાસ કર્યો છતાં આપ જાણોછો કે નિમિત્ત કારણ ગમે તેટલા બળવાન હોય પણ જ્યાં સુધી ઉપાદાન કારણ (આત્મા) બળવાન નથી હોતું ત્યાં સુધી સર્વ નિર્હેતુક, અસંબદ્ધ અને બીનઉપયોગી બને છે.

"શેઠ! એટલામાટે એક વિદ્વાન કહી ગયા છે કે "દુઃખ સહન કરવું એ પણ એક લ્હાણું છે." સહન કરવામાં પણ વિચાર કરશો તો એક જાતનો આનંદ આવશે. માટે આપ સમજો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરણમાં દુઃખ છેજ નહિ. આ જીવ એકલોજ છે, એકલોજ આવ્યો છે, અને એકલોજ જવાનો છે, એનું કોઇ નથી, એ કોઇનો નથી. આ સર્વ વિચાર તમારે કરવાના છે અને સર્વ જીવો એ વિચાર મરણ પ્રસંગે કરે છે, પરંતુ દીનપણે કરે છે, એ બોલતાં બોલતાં રાંકડો થઇ જાયછે, બિચારો, બાપડો બની જાય છે. શાસ્ત્રકાર કહે છે કે એ વિચાર અદીન મનથી, હિંમતથી, બહાદુરીથી કરવો જોઇએ. સિંહને જંગલમાં એકલા ફરતા દીનતા લાગતી નથી, ચક્રવર્ત્તીને બીજા ચક્રવર્ત્તીની અપેક્ષા રહેતી નથી, સૂર્યને બીજા સૂર્યની દરકાર નથી. તમને પુત્ર મરણથી લાગતું હશે, હું કહું છું કે તમને લાગે તેમાં અડચડ નથી. પણ તમારે શોક સાથે આત્મા જોડી ન દેવો. એનો અને તમારો સંબંધ વિચારો, સમજો, પછી યોગ્ય લાગે તો રડજો. તમારે તમારૂં મન કઠોર બનાવવું નહિ. કેટલાક અણસમજુ અધ્યાત્મીઓ જ્ઞાનીનો ડોળ ઘાલી આવે પ્રસંગે કઠોર બની જાય છે એ ત્યાજ્ય છે. અંતઃકરણને કોમળ બનાવવાની જરૂર છે. એથી યોગ્ય અધિકાર પ્રમાણે વર્તન કરી તમારૂં ઇષ્ટસાધન કરવામાં તત્પર રહેવા પ્રેરણા થશે. એ પુત્ર ગયો છે મારે પણ જવું છે, અને તમારે પણ જવું છે. અત્રે કોઇ બેસી રહેવાનું નથી. પાંચ દશ વરસ વેહેલા મોડા ચાલવાનુંજ છે. આ ઘર ધરમશાળા જેવું છે અને કુટુંબ મેળા જેવું છે. એમાં જે રાચે માચે છે તે પસ્તાય છે. પોતાની ફરજ પૂરતું કાર્ય કરી સંસારથી અળગો રહી વ્યવહારનું કાર્ય કરનારા શુદ્ધ જીવનવાળા જીવો આ સંસારયાત્રા સફળ કરે છે. શોક નકામો છે. આપ સમજુ છો તેથી વિશેષ કહેતો નથી. વ્યવહારના મૂઢ માર્ગને આપ અવકાશ આપશો નહિ. આત્મજાગ્રતિ રાખી શુદ્ધ તત્વવિચારણા કરશો તો આ ભવ પરભવનું શ્રેય થશે. અત્યારે અન્યના મરણ પ્રસંગે કેવી રીતે ધીરજ રાખવી અને મરણ માટે કેવી તૈયારી કરવી એ આપને કહ્યું છે તે પર વિચાર કરી હવે પછી આપ શોકને અવકાશ આપશો નહિ."

મૌક્તિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## धर्मसंग्रह प्रथम भाग.

આ ગ્રંથ શ્રી માનવિજયજી ઉપાધ્યાયનો રચેલો સ્વોપજ્ઞ વૃત્તિ વાળો છે. તેને શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે શોધી આપેલો છે. સુમારે ૩૦૦ વર્ષ ઉપર રચેલો છે પરંતુ તેની અંદર અનેક શાસ્ત્રોમાંથી સાર સાર દોહન કરીને તેનો સંગ્રહ કરેલો છે. કર્ત્તા પુરૂષનો અનહદ પ્રયાસ છે. સુમારે ચૌદ હજાર શ્લોક પ્રમાણ આખો ગ્રંથ છે. તેમાં ચાર અધિકાર છે. તે પૈકી દોઢ અધિકાર જેટલું આ ભાગમાં આપવામાં આવેલું છે પરંતુ ગ્રંથનું પ્રમાણ જોતાં ½ ભાગ આવેલો જણાય છે. દરેક પૃષ્ટના ઉપરના અર્ધ ભાગમાં મૂળ અને નીચેના અર્ધ ભાગમાં ભાષાંતર આપવામાં આવ્યું છે. આ ગ્રંથનું ભાષાંતર કરાવીને પ્રગટ કરવાનું કાર્ય શ્રી પાલીતાણામાં સ્થપાયેલ જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગે કરેલું છે. ઉદારદિલના ગૃહસ્થ શેઠ વસનજી ત્રીકમજી તરફથી સારી રકમ એ ગ્રંથ પ્રગટ કરવા માટે મળેલી હોવાથી બુકની કિંમત બુકના પ્રમાણમાં બહુ ઓછી રાખવામાં આવી છે. બાઇડીંગનું કામ પણ સારૂં કરાવેલું છે પરંતુ ખેદનો વિષય એટલો છે કામ કેવું થયું છે તેના તરફ દુર્લક્ષ રાખેલું જણાય છે. મૂળ ગ્રંથમાં ઘણી અશુદ્ધતા રહી ગઇ છે. પદચ્છેદ તો તદન ખોટાજ કરેલા છે. માગધી ભાગની શુદ્ધતા તો થયેલીજ નથી. મૂળમાં જ્યારે આમ છે ત્યારે પછી ભાષાંતરમાં તો કહેવુંજ શું? તેતો કોઇ મૂળની સાથે મુકાબલો કરીને તપાસે ત્યારે ખબર પડે. અર્થમાં કેટલાક શબ્દ તેના તે મૂક્યા છે. માગધી ગદ્ય કે પદ્યના અર્થમાંતો તદન ગોટાળોજ વાળેલો છે. કેટલાક ભાગના અર્થ તદન કર્યાજ નથી આ બધું માગધી ભાષાના અજ્ઞાનપણાનું પરિણામ છે. તેમજ સંસ્કૃતમાં પણ વિષયની ગહનતા હોવાથી ગુરૂગમને વિરહે યથામતિ અર્થ કરવામાં આવ્યા છે.

જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગે કામતો બહુ શ્રેષ્ઠ ઉપાડયું છે, ઘણા ઉપયોગી ગ્રંથો હાથમાં લીધા છે, પરંતુ માત્ર ભાષાંતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારા બ્રાહ્મણ શાસ્ત્રી અથવા સ્વાર્થી જૈનની ઉપર આધાર રાખવાથી કરેલો ખર્ચ પૂરતો સફળ થતો નથી. વળી વધારે ખેદનું કારણ એ છે કે આવા ગ્રંથો એક વાર પ્રગટ થયા પછી ફરીને શુદ્ધતા પૂર્વક પ્રગટ કરવા માટે હાથમાં પણ કોણ લે ? વારંવાર મદદ આપનારા ગૃહસ્થ પણ કયાંથી મળે ? માટે અમારી તરફથી એ વર્ગના આગેવાનોને ખાસ ભલામણ કરવામાં આવે છે કે ગમે તેની પાસે ભાષાંતર કરાવો, પણ પ્રથમ બે ચાર પ્રતો મેળવી મૂળ શુદ્ધ કરાવો અને થયેલું ભાષાંતર સુજ્ઞમુનિ મહારાજને અથવા બીજા ગૃહસ્થ વિદ્વાનને બતાવો, પૂરતી ખાત્રી કરો, અક્ષરશઃ ભાષાંતર તપાસાવો, પછી છપાવો. બહુ ઉતાવળ કરવા કરતાં ભલે કદી ઢીલ થાય પણ કામ સંગીન કરો, જેથી કરેલો પ્રયાસ ને ખર્ચ સફળ થાય.

આ ગ્રંથની પહોંચ બીજા માસિક વિગેરેમાં પણ અપાયેલી દૃષ્ટિમાં આવેલ છે, પરંતુ તેમણે ગ્રંથની શોભા માત્રજ જોયેલ જણાય છે. કેમકે જો મૂળ કે ભાષાંતર તપાસ્યા બાદ પહોંચ આપી હોત તો જે સ્વરૂપ અમારા જોવામાં આવ્યું તેજ તેમના જોવામાં પણ આવી શકત. માટે એવી પહોંચ આપનારાઓ પ્રત્યે પણ અમારી વિનંતિ છે કે કોઇ પણ ગ્રંથના વખાણ કરો તો તપાસ કરીને પછી કરો કે જેથી કોઇ માણસ ભૂલાવો ન ખાય.

આ ગ્રંથ અપૂર્વ છે, પ્રસિદ્ધ કરવા લાયક છે, પરમ હિતકારક છે, એમાં કોઇ પ્રકારનો વાંધો નથી; માત્ર તપાસની ખામીછે તો હવે બીજા ભાગમાં તો તેવી ખામી નહીંજ રહે એવી આશા છે.

આ પ્રથમ ભાગમાં કેવા ખોટા પદચ્છેદ કર્યા છે અને કેવા ખોટા અર્થ કર્યા છે તે જાણવા માટે એક બે દાખલા આ નીચે આપ્યા છે, જે વાંચવાથી પ્રગટકર્ત્તાની પોતાના કામ પરત્વે કામ કેવું થયું છે તેની ખાત્રી થશે.

પૃષ્ટ ૧૩૫ પંક્તિ ૩–૪–૫

"अंतो मुहुत्तु य समओ छावलि सासाण वेअगो समओ।
साहि अविस्ति सायर खइओयदुगुणो खओ वसमो दुगुणोत्ति"॥

For Private And Personal Use Only

આ ગાથા નીચે પ્રમાણે જોઇએ.

अंतो मुहुत्तुवसमो, छावली सासाण वेअगो समओ ।
साहिअ तित्ति सायर, खइओ दुगुणो खओवसमो ॥

ગ્રંથમાં છાપેલો અર્થ.

"અંતર્મુહૂર્તનો સમય અને છ આવલિકા તે સાસ્વાદન તથા વેદક સમ્યકત્વનો સમય સાગરોપમે બમણો ક્ષાયિકનો અને તેથી બેગણો ક્ષયોપશમનો સમય છે."

ખરો અર્થ.

પાંચ પ્રકારના સમ્યકત્વની સ્થિતિનું કાળમાન કહે છે. "ઉપશમનો અંતર્મુહૂર્ત્ત, સાસ્વાદનનો છ આવળી, વેદકનો એક સમય, ક્ષાયિકનો કાંઇક અધિક તેત્રીશ સાગરોપમ અને તેથી બમણો ક્ષયોપશમ સમકિતનો કાળમાન જાણવો."

આ પ્રમાણે બીજે પણ ઘણે ઠેકાણે છે એટલુંજ નહીં પણ સર્વત્ર કહીએ તોપણ ચાલી શકે તેમ છે. આ ગાથાની પછી મૂળમાં લખ્યું છે કે–पूर्वस्मात् द्विगुणः स्थितिकाळः षट्षष्टिः सागरोपमानि समाधिकानि क्षायोपशिकस्य स्थितिरित्यर्थः । આમાં क्षायोपशमिकस्य નું क्षायोपशिकस्य લખ્યું છે.

આનો અર્થ નીચે લખ્યો છે કે–" અર્થાત્ પૂર્વથી બેગણો સ્થિતિકાળ એટલે ક્ષાયોપશમિકની સ્થિતિ અધિક એવી સણુસઠ સાગરોપમની છે."

આ અર્થમાં છાસઠને બદલે સણુસઠ લખેલ છે તે ભૂલ કરી છે અને કેનાથી બમણો તે સ્પષ્ટ કરવું જોઇએ છતાં કર્યું નથી.

આ લખાણની પછી મૂળમાં બે ગાથાઓ છે તેનો અર્થ નીચે બીલકુલ લખ્યોજ નથી અને લખ્યું છે કે "दोवारे ઇત્યાદિ ગાથાનો અર્થ ઉપર પ્રમાણે છે." પરંતુ ઉપરતો આ ગાથાઓમાં બતાવેલા ભાવાર્થની ગંધ પણ નથી.

આ પ્રમાણે આખી બુકમાંથી લખીએ તો પાર પણ આવે તેમ નથી. મૂળમાં ને અર્થમાં કેટલાક આંકડા તદન નકામા અને ખોટા લખ્યા છે કે જે ઉલટા વાંચનારને મુંઝવણમાં નાખે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ છે. આ વિષે વધારે ભૂલો જાણવા માગશે તો બતાવવા તૈયાર છીએ. આટલું લખવાનું કારણ માત્ર એટલુંજ છે કે ગ્રંથ અપૂર્વ છતાં ભૂલ ભરેલો છાપીને લાભને બદલે ઉલટું નુકશાન કર્યું છે તેથી અમને ખેદ થાય છે. વધારે લખવાની જરૂર નથી. આગળ આના હજુ બીજા ત્રણ ભાગ છપાવાના છે તે જો શુદ્ધ મૂળને અર્થવાળો છપાશે તો આ ભાગની તો બીજી આવૃત્તિ પણ થઇ શકશે; તેથી હવે ભૂલભરેલું ન છપાય તેને માટે આટલી ચેતવણી આપવાની જરૂર જણાઇ છે. ઇત્યલં વિસ્તરેણ.

---

# જૈનધર્મની દશ મહાશિક્ષા.

દશરાને દિવસે સાંજે વાળુ કર્યા પછી નેપીઅનશીરોડ ઉપરના પોતાના બંગલાની ગેલેરીમાં કુદરતી રચના જોતો અને તે વિષે મનન કરતો એક અઢારવયનો પુરૂષ આરામ ખુરશી ઉપર બેઠો હતો. આકાશમાં શરદ્‌નો ચંદ્ર ઉદય પામી અક્ટોબર મહીનાની ગરમીથી અકળાયેલા લોકોને શાંત કરવા પ્રયત્ન કરતો હતો. ઉછળતા તરંગોથી પવનની સાથે સીકરને ફેંકતો મહાસાગર માનવ હૃદયમાં શીતલતા દાખલ કરતો હતો અને બગીચાની અંદરના નાના પ્રકારના પુષ્પોની ગંધથી સુવાસિત થયેલો પવન મનુષ્યના અંતઃપ્રદેશમાં પ્રવેશ કરી તેના આત્માને સુવાસિત થવા પ્રેરતો હતો. મહાસાગરનો ઘુઘવાટ, પવનના સુસવાટાથી વૃક્ષોના પાનાંનો ખડખડાટ અને રસ્તા ઉપર કવચિત્ નીકળતી ઘોડાગાડીનો ગડગડાટ એ શિવાય બીજા કોઇ પ્રકારનો કલબલાટ એ તરફ ન હોવાથી પ્રવૃત્તિમય ગણાતી મોહમયી નગરીના અમુક પ્રદેશમાં શાંતિ પણ છે એવો દૃઢ નિશ્ચય તે તરફ વસનાર અને જનાર આવનારના મનમાં થતો હતો. કુદરતની આ સર્વ રચનાઓ, અને તેના રાત્રિ દિવસ સંબંધે, ઋતુ સંબંધે તથા સમય પ્રત્વે થતાં પરિવર્ત્તન ભાવનું મનન કરતાં તેને પોતાની સ્થિતિના ફેરફાર નજર આગળ તરી આવ્યા. પૂર્વની સ્થિતિનો હાલની સ્થિતિ સાથે મુકાબલો થવા લાગ્યો, અને મનમાં વિચારની શ્રે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણિઓ ચાલી. એવામાં એક બાળક અને બાળકી પોતાના વચ્ચે કાંઇ મતભેદ પડવાથી નિર્દોષ તકરાર કરતાં ત્યાં આવ્યા અને તેણે વિચારમાં ભંગ પાડ્યો.

સારાભાઇનું મૂળવતન રાજનગર હતું. તેઓ ત્યાંના નગરશેઠના કુટુંબી હતા. તેમના પિતા જગાભાઈ સુપ્રસિદ્ધ શેઠ શાંતિચંદ્રથી પાંચમી છઠ્ઠી પેઢીએજ હતા. શ્રીમંતાઇ, ખાનદાની અને ધર્મદૃઢતા તેઓના ઘરમાં કુળપરંપરાથી ચાલી આવતી હતી, પરંતુ સને ૧૮૬૪ ના શેર સટ્ટાની તવારીખમાં જગાભાઇ શેઠ પણ એ કુછંદમાં પડવાથી પાયમાલીમાં આવી ગયા અને પોતાની સઘળી પુંજી ગુમાવી બેઠા. ઉચ્ચ કુળના માણસો જ્યારે મંદસ્થિતિમાં આવી પડે છે ત્યારે તેમને બેવડી મુશ્કેલીઓ ભોગવવી પડે છે. મ્હોટાઇ છોડાતી નથી, તેને લગતા ખર્ચ ઘટાડી શકાતા નથી અને લાજ મુકી ગમે તે વ્યાપાર અથવા નોકરી થઇ શકતી નથી. જગાભાઇની પણ આવી સ્થિતિ થઈ પડી હતી. હવે તેઓએ ઘરમાં જે કાંઈ હતું તે વટાવી ગુજરાનના અને મ્હોટાઇના ફાંફાં મારવા માંડ્યાં. સારાભાઈની ઉંમર આ વખતે સાત આઠ વર્ષની હતી અને શેઠ જગાભાઇને સંતતિમાં તેઓ એકજ હતા.

એ સમયે ઇંગ્રેજી કેળવણીની આ દેશમાં શરૂઆત હતી; તેમાં પણ જૈન કોમનું વ્યાપાર તરફ વિશેષ વલણ હોવાથી તે કોમની કેળવણી તરફ નજર ગઇજ નહોતી. ગૃહસ્થના છોકરાને ભણવાની જરૂરજ નહીં એવો તે વખતના લોકોનો વિચાર હતો. પરંતુ જગાભાઇની દ્રવ્યસ્થિતિ અંદરખાનેથી ખરાબ થઇ ગયેલી હોવાને લીધે તેનું લક્ષ સારાભાઇને કેળવણી આપવા તરફ ગયું. સારાભાઇ ચાલાક, બુદ્ધિશાળી અને અભ્યાસ ઉપર રૂચિવાળો હોવાથી તેનો અભ્યાસ આગળ વધ્યો અને સત્તર વર્ષની ઉંમરે તેણે મેટ્રીકની પરીક્ષા પસાર કરી. તે પછી મુંબઇ રહી તેણે કોલેજનો અભ્યાસ શરૂ કર્યો.

અભ્યાસના દરમ્યાનમાં તેણે કોલેજમાં વિદ્યાર્થીઓને રહવાની જગ્યામાંજ રહેવાનું રાખ્યું હતું. અભ્યાસ આગળ વધતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો, રહેવાનું સાધન પણ અનુકૂળ હતું, પરંતુ કેળવણીનો અને તેને લગતો મ્હોટો ખર્ચ સારાભાઈને મુંઝવતો હતો અને કેટલીએક વખત તેના હૃદયમાં બહુજ પરિતાપ થતો. જગાભાઈએ ઘરમાંની સાર સાર વસ્તુ વટાવ્યા પછી કરજ કરીને ગૃહવ્યવહાર ચલાવવો શરૂ કર્યો હતો. ફક્ત તેઓના વડિલોની એક જાગીર હતી તેની ઉપજમાંથી પોતાને હિસ્સે વાર્ષિક ત્રણશેં રૂપિયા આવતા હતા તે શિવાય બીજી કાંઇપણ પેદાશ હતી નહીં અને ખર્ચ તેથી ત્રણગણો હતો. કરજ વધ્યા કરતું હતું, ખર્ચમાં ઘણી કરકસર કરતાં પણ ઓછું થતું નહોતું અને આવકનો બીજો કાંઇ પણ રસ્તો સુઝતો નહોતો. આ સર્વ હકીકત સારાભાઇના સમજવામાં આવી ગઇ હતી. પુત્રને ફીકર થશે એમ ધારી પિતા તે હકીકત ખરેખરા સ્વરૂપમાં તેને જણાવતા નહોતા, પણ બુદ્ધિશાળી સારાભાઇએ જુદી જુદી રીતે પ્રશ્ન કરી સર્વ બીના જાણી લીધી હતી.

પરીક્ષાના પ્રસંગે મુંબાઇમાં તેને એક ભાટીયા ગૃહસ્થના છોકરાની સાથે ઓળખાણ થઇ હતી અને કોઇ પૂર્વના સંયોગે તે ઓળખાણ મિત્રતાના રૂપમાં આવી. કોલેજમાં તેઓ બંને સાથેજ રહેતા હતા તે અરસામાં તેઓની મિત્રતા અપરાન્હકાળની છાયાની જેમ થોડા વખતમાં વૃદ્ધિ પામી; અને એક બીજાનું સુખ દુઃખ કહેવું સાંભળવું તથા ખાવું-ખવરાવવું અને લેવું-દેવું એ મિત્રતાનાં લક્ષણો પૂર્ણ ભાવમાં પ્રગટ્યાં. એક દિવસ સારાભાઇ ઉપર પિતાજીનો પત્ર આવ્યો તે વાંચી સારાભાઇ ઉદાસીન થઇ ગયો. પેલા મિત્રે કાગળની હકીકત જાણવા ઇચ્છા જણાવી પણ સારાભાઇ બોલી શકયો નહીં અને તેની આંખમાં ઝળઝળીઆં આવ્યાં. બહુ આગ્રહ થતાં તેણે પોતાની ખરી સ્થિતિ જે આજ સુધી પોતાના મિત્રને જણાવી ન હતી તે જણાવી, એક લ્હેણદારે પોતાના લ્હેણા માટે સખ્ત તાકીદ કરી હતી પરંતુ જગાભાઇ પાસે હાલ કાંઇ દેવાનો જોગ ન હતો. વાત ખુલ્લી થાય તો આબરૂને ધક્કો પહોંચે તેથી તેનું મનમનાવ્યા વિના છુટકો નહોતો, તેથી છેવટે પોતાનું રહેવાનું મકાન ગીરવી લખી આપવાનું નક્કી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી તેનું મન મનાવ્યું. પરંતુ કાયદાના જાણકાર તે લ્હેણદારે તેમાં સારાભાઇનું પણ મતું કરાવી આપવા માગણી કરી. પિતાએ લાચારીએ એ હકીકત જણાવી હતી અને પ્રાંતે સૂચના કરી હતી કે હવેતો કાંઇ આવકનો રસ્તો શોધ્યા વિના ચાલે તેવું નથી.

તે મિત્ર જેનું નામ લક્ષ્મીદાસ હતું તેણે કહ્યું—ભાઇ! પિતા કરજ કરે તેમાં છોકરાને શું? પિતાને એવું કરજ કરવાનો હક શું છે કે તે પાછળ તેના છોકરાંને વેઠવું પડે? તારા પિતા ગમે તેટલું કરજ કરે પણ કાયદા પૂર્વક તે તને બંધનકારક નથી.

મિત્ર! તારો એ વિચાર ખોટો છે. પિતાની સંપત્તિનો વારસ જો છોકરો થતો હોય તો તેણે પિતાનું ઋણ પણ આપવું જોઇએ. પાશ્ચાત્યવિદ્યા અને વર્તનની અસરથી આપણા ઇંગ્રેજી વિદ્યા ભણેલા યુવકોમાં આવા કેટલાએક અસત્ વિચારો દાખલ થતા જાય છે એ ખેદકારક છે. એવા વિચારોથી આપણામાં કેવળ સ્વાર્થવૃત્તિ વધે છે, ઐહિક સુખની ઇચ્છાઓ પ્રબળ થાય છે અને આર્યજીવનનો જે હેતુ છે તે નષ્ટ થાય છે. મારા પિતાને હાલ જે કરજ કરવું પડે છે તે ફક્ત અમારા કુટુંબના પોષણ માટેજ છે તેમાં કાંઇ તેનો દોષ પણ નથી. તેઓ વૃદ્ધ થયા છે, કમાવાને અશક્ત છે અને આવા વખતમાં મારે કાંઇ ધંધો કે નોકરી કરીને તેઓની આ ફીકર ઓછી કરવી જોઇએ તેને બદલે હું પણ ખર્ચને માટે તેમની પાસેથી માગણી કરૂં છું. કાયદો ગમે તેમ હોય પણ મને તો તે વિચાર સમીચીન લાગતો નથી. લ્હેણદાર મારી સંમતિ માગે છે તે હું મારી સહી કરીને આપીશ, મને તે વિષે લેશ માત્ર ચિંતા નથી. પરંતુ આમ કરજ વધ્યા કરે છે, કુટુંબમાં ખર્ચ માટે મુશ્કેલી ભોગવવી પડે છે, તેથી હવે મારો વિચાર અભ્યાસ છોડી કાંઇ પણ ઉદ્યમ કરવાનો થાય છે. ચિંતા તે વિષયે છે અને દિલગીરી કરજને લીધે થતા ખેદથી પિતાના ચિત્તમાં વધતી અશાંતિને માટે થાય છે.

સારાભાઇએ તે દસ્તાવેજ મંગાવી તેમાં પોતાની સંમતિની સહી કરી આપી પણ ત્યારપછી નિરંતર તેનું મન ચિંતાતુર રહ્યા કરતું. લક્ષ્મીદાસને પણ મિત્રના દુઃખથી ઘણીવાર લાગી આવતું અને પોતે તેનું કઇ રીતે હિત કરી શકે તે વિચારતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વખત તે નાનો હતો ત્યારે પોતાના પિતાની સાથે કેટલીએક વાર દર્શનાર્થે જતો તે સમયમાં એક પ્રસંગે એક મહાત્મા પાસેથી સાંભળેલી નીચેની લીંટીઓ યાદ રહી ગયેલી તે આ પ્રસંગે તેને સાંભરી આવી—

**જે ન મિત્ર દુઃખ હોવે દુઃખારી, તેને વિલોકત પાતક ભારી;**
**નિજ દુઃખ ગિરિ સમ રજ કરી જાણ્યા, મિત્રકે દુઃખ રજ મેરૂ સમાના.**

**તુલસીદાસે** કહેલો આ ભાવ સાંભરી આવતાં તેને સારાભાઈની ચિંતા સાંભરી આવી, પોતે તેનું દુઃખ ટાળી શકે નહીં ત્યાં સુધી પોતે મિત્રધર્મથી હીન છે તેમ લાગ્યું અને તે વિષે પોતાથી બને તેટલું કરવા ઉત્સુક થયો. તેના પિતા ગુજરી ગયા હતા પણ તેઓ લક્ષ્મીદાસને માટે થોડી મિલ્કત મુકી ગયા હતા. તેણે સારાભાઈને કહ્યું કે જો તારો વિચાર કાંઈ વ્યાપાર કરવાનો થતો હોય તો મારી પાસેની મુડી હું તને સોંપું. બન્ને મિત્રે ઘણા દિવસ સુધી તત્સંબંધે વિચાર કર્યો અને છેવટે કોલેજની પ્રથમ પરીક્ષા આપ્યા પછી તેઓએ બંનેના ભાગમાં કાપડનો વ્યાપાર શરૂ કર્યો. લક્ષ્મીદાસમાં સાહસિકતા નહોતી પણ તેની પાસે મુડી હતી. સારાભાઈ પાસે મુડી નહોતી પણ તે સાહસિક અને વ્યાપારમાં હિંમતી હતો. આમ પરસ્પરની મદદથી અને એકદિલથી તેઓનો વ્યાપાર સારી રીતે ચાલ્યો. વિલાયતી કાપડનો તે અરસામાં આ દેશમાં પ્રચાર વધવા માંડયો હતો. સારાભાઈનું લક્ષ્ય તેના ઉપર ગયું અને તેણે પોતાની ચાલાકી, સતત્ ઉદ્યોગ કરવાની ટેવ, પ્રમાણિકતા તથા ઇંગ્રેજ વ્યાપારીઓ સાથેની ભલમનસાઈને લીધે વ્યાપારનું કામ થોડા વખતમાં સારા પાયા ઉપર આણ્યું. 'સારાભાઈ એન્ડ લક્ષ્મીદાસની કું.' એક બાહોશ વ્યાપારી તરીકે પ્રસિદ્ધિ પામી. આઠ દશ વર્ષમાં તો તે પેઢીએ પોતાની આંટ મુંબઇના વ્યાપારી વર્ગમાં તથા ઓફીસોમાં ઉત્કૃષ્ટ દશાએ પહોંચાડી, વ્યાપારના સરલ અને સીધા રસ્તા હાથ કર્યા, વિલાયતી માલના કેટલાએક ચાલુ મારકા પોતાને સ્વાધીન કર્યા અને દ્રવ્યપ્રાપ્તિ પણ સારી થવા માંડી.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

રાવસાહેબ માણેકચંદ કપુરચંદનો સ્વર્ગવાસ—શેઠ માણેકચંદ કપુરચંદ ચોસઠ વર્ષની ઉંમરે એપ્રીલ તા. ૨૪ મીએ મુંબઈમાં મરકીના ભોગ થઈ પડયા છે તે જાણી અત્યંત ખેદ થાય છે. તેઓ સાહેબે સોલાપુર ખાતે હજારો જાનવરોને બચાવી લેવામાં અથાગ શ્રમ લીધો હતો. તેઓ સાહસિક, કાર્યકુશલ, ઉદ્યમી અને દીર્ઘ દૃષ્ટિવાન હતા. જ્યારે મુંબઈમાં પ્લેગની શરૂઆત થઈ ત્યારે તન, મન અને ધનની પૂરતી મદદ આપી જૈન હોસ્પીટલ ઉભું કરવામાં શક્તિવાન થયા હતા; અને તે વખતે જૈનકોમની જે અચ્છી સેવા બજાવી હતી તેના બદલામાં નામદાર બ્રિટિશ સરકારે સને ૧૮૯૮ ના ડીસેમ્બર માસમાં મર્હુમ શેઠને રાવસાહેબનો ખિતાબ એનાયત કીધો હતો. ગયા ભયંકર દુકાળ સમયે સ્વધર્મી બન્ધુંઓને તેમજ અન્ય કોમના ગરીબોને ઘણી સારી મદદ આપી હતી. એમના મૃત્યુથી જૈનકોમને ખરેખરો ખેરખાહ અદૃશ્ય થયો છે.

મી. ઉત્તમચંદ ગીરધરલાલ કાપડીયાનું શોકજનક મૃત્યુ—તેઓ ભાવનગર નિવાસી શેઠ આણંદજી પુરૂષોત્તમના પૌત્ર થતા હતા. ભાવનગર આલ્ફ્રેડ હાઈસ્કુલમાં અભ્યાસ કરી સને ૧૯૦૪ ની સાલમાં મેટ્રીક્યુલેશનની પરીક્ષા ઉંચે નંબરે પસાર કરી જસવંતસિંહજી સ્કોલરશીપ લેવાને તેઓ ભાગ્યશાળી નીવડ્યા હતા. ત્યારબાદ પોતાનો અભ્યાસ આગળ વધારવાને મુંબઈ એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયા હતા; અને પ્રીવીઅસની પરીક્ષા સેકન્ડ કલાસમાં પસાર કરી હતી. ૧૮ વર્ષની લઘુ વયે મુંબઈમાં પ્લેગના ભોગ થઈ આ ફાની દુનિયા છોડી સ્વર્ગવાસી થયા છે. તેઓ પોતાની પાછળ એક બાળવિધવા મૂકી ગયા છે. તેઓ બુદ્ધિશાળી, ઉત્સાહી, ઉદાર તથા સરળ સ્વભાવના હતા. ભવિષ્યમાં જૈનકોમના એક નરરત્ન નીવડશે એવી તેના સંબંધી આશા બંધાતી હતી. પરંતુ પ્રફુલ્લિત સુગંધી પુષ્પ અલ્પ સમયમાંજ કરમાઈ ગયું. તેની પવિત્ર સુગંધનો આનંદ લેવાની જે પ્રબલ આશા રાખવામાં આવતી હતી તે નષ્ટ થઈ. મહાન્ પરમાત્મા તેમના આત્માને શાન્તિ આપો એવી પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જાહેર ખબર.

ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયશ્રીએ કરેલા અલૌકિક ગ્રંથોમાં નીચે લખેલા દશ ગ્રંથોમાં એક અગર વધારે ગ્રંથો જે કોઈ અમને વેચાણ આપવા ખુશી હશે તો તે હજાર શ્લોકના રૂ.૧૧) ના ભાવે લેવામાં આવશે; જ્યારે સાધારણ પુસ્તકની કિંમત વધારેમાં વધારે હજાર શ્લોકનો રૂ. ૪) હોય છે. જે કોઇ મુનિરાજ આદિ પાસે તે હોય તો તેઓ જેવી રીતે ઉતરાવવા આપશે તેવી રીતે ઉતરાવી લઇ તેઓનો ઉપકાર માનીશું. હાલમાં મળી આવતા ૨૪ ગ્રંથો શિવાયના અને નહિ મળતા ૧૦ ગ્રંથો લખ્યા છે તે શિવાયના બીજા ગ્રંથોનાં નામ સુચવશે તો તેની નોંધ આભાર સાથે લઇશું.

### જાણવામાં આવેલા નહિ મળતા ગ્રંથો ૧૦

| | |
|---|---|
| ૧ છંદશ્ચુડામણિની ટીકા. | ૨ મંગળવાદ. |
| ૩ વિધિવાદ. | ૪ સ્યાદ્વાદ રહસ્ય. |
| ૫ લતાદ્વય. | ૬ જ્ઞાનાર્ણવ. |
| ૭ માર્ગશુદ્ધ પૂર્વાધ. | ૮ સિદ્ધાંત તર્ક પરિષ્કાર |
| ૯ પતાંજલ કૈવલ્ય પાદવૃતિ. | ૧૦ ત્રિસૂત્ર્યાલોક. |

### હાલ મળી આવતા ગ્રંથો. ૨૪

| | |
|---|---|
| ૧ ગુરૂતત્વ. | ૨ પ્રતિમાશતક. |
| ૩ અધ્યાત્મ મત પરીક્ષા. | ૪ ખંડનખાદ્ય. |
| ૫ ભાષા રહસ્ય. | ૬ ઉપદેશ રહસ્ય. |
| ૭ બત્રીશ બત્રીશી. | ૮ ધર્મપરીક્ષા. |
| ૯ નયોપદેશ. | ૧૦ સામાચારી. |
| ૧૧ વૈરાગ્ય કલ્પલતા. | ૧૨ જ્ઞાનબિંદુ. |
| ૧૩ ન્યાયાલોક. | ૧૪ શાસ્ત્રવાર્તા ટીકા. |
| ૧૫ અધ્યાત્મ મત દલન. | ૧૬ મુક્તાસુક્તિ. |
| ૧૭ જ્ઞાનસાર. | ૧૮ જૈનતર્ક પરિભાષા. |
| ૧૯ દેવધર્મ પરીક્ષા. | ૨૦ નય રહસ્ય. |
| ૨૧ કર્મ પ્રકૃત ટીકા. | ૨૨ ષોડશક ટીકા. |
| ૨૩ ધર્મ પરીક્ષા. | ૨૪ માર્ગશુદ્ધ ઉત્તરાર્દ્ધ. |

મળી આવતા ગ્રંથો પૈકી પ્રથમના ૮ ગ્રંથો સ્વોપજ્ઞ ટીકાસહિત છે.

મળી આવતાં ગ્રંથો પૈકી કોઈ પણ ગ્રંથ ઉતરાવી લેવાની કોઇની ઇચ્છા હોય તો તેમણે લખવું, જેથી તે સંબંધી સગવડ કરી આપવામાં આવશે.

શ્રી મધશોવિજયજી જૈન પાઠશાળા.

બનારસ સીટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ ગુણ ગણી થકવાટ થકી, સુર ગુરૂ ગયો જયમ તેમ બકી.
કદી વારિધિ માજ મુકીજ હિયે, કદી અગ્નિ બની શિત શાંતિ ભજે;
કદી આભ વિષે ફુલ દૃષ્ટિ પડે, નહિ તોય પ્રભુ ગુણ ન્યાળી શકે.
ગુણ ન્યાળિ શકે જન કો વિરલા, ધન માલ તજી સબળા અબળા;
ધરિ યોગ ધરે પ્રભુ ધ્યાન સદા, પર હિત ચહે, ન અહિત કદા.
અબ દેવ મને કુછ શાંતિ દિઓ, મુજ પાપ અમાપ વિનાશ કરો;
મુખ શું લઇ ચાર્ચો શકું પ્રભુ હું, જીભ ના ઉપડે ગુંગળાઇ મરૂં.
કરી જારી વિજારી કરી ચુગલી, કરી અન્ય અહિત બડાઇ ધરી;
પરનારી વિષે જઇ દૃષ્ટિ ઠરી, પરમાલ હરી મતિ દુષ્ટ થઇ.
અપરાધ કર્યો પણ બાળક છું, તું સમર્થ પિતા દીન તારક છું;
અબ બાંહ્ય ધરી ભવ વાર્દ્ધિ થકી, નૃપચંદ ઉગાર બહોત થઇ.

# रात्रिभोजनथी थता गेरफायदा.

**ધન્ય ધન્ય ધન્ય જંબુસ્વામીને. એ રાગ.**

રયણી ભોજન તજો માનવી, જાણીને દોષ અપાર;
પરમાટી સમ જાણો તમે, રાત્રિએ કરવો આહાર. **રયણી૦**
પૂરવ પુન્ય સંજોગથી, ઉંચ મળ્યો અવતાર;
ભવોભવ રખડયો તું પ્રાણીઆ, તેનો કરી લે વિચાર. **રયણી૦**
આગમ ભાખે અનાદિથી, રાત્રિભોજન માંહી પાપ;
તેને કારણ રાત્રિએ નવ જમો, જાણીને પાપ અમાપ. **રયણી૦**
દાન, સ્નાન, ભોજનાદિક, રયણીએ કરો ન કોવાર;
રવિ આથમ્યા પહેલાં એ કરો, સમજી તમે નર નાર. **રયણી૦**
પશુ પંખી પણ રાત્રિએ, કોઇ કરે નહિ આહાર;
તમે તો મનુષ્ય થઇ કાં ભૂલો, વિચારો હઇડા મોઝાર. **રયણી૦**
મચ્છરાદિક ઝીણાં જીવડાં, જો આવે ભોજન માંય;
રોગ ભયંકર ઉપજે, પીડા પામી જીવ જાય. **રયણી૦**
છનુ ભવ જીવહિંસા કરો, ફોડો તળાવની પાળ;
તે કરતાં પાપ લાગે ઘણું, રયણીએ કરતાં આહાર. **રયણી૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાર શિયળ ખંડન થકી; થાય અનર્થ અપાર;
તે કરતાં દોષ લાગે ઘણો, રયણીએ કરતાં આહાર. રયણી૦
રાત્રિભોજન દોષ છે ઘણા, કેટલો કરવો વિસ્તાર;
પાર પામે નહિ કેવળી, વદતાં એનો અધિકાર. રયણી૦
ચોવીહાર નિત્ય કરો માનવી, રાખીને શુભ પરિણામ;
સુરઇંદુ સાચું ભણે, બેસે નહિ કંઇ દામ. રયણી૦

**અમીચંદ કરશનજી શેઠ.**
વાંકાનેર.

---

# પ્રવાસ વર્ણન.

પાટણ ખાતે મળેલી ચોથી જૈન કોન્ફરન્સમાંથી પરભાર્યાંજ ઘણા જૈનબંધુઓ તીર્થયાત્રાનો લાભ લેવા માટે અન્ય અન્ય તીર્થોએ ગયા હતા. મને તે લાભ લેવાનો પ્રસંગ જરા મોડો મળ્યો. ફાલ્ગુન વદિ ૫ મે ભાવનગરથી નીકળી ભોયણી, શંખેશ્વર, આબુજી અને બે પંચ તીર્થીઓની યાત્રાનો લાભ લઇ પાલી પહોચતાં આકસ્મિક પ્રસંગે પાછું વળવું પડયું. આ યાત્રાઓના વૃત્તાંત જુદે જુદે પ્રસંગે આ માસિકની અંદર કેટલાએક વિસ્તાર સહ આપવામાં આવેલ છે તેથી તેનું પુનરાવર્તન કરવાની આવશ્યકતા નથી; પરંતુ તે તે યાત્રાઓમાં જે કાંઇ નવીન હકીકત મળી છે, અથવા જે ફેરફાર થયેલા છે અને જે સૂચનાઓ કરવા યોગ્ય લક્ષમાં આવેલ છે તે આ નીચે લખવામાં આવે છે.

## ભોયણી.

આ તીર્થની યાત્રાનો લાભ દિન પરદિન વધારે વધારે જૈનબંધુઓ લેવા લાગ્યા છે. ઘેલડાનું નવું સ્ટેશન ઉઘડતાં યાત્રાળુઓને સારી સગવડ થઇ છે, પરંતુ ઘેલડાથી ભોયણી સુધી પાકી સડક થવાની જરૂર છે. ઘેલડાનું સ્ટેશન મોટું બંધાવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકરર થઇ ગયું છે. સુમારે ૪૦ હજાર પેસેંજર એ સ્ટેશનેથી ઉતરનારા થાય છે. આ તીર્થનો હીસાબ ચોખો રાખવામાં આવે છે અને કાયમ તૈયાર રહે છે. સંવત ૧૯૬૧ ની સાલનું સરવૈયું માગતાં તે બતાવવામાં આવ્યું. એ વર્ષ આખર સુધી સવા બે લાખ રૂપીઆ જીર્ણોદ્ધાર ખાતે એ તીર્થથી વાપરવામાં આવ્યા છે. તેમાં શંખલપુર અને રાંતેજનાં દેરાસર પુષ્કળ પૈસાથી સમરાવ્યાં છે. બાકી બીજાં નાનાં મોટાં દેરાસરો સમરાવ્યાં ઉપરાંત અનેક ગામો અને શેહેરોનાં દેરાસર માટે આરસના પાટીયાં આપવામાં આવેલાં છે ને આપવાનું શરૂ છે. શ્રી મલ્લીનાથજીના દેરાસર ઉપર દોઢ લાખ રૂપીઆનું ખર્ચ થયેલ છે. હજુ કામ શરૂ છે. ઘણો ખર્ચ આરસના બારીક કામમાં કરવામાં આવે છે. વિચાર કરતાં સોના રૂપાનું કામ કરાવતાં જેટલો ખર્ચ થાય તેટલો ખર્ચ કરીને આબુજી વિગેરેમાં આરસ વિગેરેનું જે કામ કરાવેલું છે તે એટલાજ માટે કે સોના રૂપાનું કામ હોત તો અનેક પ્રકારના ઉપદ્રવનો ભોગ થઇને નાશ પામી ગયું હોત; તેના બદલામાં આરસનું કામ હજુ પણ એવુંને એવું દૃષ્ટિએ પડે છે. પૂર્વે ધાતુની પ્રતિમાઓ પુષ્કળ ભરાવવામાં આવતી હતી જેની અંદર પીતળ વિગરે ધાતુજ બહોળે ભાગે હોવાથી તે અદ્યાપિ સુધી વિદ્યમાન રહેલ છે, પણ સોના રૂપાની હોત તો ક્યારનો તેનો વિનાશ થઇ ગયો હોત. આપણે જાણી શકીએ છીએ કે પૂર્વે રાજા, મંત્રી અને વ્યવહારીઆઓ એવા દ્રવ્યવાન હતા કે તેમને સોના રૂપાની મૂર્ત્તિઓ બનાવતાં મુશ્કેલ પડે તેમ નહોતું. સિદ્ધચક્ર પણ તેવીજ ધાતુના બનાવેલા પ્રાચીન વખતના પુષ્કળ લભ્ય થાય છે; હાલમાં રૂપાના સિદ્ધચક્ર બનાવવાનું કામ સ્થાને સ્થાને એટલું બધું વધી પડ્યું છે કે તેની ચોરી થવાના અને આશાતના થવાના દાખલા દરેક સ્થાને બનવા લાગ્યા છે. કોઇ પણ પ્રકારની વિધિ કર્યા શિવાય તેને પૂજનિક કરી દેવામાં આવે છે. વળી જે ગામમાં વધારે સંખ્યા હોય છે ત્યાં એકઠા કરીને પેટીમાં ખડકી મુકવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં લાભ કરતાં આશાતનારૂપ હાની વધી પડે છે, છતાં હજુ પ્રવાહમાં તણાતા બંધુઓ તે વિચારથી પાછા ઓસરતા નથી. તેમણે પાછલા દાખલાઓ જોવાની ખાસ આવશ્યકતા છે. થોડા ખર્ચમાં સિદ્ધચક્ર અને આને એક પ્રતિમા ભરાવ્યાનું પુન્ય મળે એટલે સૌ એ કાર્યમાં મંડી પડ્યા છે, પણ હવે તે બાબતમાં વિચાર કરવાની જરૂર છે. વળી પ્રતિમાઓ પણ જેમ ભોયણીના જિનમંદિરમાં માત્ર ત્રણજ પધરાવેલ છે તેમ બીજાઓએ પણ તેનો દાખલો લઇને વધારે પરિવાર ન વધારતાં જેમ બને તેમ ઓછી સંખ્યા રાખી સારી રીતે ભક્તિ થાય તેમ કરવું જરૂરનું છે. વધારે બિંબ હોવાથી અનાદર બુદ્ધિ થવાનો પણ સંભવ છે.

આટલું પ્રસંગોપાત જણાવવાની ખાસ જરૂર જણાયાથી લખેલું છે.

ભોયણી ખાતે બે ધર્મશાળાઓ છે. તદુપરાંત હાલમાં **શેઠ ગોકળભાઇ દોલતરામ** તરફથી તેના ટ્રસ્ટીઓએ ત્રીજી ધર્મશાળા બંધાવવા માંડી છે. તેની અંદર જૈન પુસ્તકાલય ને લાયબ્રેરી પણ કરવામાં આવનાર છે, જેની ત્યાં જરૂર પણ છે; કારણ કે બપોરના અવકાશના વખતે યાત્રાળુઓને તેવા સાધનની આવશ્યકતા છે.

## શંખેશ્વર.

આ મહા તીર્થની યાત્રા કરવા માટે જવાના ઘણા રસ્તાઓ છે. તેમાં પ્રથમ અમે વીરમગામથી ગયેલા હતા ત્યારે તે માર્ગનું વર્ણન આપેલું છે. આ વખતે ભોયણીથી પરભાર્યા જતાં માર્ગમાં **બેચાર, શંખલપુર** ને **ચુનેલ** એ ત્રણ ગામ જિન મંદિરવાળા આવ્યાં. તેમાં શંખલપુરનું દેરાસર તો અપૂર્વ છે. પુષ્કળ દ્રવ્ય ખર્ચીને બંધાવેલું છે ને પુષ્કળ દ્રવ્યથી સમરાવેલ છે. જરૂર દર્શન કરવા લાયક છે. બેચારમાં નાનું દેરાસર છે તે પણ ભોયણી તીર્થ તરફથી સમરાવવામાં આવેલ છે. આ ગામ બેચરાજીથી અરધો ગાઉજ દૂર છે. જરા ફેરમાં જાય તો શંતોજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામના દેરાસરના દર્શનનો લાભ પણ મળી શકે તેમ છે. એ ગામનું જિનમંદિર પણ બહુ વિશાળ છે, અને હાલમાંજ સમરાવવામાં આવેલ છે.

શંખેશ્વર પાર્શ્વનાથજીના બિંબ સર્વ જિનબિંબો કરતાં પ્રાચીન છે, તેટલા પ્રાચીન કોઇ બિંબ જણાતા નથી. આ તીર્થની યાત્રાનો લાભ લેવાની અમે વારંવાર ભલામણ કરીએ છીએ. હાલ તે સ્ટેશનથી વીશ ગાઉ દૂર છે. બેલ ગાડીએ જવું પડે છે; પરંતુ હવે રેલવે નજીકમાં થાય છે તેથી સુમારે ૫–૭ ગાઉજ દૂર રહેવાનો સંભવ છે.

પાછા વળતાં **સીતાપુર** રસ્તે આવ્યા. આ ગામમાં પણ એક જિનમંદિર છે. હાલમાં નવું શિખરબંધ દેરાસર બંધાય છે.

## આબુજી

શંખેશ્વરજીથી પાછા ઘેલડા સ્ટેશને આવી રેલવે રસ્તે આબુરોડ ઉતરાય છે. આ તીર્થનું અમે પ્રથમ વૃત્તાંત લખ્યું છે તેને ૧૮ વર્ષ થઇ ગયાં છે. એ અરસામાં મોટો ફેરફાર થઇ ગયો છે. માર્ગ તદ્દન બદલાઇ ગયો છે. દેલવાડા સુધી પાકી સડક થઇ ગઇ છે અને ત્યાંસુધી બેલગાડી અને ઘોડાગાડીઓ ચડે છે. તેનો શીરોહી રાજ્ય તરફથી ઇજારો આપવામાં આવે છે અને રેટ (ભાવ) એક સરખો બાંધી આપવામાં આવેલો છે. બેલગાડીમાં ૪ ઉતારૂઓ બેસાડે છે. તેના ચાર રૂપીઆ લે છે. ઘોડાગાડીમાં ત્રણ ઉતારૂ બેસાડે છે તેના રૂ ૪॥ લેવામાં આવે છે. ગાડીને ૧૦ કલાક ને ઘોડાગાડીને ૫ કલાક ચડતાં થાય છે. ટમટમમાં ત્રણ ઉતારૂ બેસાડે છે તેના રૂ ૯) લે છે. તેને ત્રણ કલાકજ લાગે છે. ઉતરતાં બેલગાડીને, ઘોડાગાડીને ૩ અને ટમટમને ૨ કલાક લાગે છે. ઉતરવાનું ભાડું પણ ચડવાની પ્રમાણેજ લેવામાં આવે છે.

ચડતાં માર્ગમાં આરણા નામે નાનું સરખું ગામ આવે છે. ત્યાં નાનું દેરાસર પધરાવેલ છે. અને યાત્રાળુઓને ભાતું આપવામાં આવે છે. આ ખાતાની સંભાળ અચળગઢવાળા રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં વાર્ષિક આવક સુમારે ૧૨૦૦ થી ૧૫૦૦ લગભગ છે. ખર્ચ રૂ ૧૦૦૦ થી ૧૨૦૦ સુધીનો છે. યાત્રાળુઓ સ્વશક્તિ અનુસાર રકમ આપે છે, તેને છાપેલી પહોંચ આપવામાં આવે છે. ઉતરતી વખત પણ ભાતું આપવામાં આવે છે. ગાડીવાળાઓને પણ એકેક લાડવો અપાય છે.

હાલમાં કેટલેક સ્થાનકે પ્લેગનો ઉપદ્રવ સંભળાવાથી યાત્રાળુઓને માટે કાંપનો સીધો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. દેલવાડા એક ગાઉ દૂર રહે છે ત્યાંથી વાહનો છોડી દેવા પડે છે. અહીંથી દેલવાડે જવાનો જે રસ્તો શરૂ કરવામાં આવેલો છે તે વીકટ છે. વૃદ્ધ તથા બાળકોને માટે ડોળી કે ઉપડામણીઆનો ખર્ચ કરવો પડે છે. તેની સગવડ મળી શકે છે, તેના ઠરાવ બાંધેલા છે. એટલા માર્ગમાં એક કલાક થાય છે. માત્ર યુરોપીયનોના કલ્પિત બચાવ માટે સંખ્યાબંધ યાત્રાળુઓને હેરાન કરવામાં આવે છે; ખાસ ચાલવા માટે કરેલા રસ્તા આવા કારણથી બંધ કરી દેવા તે પ્રગટ અન્યાય છે. આ સંબંધમાં યોગ્ય અધિકારીને અરજ કરવાની જરૂર છે. તે ઉપરથી કયાંતો કાંપવાળો રસ્તો શરૂ રહેવાનો અથવા તો બીજો રસ્તો સગવડતાવાળો થવાનો સંભવ છે.

દેલવાડા ખાતેના જિનમંદિરોના વખાણ તો શું લખવા! તે સંબંધમાં તો અગાઉ ઘણું લખાયેલ છે. **વિમળશાએ** અને **વસ્તુપાળ તેજપાળે** પુષ્કળ દ્રવ્ય ખર્ચીને બંધાવેલાં આ જિનમંદિરો જૈનવર્ગના જયસ્તંભ જેવા છે; હાલમાં એ મંદિરો સમરાવવાનું કામ ચાલે છે. તેમાં જે જે કામ જેટલું જેટલું ખંડિત થયેલું હોય તેટલું તેટલું તેવા પ્રકારની કારીગરીથી નવું બનાવીને પૂરવામાં આવે છે. આ બંને દેરાસર આખાં આરસનાં બંધાવેલાં હોવાથી અનેક જાતિના આરસો મંગાવવામાં આવ્યાં છે અને જે જાતનો આરસ જ્યાં લાગુ થાય-મળતો આવે તે જાતનો ત્યાં વાપરવામાં આવે છે. કારિગરીનું કામ સરકારી ઇજનેરે બરાબર અસલ પ્રમાણે મળતું આવવાની ખાત્રી આપ્યા પછી દાખલ કરવામાં આવે છે. એક બે ભારવટ પણ પ્રથમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રુટી ગયેલા કાઢી નાખીને નવા નાંખવામાં આવ્યા છે અને એ ત્રણ તૈયાર થાય છે. દેરાસર બંધાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો હશે તેનું પ્રમાણ એટલા ઉપરથી બાંધી શકાશે કે પ્રથમના કામમાં ત્રુટી ગયેલા પુલો પૈકી એકેક પુલ બનાવવામાં એક કારિગરને ત્રણ, ચાર ને પાંચ પાંચ મહીના થાય છે. પરંતુ તેને પૉલીશ કરીને દાખલ કર્યા બાદ અસલ સાથે મેળવી દેવામાં એવા પ્રકારનો રંગ આપવામાં આવે છે કે જેથી બેમાલુમ થઇ જાય છે.

અવચળગઢ ખાતે એક દેરાસરમાં આરસ બંધાય છે ને સમારકામ ચાલે છે ત્યાં મહોત્સવ કરવા માટે ગીરનાર વિગેરે તીર્થોની રચના કરવામાં આવેલી છે. તે મહોત્સવ સરકાર તરફથી બંધ રખાવવાનો હુકમ થતાં બંધ રહેલો તે હજુ સુધી થઇ શક્યો નથી; પરંતુ કરેલી રચનાઓ જાળવી રાખી છે. તેમાં તેમણે પ્રતિમાઓ સુખડની બનાવરાવી તેનાપર કટોરીનું પાકું કામ કરાવી લીધું છે કે જેથી દરરોજ આંગીનો ખર્ચ કરવો ન પડે, પરંતુ એમાં એક મોટી ભૂલ થયેલી છે તે એ કે મહોત્સવ થયા બાદ તે પ્રતિમા કાંઇ કાયમ રહી શકે તેવી નથી તેમજ દરરોજ પૂજા થતી નથી અને થવાની નથી. વળી વંદનિક પૂજનિકપણું કોઇ પણ પ્રકારના વિધિવિધાન વિના માની લેવામાં આવ્યું છે. માટે એ કૃતિ તદ્દન ભૂલ ભરેલી છે. આજ હેતુથી પાટણમાં મળેલી જૈન કોન્ફરન્સ સાથે ભરેલા જૈન જ્ઞાનાંભોનિધિ પ્રદર્શનમાં એલાચીકુમારના દેખાવમાં જરૂર છતાં મુનિરાજની મૂર્તિ બનાવવામાં આવી નહોતી કારણ કે પાછળથી તેનો વિનાશ કરવો પડે તે અનુચિત અને આશાતના રૂપ કાર્ય છે. આ બાબત લાગતાવળગતાઓએ ધ્યાન આપવાની જરૂર છે.

આબુપહાડની નીચે ખરેડીમાં બાબુસાહેબ બુધસિંહજીની ધર્મશાળામાં હાલમાં પાછળ જગ્યા વધારીને યાત્રાળુઓ માટે વધારે સગવડ કરવામાં આવી છે, પરંતુ તે વધારે સ્વચ્છ રહેવાની જરૂર છે.

## પંચતીર્થી.

આબુરોડથી યાત્રાળુઓ પંચતીર્થીની યાત્રા કરવા જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં પંચતીર્થી બે છે. એક નાની અને બીજી મોટી કહેવાય છે. પીંડવાડા સ્ટેશને ઉતરી અજારી, નાંદીયા, લોટાણા, બામણવાડા ને શીરોહીની યાત્રા કરવા જવાય છે તે નાની પંચતીર્થી કહેવાય છે અને પીંડવાડેથી રેલમાં બેસી રાણી સ્ટેશને ઉતરી સાદરી (રાણકપુર), ઘાણેરા (મુછાળા મહાવીર), નાડલાઇ, નાડોલ ને વરકાણાજીની યાત્રા કરવા જવાય છે તે મોટી પંચતીર્થી કહેવાય છે.

નાની પંચતીર્થી કરવા માટે પિંડવાડે પ્રથમ ઉતરવું પડે છે, તે સ્ટેશને પ્રથમ રહેવાની સગવડ નહોતી, હાલમાં સ્ટેશન ઉપરજ શીરોહી રાજ્ય તરફથી મોટી ધર્મશાળા બંધાવવામાં આવી છે. ગામ સ્ટેશનથી અરધો ગાઉ દૂર છે. ત્યાં બે દેરાસર છે તેનું તથા બાંમણવાડા અને શીરોહીનું વર્ણન આ માસિકના પુ૦ ૩ ના અંક ૧૦ મામાં (સંવત ૧૯૪૪ ના પોસમાં) પંચતીર્થીની યાત્રાનું વર્ણન લખતાં વિસ્તારથી લખેલ છે જેથી અહીં પુનરાવર્ત્તન કરવાની જરૂર નથી, પરંતુ આ પંચતીર્થી પૈકી **અજારી, લોટાણા** અને **નાંદીયાનું** વર્ણન આપેલું નથી તે અહીંઆં આપવામાં આવે છે.

આ પંચતીર્થી કરનારે પિંડવાડાથી પ્રથમ **અજારીની યાત્રા** કરીને **નાંદીયા** જવું. અજારી પિંડવાડાથી માત્ર બે ગાઉ થાય છે. ત્યાં જિનમંદિર વિશાળ, સુંદર અને પ્રાચીન છે. મૂળનાયકજી શ્રીમહાવીરસ્વામી છે. આ ભૂમિ બધી ચરમ તીર્થંકરના વિહારવડે પવિત્ર થયેલી છે. અજારીથી નાંદીયા જતાં માર્ગમાં **જનાપર** ગામ આવે છે ત્યાં એક જિનમંદિર છે. સંભાળ રાખનારની બેદરકારીથી અહીં બીજા રંગમંડપમાં પુષ્કળ ચકલીઓના માળા થયેલા છે, એને માટે નાંદીયાના શ્રાવકોને યોગ્ય સૂચના આપવામાં આવી છે.

**નાંદીયા** ભગવંત શ્રી મહાવીરસ્વામીને ચંડકોશીયા સર્પે ઉપસર્ગ કર્યો-ડશ્યો તે સ્થાન છે. અહીં ગામમાં એક દેરાસર છે તેમાં મૂળનાયક શ્રી શાંતિનાથજી છે, બીજું એક દેરાસર ગામથી અરધો ગાઉ દૂર છે, તેમાં માત્ર ત્રણ પ્રતિમાજી છે. ત્રીજું દેરાસર ગામની નજીક પર્વતની તળેટીમાં શ્રી મહાવીરસ્વામીનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણું વિશાળ અને સુંદર છે. મૂર્તિ બહુ ભવ્ય છે અને પરઘર સહીત એક આરસમાંથી કરેલ છે પણ તેની આકૃતિ વિગેરે એવી છે કે જેવી હાલમાં બનતી નથી. આ પ્રતિમા જીવિતસ્વામીની કહેવાય છે એટલે ભગવંત વિચરતા હતા તે વખતની ભરાવેલી કહે છે. મૂર્ત્તિ જોતાં તેવો અનુભવ થાય છે. આ દેરાસરની બહાર જમણી બાજુએ ડુંગરને તદન લગતી એક દેરી છે, જેમાં ચંડકોશીઆ સર્પની આકૃતિ કરેલી છે. ભગવંતની વિહારભૂમિ ચિત્તવૃત્તિને પાવન કરવામાં પ્રબળ સાધનભૂત છે, ઉત્તમ જીવોને અહીંઆં તેનો અનુભવ થાય છે. અહીં સારી રીતે સ્થિરતાથી દર્શન પૂજા ભક્તિ કરવા યોગ્ય છે.

નાંદીયામાં નાની સરખી ધર્મશાળા અથવા એક ઘર યાત્રાળુઓને ઉતરવા માટે છે. જરા મોટી જગ્યાની જરૂર છે. શ્રાવકોની સ્થિતિ સારી છે.

અહીંથી બેગાઉ દૂર લોટાણા નામે ગામ છે ત્યાં હલકા લોકોનીજ માત્ર થોડી વસ્તી છે. ત્યાં એક દેરાસર સારૂં વિશાળ ડુંગરની તળેટીમાં છે. મૂળનાયકજી શ્રી ઋષભદેવજી છે. તે પ્રતિમા તેરમા ઉદ્ધારની કહેવાય છે અને લોટાણાજીના નામથી પ્રસિદ્ધ છે. અહીં દેરાસરને લગતી યાત્રાળુઓને રહેવા જેવી સગવડ કરેલી છે પણ કવચિતજ કોઇ યાત્રાળુ અહીં રહે છે બાકી ઘણા તો અહીં દર્શન પૂજા કરીને પાછા નાંદીયા જાય છે, રાત્રિ ત્યાંજ રહેવાય તેમ છે.

અહીંથી બામણવાડા બે ગાઉ થાય છે, ત્યાં થઇને શીરોહી જવાય છે અથવા અહીંથી પરભાર્યો પણ શીરોહી જવાનો રસ્તો છે. એ બંને તીર્થની સવિસ્તર હકીકત પ્રથમ આપેલી હોવાથી અહીં આપવાની જરૂર નથી પરંતુ એટલું તો જણાવવું અવશ્યનું છે કે આ તીર્થની યાત્રા અવશ્ય કરવા લાયક છે, કારણ કે બામણવાડા ભગવંત શ્રી મહાવીરસ્વામીને કાનમાંથી ખીલા કાઢ્યા તે ભૂમિ છે, દેરાસર સુંદર છે, મૂર્ત્તિ પ્રાચીન છે અને પ્રભાવિક છે. તેમજ શીરોહી શત્રુંજયની સ્થિતિનું સ્મરણ કરાવનાર શ્ર-

For Private And Personal Use Only

ણિબંધ દેરાસરોવાળું સ્થાન છે, બામણવાડાથી શીરોહી જતાં માર્ગમાં વારૂવાડા ને સાણવાડા બે ગામ જિનમંદિરવાળા આવેછે, બામણવાડા ને પીંડવાડાને બે ગાઉનુંજ અંતર છે. તેના મધ્યમાં પણ જારોલી ગામ આવે છે ત્યાં પણ મોટું વિશાળ જિનમંદિર છે. તે શિવાય અરધીગાઉ કે ગાઉ આઘા પાછા જઇએ તો બીજાં પણ ત્રણ ચાર ગામ દેરાસરજીવાળા છે. એટલા ઉપરથી એમ સમજી શકાય છે કે અગાઉ આ તરફ જૈનવર્ગની વસ્તી વધારે સંખ્યામાં હશે.

આબુજી અને બામણવાડા બંને તીર્થની સંભાળ શીરોહીનો સંઘ રાખે છે. અવચળગઢની સંભાળ રોહીડાનો સંઘ રાખે છે. શીરોહીમાં તેને માટે કલ્યાણજી પરમાનંદજીના નામની પેઢી છે. નામાઠામાની વ્યવસ્થા પ્રશંસાપાત્ર નથી. આગેવાન ગૃહસ્થોએ વધારે ધ્યાન આપવાની જરૂર છે. કેટલીક સૂચના રૂબરૂ આપવામાં આવી છે.

ઘણા યાત્રાળુઓ આ પંચતીર્થીની યાત્રાનો લાભ લેતા નથી અને કેટલાક લે છે તે પણ ઘણે ભાગે બામણવાડા ને શીરોહીની યાત્રાજ કરે છે પણ બીજા ત્રણ તીર્થ રહી જાય છે. યાત્રાળુઓએ માત્ર એક અથવા બે દિવસ વધવાના કારણથી એ યાત્રા રહેવાં દેવી ઘટીત નથી. શીરોહીમાં હાલ એક બીજી વિશાળ ધર્મશાળા થઇ છે, ત્યાં જમવાની વીશીની પણ સગવડ હોવાથી તે વીશી તરીકે ઓળખાય છે. યાત્રાળુઓને ઉતરવા લાયક તે જગ્યા છે. બે દેરાસર પણ તેને લગતા છે.

આ પંચતીર્થીની યાત્રાનો લાભ લઇ પાછા પીંડવાડે આવીને રેલમાં બેસવું પડે છે. ત્યાંથી રાણી ઉતરીને બીજી પંચતીર્થી કરવા જવાય છે.

રાણીસ્ટેશન ઉપર યાત્રાળુઓને ઉતરવાની બહુજ અગવડ હતી તે હાલમાં દૂર થઇ છે. બાબુસાહેબ રાય બુધસિંહજીબહાદુરે બહુ સરસ સગવડવાળી સુંદર ધર્મશાળા બંધાવી છે, વાસણ ગોદડાની પણ સગવડ છે. રાણીસ્ટેશન વેપારનું પીઠું હોવાથી કોઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીજ–વસ્તુ માટે અડચણ પડે તેમ નથી. અહીં એક યતિએ ઉઘરાણું કરી લાવીને એક દેરાસર શીખરબંધ બંધાવ્યું છે. હજુ પ્રતિષ્ઠા થયેલ ન હોવાથી પડખેના ઘરમાં મૂર્તિઓ લાવીને પ્રાહુણા દાખલ પધરાવેલ છે. આ યતિના આચરણ સારાં ન હોવાથી તેની મારફતની દ્રવ્યવ્યવસ્થા પણ સંદેહ ભરેલી છે તેથી આ જિનમંદિર તેને દ્રવ્યોપાર્જનના કારણભૂત ન થાય તેની સંભાળ રાખવા જેવું છે.

અહીંથી પંચતીર્થી કરવા માટે ગાડીઓ દિન ૧ ના રૂ.૧) લગભગના ભાડાથી મળી શકે છે. એ ગાડીઓ બરાબર સગવડતાવાળી હોતી નથી. રાણીગામ અહીંથી એક ગાઉ દૂર છે ત્યાં એક જિનમંદિર છે.

રાણીથી પંચતીર્થી કરવા માટે જવાના બે રસ્તા છે. એક સાદરી તરફ જવાનો ને બીજો વરકાણાજી તરફ જવાનો. પ્રથમનો રસ્તો અનુકુળ છે. કારણકે તે રસ્તે ચાલતાં સાંજે દરેક ગામ પહોચાય છે અને સવારે દર્શન પૂજા વિગેરે કરવાનું અનુકુળ પડે છે. આ પંચતીર્થીનું પ્રથમ વિસ્તારથી વર્ણન લખાયેલું છે જેથી તેમાં માત્ર વિશેષ જાણવા જેવું છે તેજ અહીં જણાવ્યું છે.

રાણકપુરની સંભાળ સાદરીવાળા રાખે છે પણ નામાનું ઠેકાણું નથી. હિસાબ તૈયાર નથી. એક ગૃહસ્થ સારી લાગણીવાળા ને વિચક્ષણ છે પણ તે પુરતી સંભાળ રાખી શકતા નથી. અહીં જૈનશાળા છે તેમાં બાળક અને બાળિકાઓ ધાર્મિક અભ્યાસ કરે છે. પણ સંઘના આગેવાનોની તે તરફ ઉપેક્ષા હોવાથી વ્યવસ્થા બીલકુલ નથી. અભ્યાસની તપાસ કરતાં સારો અભ્યાસ કરી શકે તેવા પાત્ર અભ્યાસીઓ છે. કન્યાઓને અભ્યાસ કરાવનાર બાઇ તો બહુ યોગ્ય જીવ છે પણ ઉત્તેજન બીલકુલ નથી.

રાણકપુરજીનું જિનમંદિર આખા હિંદુસ્થાનમાં અદ્વિતીય છે. તેમાં કેટલુંક સમાર કામ છે તે કરાવવાની વાતો તો ચાલ્યા કરે છે. પરંતુ સારા પાયા ઉપર તેની શરૂઆત થવાની જરૂર છે. જૈન કોન્ફરન્સે આ બાબત પર લક્ષ આપવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદરીથી ઘાણેરા જવાય છે. ત્યાં મુનિરાજ શ્રીપ્રમોદવિજયજી મહારાજના દર્શનનો લાભ મળવાથી બહુ આનંદ થયો. એઓ પ્રતિમાજીના ઉથ્થાપકોને સમજાવવામાં બહુ કુશળ છે. અવસ્થા વૃદ્ધ થયા છતાં સંયમક્રિયામાં તત્પર છે.

અહીં ગામમાં ૧૦ દેરાસર છે ને ગામથી બે ગાઉ દૂર વગડામાં શ્રી મુછાળા મહાવીરનું મંદિર છે. આ મંદિર ભગવંતના મોટા ભાઇ નંદીવર્ધન રાજાનું બંધાવેલું છે એમ કહે છે. મૂળ નાયકજીના બિંબ કોઇ કોઇ ઠેકાણે ખંડિત હોવાથી ફેરવવા માટે બીજા તેવડાજ મહાવીરસ્વામીના બિંબ લાવેલા પણ મૂળ પ્રતિમા પ્રભાવિક હોવાથી ફરી શકયા નથી. તેથી લાવેલા, બિંબ ફરતી દેરીઓ પૈકી એક મોટી દેરીમાં પધરાવ્યા છે.

ઘાણેરાથી નાડલાઇ જવાય છે. ત્યાં કુલ ૧૧ જિનમંદિર છે. તેમાંના બે શત્રુંજય ને ગીરનાર નામની ટેકરી ઉપર છે તેની યાત્રા અપૂર્વ અને આલ્હાદ જનક છે. બીજા મંદિરો પણ સુંદર છે.

નાડલાઇથી નાડોલ જવાય છે. ત્યાં મુખ્ય ૩ જિનમંદિર છે. તેમાં મોટું મંદિર ધર્મશાળાને લગતું શ્રી પદ્મપ્રભુજીનું છે તે સંપ્રતિરાજાનું બંધાવેલું છે. પ્રતિમાજી બહુ સુંદર ને મોટા છે. બીજું નેમનાથજીનું મંદિર ગંધર્વસેન રાજાનું બંધાવેલું છે એમ કહે છે. તે મંદિરની અંદર જમણી બાજુએ એક ભોંયરૂં છે તે નાડલાઇ સુધી લંબાયેલું કહેવાય છે પણ અંદર આઘે જવાતું નથી. ચમત્કારી ગણાય છે. ઘીનો દીવો રાખવામાં આવે છે. આ ભોંયરૂં શ્રી માનદેવસૂરિએ જેની અંદર રહીને લઘુશાંતિ સ્તોત્ર બનાવ્યું તે કહેવામાં આવે છે.

અહીંથી વરકાણાજી જવાય છે. આ પાર્શ્વનાથજીનું તીર્થ છે. તેની સંભાળ નજીકના બીજુવા ગામવાળા રાખે છે. મંદિર વિશાળ અને સુંદર છે. ધર્મશાળા પણ સારી છે. જૈનશાળા પણ છે. આ મંદિરની ભમતીમાં બધા નવા બિંબો પધરાવેલા છે. થોડા વર્ષ ઉપર સંખ્યાબંધ પ્રતિમાજી ભરાવી અંજનશલાકા કરાવી છે. તેમાંથી કેટલાક બિંબ અહીં પધરાવ્યા, કેટલાક નક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સો લઇ અઢારગામ આપ્યા ને બીજા થોડાક આપવા માટે અ-હાર રાખીને બાકીના ભોંયરામાં ગોઠવી ભોંયરૂં બંધ કરી લીધેલું છે. આ પણ બધી વિચિત્રતા છે. અંજનશલાકા ક્યારે કરાવવી? કોની પાસે કરાવવી? શા હેતુએ કરાવવી? તેનો વિચાર ન રાખતાં એક ધંધા જેવું કરી મુક્યું છે.

બીજુવામાં એક જિનમંદિર છે. શ્રાવકની વસ્તી સારી છે. અહીંથી રાણી સ્ટેશન તદન નજીક છે. બીજે યાત્રા કરવા જનારને પાછું તે સ્ટેશને જવાની જરૂર પડે છે.

આ વખત અહીંથી આગળ યાત્રા કરવા જવાની અભિલાષા ને પ્રયત્ન છતાં બની શક્યું નથી તેથી આ વર્ણન અહીંજ સમાપ્ત કરવામાં આવે છે.

આ યાત્રામાં તીર્થોના વહીવટ ને હીશાબ તપાસવા, તે સંબંધી સૂચનાઓ આપવી યા ઠબકો દેવો તેજ બની શક્યું છે. બીજું કોન્ફરન્સને અંગે બનાવવા યોગ્ય કાંઇ બની શક્યું નથી.

કું. આ.

---

**જૈન રસાયણીને મળેલા ચાંદ**—જૈન રસાયણી મી૦ મોતીલાલ કેશળચંદ શાહ જેઓ ગુજરાત કેન્ડલ ફેક્ટરીના માલેક છે અને મુંબઈ ઇલાકામાં મીણબત્તીના ઉદ્યોગના ઉત્પાદક તરીકે પ્રખ્યાતિ પામ્યા છે તેઓ બનારસ પ્રદર્શન તરફથી તેર મેડલ (ચાંદ) મેળવવાને શક્તિવાન થયા છે.

**જૈન વક્તૃત્વ સભાની મીટીંગ**—મુંબઇના શ્રી જૈન વક્તૃત્વ સભાના મકાનમાં સાયલાવાળા મી. નરશીદાસ નથુભાઇ વોરાના પ્રમુખપણા નીચે એક મીટીંગ ભરવામાં આવી હતી. પ્રમુખના ભાષણની અસરથી લગભગ બસેં માણસોએ કન્યાવિક્રય નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**મી. પરમારનો પ્રવાસ**—પાટણ કોન્ફરન્સમાંથી જોધપુર, અજમેર, શ્રી કેશરીઆજી ઉદેપુર આદિ સ્થળે જઇ કોન્ફરન્સના હેતુઓ સંબંધી મી. અમરચંદ પી. પરમારે ભાષણો આપી કેટલાક સુધારા કરાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनो, जैन मुनिओ अने कोन्फरन्स.

આપણે સઘળાએ હવે 'કોન્ફરન્સ' શબ્દનો અર્થ અને તેના કાર્ય વિષે કાંઇ કાંઇ માહિતગારી મેળવી છે. અને તેથી ઘણાખરાની ખાતરી પણ થઈ ગઇ છે કે તે એક એવું મંડળ છે કે જે પોતાના આખા વર્ષમાં બનેલા બનાવોની નોંધ સાથે અમુક સ્થળે એકઠું થાય છે. આ પ્રસંગે દરેક મુખ્ય મુખ્ય શહેરોના લોકો હાજર થતા હોવાથી દરેક વ્યક્તિના શું શું વિચારો છે, અથવા તેમાં શું શું કાયદાઓ દાખલ કરવાની સાંપ્રતમાં જરૂર છે, અને કયા કાયદાઓને અમલમાં મૂકતાં અડચણ પડે છે વિગેરે બાબતોનો ફડચો કરવાનું અથવા પોતાના મગજમાં રમી રહેલા કોમસેવા બજાવનારા વિચારો પ્રદર્શિત કરવાનું આ કોન્ફરન્સ એક યોગ્ય સ્થાન છે. કેટલાક એવો સવાલ ઉઠાવે છે કે કોન્ફરન્સે એકઠા થઇને રેલભાડાનો તથા મંડપ વિગેરેનો એટલો બધો બહોળો ખર્ચ શા સારૂ કરવો જોઇએ ? સૌ પોતપોતાના ગામમાં અથવા જિલ્લામાં પોતાની વ્યક્તિની યથાયોગ્ય દેખરેખ રાખે અને કામ ચાલે તો શું ખોટું ? પરંતુ આમ માનનારા ભાઇઓની ભૂલ થાય છે. કારણકે આ પ્રમાણે કોન્ફરન્સના પ્રતિવર્ષ એકઠા થવાથી જુદા જુદા જિલ્લા, ઇલાકા, શહેર તથા ગામના લોકો સમાનતાની ગાંઠથી જોડાઈ જાય છે, અને ભ્રાતૃભાવમાં વૃદ્ધિ કરે છે. દાખલા તરીકે આપણે ગુજરાતના લોકો રજપુતાના, માળવા, મારવાડ તથા બંગાળાના લોકો સાથે પરિચિત નહિ હોવાથી ત્યાંના પ્રદેશ સાથે સંબંધ ધરાવતા આપણા પૂર્વજોના શાસ્ત્રભંડારો તથા દેવાલયો વિગેરેના વારસાનો લાભ લઇ શકતા નથી. ખરૂં જોતાં આપણા પૂર્વજો તથા આચાર્યો શાસ્ત્રભંડારો તથા દેવાશ્રયો તથા જ્ઞાતિ ધર્મ સંબંધી સામાન્ય નિયમોનો ભંડાર આપણ સઘળાને માટે સરખી રીતે વારસામાં મૂકી ગયા છે તો તેનો ઉપયોગ કરનાર આપણ સઘળા તેમના ઔરસ પુત્રો છીએ, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તેમના પુત્ર તરીકે આપણે સઘળા પરસ્પર ભાઇઓ છીએ. સઘળા ધાર્મિક બંધુઓના સામાજીક નિયમો પણ ઘણે ભાગે મળતાપણું ધરાવનારા હોવા જોઇએ, તેથી કરીને કોન્ફરન્સની ખાસ અગત્યતા સિદ્ધ થાય છે. તે ઉપરાંત આપણે જે અત્યાર સુધી અમુક જિલ્લાના લોકોનાજ પક્ષમાં હતા મતલબ કે તેની સાથેજ લાભાલાભના વ્યવહારનો સંબંધ રાખતા, અને આ પ્રમાણે અમુક થોડી સંખ્યાથીજ કોઇ પણ ધર્મ સંબંધી વિગેરે ઉત્પન્ન થતી મુશ્કેલી સામે કામ લેવું પડતું તે કામ હવે મોટી બહોળી સંખ્યામાં કોન્ફરન્સ સત્વર સજ્જ થઇ કરી શકે છે, તે ઓછું આનંદકારક નથી.

એ ઉપરથી સ્વતઃ સિદ્ધ છે કે જો કોન્ફરન્સનું મંડળ આજ પ્રમાણે સાધારણ રીતે પ્રતિવર્ષ ભરાતું રહે તો સઘળા લોકોમાં પરસ્પર પ્રેમ અને ઐક્ય જલદીથી દાખલ થઈ શકે. એક ઉદાહરણ લ્યો કે જ્યાંસુધી ઘઉંનો આટો ( લોટ ) પ્રથમ ભિન્ન ભિન્ન હોય છે ત્યાંસુધી તે પવનના જોરથી ઉડી જવાની ભીતિમાં હોય છે, અને તેથી કાર્યકર પણ તે થઇ પડતો નથી, કારણકે તેની ઐક્ય દશા થઇ નથી. પરંતુ જ્યારે તેને જળનો સંયોગ થાય છે ત્યારે તેમાં સ્નેહભાવ દાખલ થવા સાથે તેનો એક પિંડ બને છે, અને તેથી તે મહા મુશ્કેલી સામે ટકી રહેવા ઉપરાંત સહીસલામત અને કાર્યકર થઇ પડે છે; તેજ પ્રમાણે જ્યારે આપણી કોમની ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં આ કોન્ફરન્સ સ્નેહ રૂપી પાણી સિંચશે ત્યારે તેનો એક પિંડ થશે અને તેથી કરીને એક મહા વાયુરૂપ પ્રચંડ મુશ્કેલીની સામે પણ તે એક વખત ટક્કર ઝીલવા સમર્થ થઇ શકશે. પાણી (સ્નેહ) વડે થયેલા પીંડનું જેમ જેમ વારંવાર મર્દન કરવામાં આવે છે તેમ તેમ તેનામાં સ્નિગ્ધતા, ઐક્યતા અગર ચીકાશ સાથે મજબૂતી આવે છે, તેજ પ્રમાણે જ્યારે આપણી સઘળી વ્યક્તિની અંદર કોન્ફરન્સના એકત્ર થવા રૂપી પાણી સિંચાયા કરશે ત્યારે આપણ ભિન્ન ભિન્ન બંધુઓનો પરસ્પર જમાવ થઇ આપણે ગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મે તેવી મુશ્કેલીની સામે અડગપણે સહીસલામતીથી ઉભા રહી શકીશું. પ્રથમ તો તે અમુક અમુક શહેરના જિલ્લાના અથવા પ્રાંતના લોકોને મિત્રતાની ગાંઠથી જોડશે, એટલે તેમનામાં ભ્રાતૃભાવની લાગણીને ઉદ્દીપ્ત કરશે, ત્યારબાદ દૂર મુલકના જૈન ભાઇઓ પણ આપણું એક અંગ છે તેવું ભાન કરાવશે અને તે પ્રમાણે ભાન થતાં થતાં સઘળા ૧૫ લાખ માણસો એક અમુક પિંડ સમાન બનતાં, એકને દુઃખ થતાં આખો સમુદાય દુઃખીપણાની સમાન અવસ્થાને ભોગવશે. જ્યાંસુધી એક અમુક વ્યક્તિને પરચક્ર સંબંધી દુઃખ થતાં આખી જૈન કોમ તેને માટે ખળભળી ન ઉઠે ત્યાંસુધી એમજ સમજવાનું જે હુજુ કોન્ફરન્સ પોતાના નામનું સાર્થક્ય કરી શકી નથી. કોન્ફરન્સનું સાર્થક્ય કયારે થઇ શકે તે તેની વ્યુત્પત્તિ પરથી સહેજ સમજાઇ જશે. Con. 'કૉન' શબ્દ સંસ્કૃત 'सम्' ઉપસર્ગને મળતો આવે છે અને Ference 'ફરન્સ' શબ્દ સંસ્કૃત 'भृ' ધાતુ પરથી 'भर' ને મળતો આવે છે. સારાંશ કે કોન્ફરન્સ નામ એ છે કે જે ચૂર્ણ અમુક સહેજ મુશ્કેલીની સામે પણ ટકી રહેવા સમર્થ ન હોય તેવું ચૂર્ણ એકઠું કરી તેને અમુક પિંડમાં સંગ્રહી રાખવું તેને કોન્ફરન્સ[1] કહે છે, અને આ પ્રમાણે પિંડી ભાવ સ્નેહ વિના થતો નથી. જ્યારે સ્નેહ ગુણ આવે છે ત્યારેજ કોઇ પણ ભિન્ન વસ્તુઓનો પિંડ થાય છે. માટે કોન્ફરન્સનો મુખ્ય હેતુ પરસ્પર સ્નેહ વધારવાનો છે. પરસ્પર એકઠા થઇ એક અંગે પોતાના સઘળા વિચારોનો આવિર્ભાવ તેના બાકીના સઘળા અંગો આગળ રજુ કરવો તે અવશ્યનું છે.

પરંતુ ખરેખર ખેદનો વિષય છે કે આપણી કોમની અંદર પણ ઘણા ગોટાળા ચાલે છે. દરેક વ્યક્તિના અંતઃકરણ સાફ નથી. એક ઘરનાજ અંગભૂતો અન્યોઅન્ય લડી પાયમાલ થવામાં

---

1 લેખકે કોન્ફરન્સનો અર્થ ઉપર પ્રમાણે કર્યો છે, પરંતુ અંગ્રેજી કોષની અંદર તેનો અર્થ 'કોઇ અગત્યની વાત વિષે એકઠા વિચાર કરવાને માટે મળેલ સભા' તે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછી પાની કરતા નથી. કપટ અને ઇર્ષ્યારૂપ શત્રુઓએ આપણા પ્રિય બંધુઓના મન મલીન કરી મૂકયાં છે, અને તેથી તે કાફર સેતાનો કોમમાં જ્યાં ત્યાં ભરાઇ રહી આપણને જુદાને જુદાજ રાખે છે. કદાચ એવું અનુમાનની ખાતરજ ધારી લ્યો કે આપણામાં અન્યોઅન્ય ઇર્ષ્યાભાવ નથી, પરંતુ એક બીજાને અંતઃકરણથી મદદ કરવાની અભિલાષાવાળા છીએ તો પછી આપણી સ્થિતિ કેવી વિલક્ષણ રીતે ફેરવાઇ જશે તેનો ખ્યાલ એક વખત કરી જુઓ.

નિરાશ નહિ થતાં વિચારવું જોઇએ કે '**श्रमेण सर्वं साध्यं**' **देहं पातयामि कार्यं साधयामि ॥** તે પ્રમાણે જ્યાં જ્યાં તે શત્રુઓ (ઇર્ષ્યા તથા કપટ) જોવામાં આવે તેમને મારીને નસાડવા પ્રયત્ન કરો. તેના જેવું અન્ય કોઇપણ કાર્ય ઉત્તમ અને પુણ્યપ્રદ નથી. સામાન્ય દૃષ્ટિથી ઉતરી વિશેષ દૃષ્ટિ ફેંકતા જણાય છે કે આપણી જૈનકોમની આબાદી નહિ થવાનાં પણ આ બેજ દુષ્ટ કારણો છે. હિંદુસ્તાનમાં અમુક અમુક ભાગ પડી ગયા છે તે પણ આ બે દુષ્ટ રાક્ષસોનેજ આભારી છે. અને ધર્મમાં પણ અનેક વિભાગ તેનાથીજ પડ્યા છે. તો જે પ્રમાણે તે ભાગ અને વિભાગ પાડનાર અસલના આચાર્યો અથવા ધર્મગુરૂઓ હતા તો સાંપ્રતમાં તેનો સંયોગ કરનાર પણ તે લોકોજ ગણી શકાય. માટે જેમ અસલની દુર્ભાગ્યદશા વખતે જેમ કેટલાક ધર્મગુરૂઓ જુદા પડી સ્વતંત્રપણે મૂળ ધર્મમાં સહેજસાજ ફેરફાર કરી પોતાનો પંથ ચલાવવા તૂટી પડતા હતા, અને તેથી કરી હિંદુસ્તાનમાં મત મતાંતરોને તથા દેશનગતીને જન્મ મળતો તેજ પ્રમાણે તેનો પ્રતિકાર કરવાને પણ હવે ધર્મગુરૂઓએ જેમ બને તેમ પરસ્પર એકત્ર થવા પ્રયાસ કરવો જોઇએ. પરંતુ હા ઇતિખેદે! પહેલાં પ્રથમ તો જ્યારે એક સંઘાડાની (મુનિસમૂહની) અંદરજ માંહોમાંહે મતભેદ હોય અને કુસંપ ચાલતો હોય તો પછી અમુક અમુક સંઘાડાઓ ઐક્યની એકત્ર ગાંઠથી જોડાવાની વાત કયાં રહી? માટે દરેક સંઘાડાના મૂળ પુરૂષે પોતાના સઘળા શિષ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહ, બીજા સંઘાડાના મૂળનાયક પુરૂપ સાથે મળતી રાખવા પરસ્પર બુદ્ધિપૂર્વક ઉપાય યોજવા જોઇએ. કોમના કોઇપણ સામાન્ય હિતના કાર્યમાં પરસ્પર સલાહશાંતિથી કામ લેવું જોઇએ. કદાચ એક પક્ષની ભૂલ થતી હોય તો બીજાએ નમ્રતાથી કહી તેની પાસે તે ભૂલ સુધરાવવી જોઇએ, અને સામાવાળાએ પણ તેને તેટલીજ નમ્રતાથી સુધારવી જોઇએ. પોતપોતાના ધમંડમાં તથા સ્વછંદમાં અંધ બની પોતાના અનુયાયીઓ સહ ધૃષ્ટતાના કૂપમાં પડતાં અટકવું જોઇએ. જેના ગુરૂ આંધળા તેના ચેલા ભીંત એવો સામાન્ય નિયમ છે. જે માણસ એમ સમજે છે જે 'અમને વળી ફલાણો શીખામણ દેનાર કોણ છે?' તો એમ સમજવું કે તે માણસ ખરેખર મહાગમાર છે. શાસ્ત્રકારો કહી ગયા છે કે નિર્માલ્ય વસ્તુમાંથી અને બાળકના વચનોમાંથી પણ વિવેકી પુરૂષ સાર ગ્રહણ કરે છે.

ફલાણાએ પન્યાસપદ લીધું માટે મારે પણ તેવું પદ ધારણ કરવું. અથવા ફલાણા ભલેને પન્યાસ હોય પણ તેનું જ્ઞાન મારા કરતાં ઓછું છે તો હું તેને શેનું વંદન કરૂં એવું નકામું અક્કડપણું જ્યાં સુધી વાસ કરી રહ્યું છે ત્યાં સુધી એકત્ર થઇને સુખનાં મિષ્ટ ફળો ભોગવવાનું મહા દુષ્કર છે, ક્યાંથી એવું ભાગ્ય હોય કે પરસ્પર ધર્મગુરૂઓમાંથી અક્કડપણાનો અંશ જતો રહી સરળતાનો ગુણ રમી રહે. દરેક મનુષ્યે સમજવું જોઇએ કે હમેશાં કડક પ્રકૃતિવાળા કરતાં સરળ પ્રકૃતિવાળાનો જય થાય છે, અને તે માણસ કાંઇપણ પરોપકારનું કામ કરી શકે છે. પણ ખરે અફસોસ! તેમાં કાંઇ આપણા મુનિઓનો વાંક નથી કે તેઓ અક્કડપણું રાખે છે, એમાં આપણા નસીબનોજ વાંક છે, અને આ ભારતભૂમિના કમનસીબ–સર્વ કોમના નસીબનોજ વાંક છે, માટે હાલને માટે તો આપણા મુનિરાજોને એટલુંજ કહેવું ઉચિત છે કે તેઓએ માન અથવા વાહવાહ કહેવરાવવાનું છોડી દઇને પોતાના આશ્રિત લોકના સામાન્ય હિત તરફ દૃષ્ટિ આપવી જોઇએ. તેઓના મનમાં હમેશાં એજ રમી રહેવું જો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇએ કે આપણી કોમનો ઉત્કર્ષ શી રીતે થાય ? પોતાનું શું થશે અથવા મોટાઇ નહિ મળે તેવો સ્વાર્થમય વિચાર હમણુ અળગ રાખવો, કારણ કે જો પોતાની કોમનું હિત થશે તો તેમાં પોતાનું હિત તથા કર્તવ્ય પણ સમાઇ જાય છે, અને તે સાથે પરમ પુણ્યના ભોગી પણ થવાય છે. માટે હમેશાં જ્ઞાની પુરૂષો કહે છે કે પરોપકારમાંજ સ્વાર્થ રહેલો છે, માન છોડી મેદાનમાં પડવું જોઇએ. ઘરખુણે તો કોઇ પણ માણુસ અહંકારની વાતો કરી મજા માની શકે છે. માટે આપણા માન્ય મુનિરાજો દીર્ઘદૃષ્ટિ પહોંચાડી જુએ તો માલુમ પડે કે પુરૂષત્વ કોનું નામ કહેવાય છે? હરીશ્ચંદ્રે માન છોડી સત્યતાની ખાતર ચાંડાળને ત્યાં પોતાનો વખત ગુજાર્યો તો શું તેનામાં પુરૂષત્વ નહોતું? મહાવીરસ્વામી ભગવાને મહા મહા ઉપસર્ગો સહ્યા છતાં કર્મ ક્ષય કરવામાં પાછા હઠ્યા નહીં તો શું તેમનામાં પરાક્રમની ખામી હતી એમ કહી શકાશે? વિગેરે વિગેરે મહા પુરૂષોના જીવનચરિત્રો ઉપરથી જણાઇ આવશે કે જે મહાપુરૂષો થઇ ગયા છે તે સઘળા સરળ પ્રકૃતિનાજ હોય છે. માટે પોતે અહંકાર તજી બીજાને અહંકાર છોડાવવા ઉપદેશ કરવો જોઇએ. અને એક સ્વકોમના હિતમાંજ પોતાના સર્વસ્વનો હોમ કરવો જોઇએ. સર્વે જૈન મુનિમહારાજાઓનું એ પ્રમાણે ઉત્તમ કર્તવ્ય છે. આપણા મહાત્મા પુરૂષો નિરાગી અને નિષ્પક્ષપાતી થઇ ગયા છે તો આપણે તેમના પુત્રોએ તથા અનુયાયીઓએ તેમને પગલે પગલે ચાલવું જોઇએ, કે જેથી 'જૈન' નામનું સાર્થક થાય. સાધુઓમાંજ જો કુસંપનો સડો પેસે તો પછી શ્રાવકો પણ બેશક તે સડાના ભાજન થાય તેમાં આશ્ચર્ય શું છે ? કારણ કે **"गतानुगतिको लोकः"** માટે પ્રથમ સાધુ મુનિરાજોએ માનને દેશવટો આપી કોમના સામાન્ય હિત તરફ દિલ લગાડવું જોઇએ. પોતાની કોમનું હિત શી રીતે થાય તેને માટે તેઓએ અરસપરસ અભિપ્રાય એકત્ર કરવા જોઇએ. કોમના કોઇ પણ સામાન્ય હિત સંબંધી કાર્યમાં પોતે ઉજમાળતાથી અનુમતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સંમતિ આપવી જોઇએ; અને ભૂલ હોય તે દર્શાવવી જોઇએ. અને જે જે ધર્માદા ખાતાઓમાં હિસાબ સંબંધી ગડબડ ચાલતી હોય તો તે ખાતાના અધ્યક્ષોને ચોખવટ કરવા દરેક મુનિરાજોએ સામાન્ય રીતે ઉપદેશ આપવો જોઇએ. બાકી રહ્યો જે સાંસારિક સુધારો તે વિષયમાં ગૃહસ્થોએ બાળલગ્ન કન્યાવિક્રય વિગેરે અટકાવવાં જોઇએ, કેળવણીને પૂર્ણ પ્રયાસથી મદદ આપવી જોઇએ, અને રડવા કૂટવા વિગેરે હાનીકારક રીવાજોને દૂર કરાવવા જોઇએ. વિશેષ વિસ્તાર પૂર્વક અવકાશે લખવામાં આવશે.

શા. રાયચંદ કસ્તુરચંદ.

બનારસ જૈન પાઠશાળા.

---

# ग्रंथावलोकन.

## धर्मरत्न प्रकरण प्रथम भाग.

આ ગ્રંથ શ્રી પાલીતાણા જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી બહાર પાડવામાં આવ્યો છે. ગ્રંથના કર્ત્તા શ્રી દેવેંદ્રસુરિ મહારાજ છે. તેની ટીકા પણ સ્વોપજ્ઞજ જણાય છે, જો કે પ્રસિદ્ધ કર્ત્તાએ તે વિષે કશો ખુલાસો લખેલો નથી. આ ગ્રંથનો સુમારે અર્ધ ભાગ બહાર પડયો છે. તેમાં પ્રથમ એક કથા ધર્મરત્ન ઉપર અને પછી ૨૧ કથા દ્રવ્ય શ્રાવકના ૨૧ ગુણ ઉપર છે. હવે પછીના બીજા વિભાગમાં ભાવ શ્રાવકના ગુણનું વિવરણ આવવાનું છે. મૂળ ગ્રંથ માગધી ગાથાબદ્ધ છે. ટીકા સંસ્કૃતમાં છે, પરંતુ કથાઓ બહોળે ભાગે માગધીમાંજ ગાથાબદ્ધ છે. માત્ર પહેલી કથામાં દરેક પદમાં બે પદ સંસ્કૃત ને બે પદ માગધીમાં છે. તેજ પ્રમાણે ૨૦ મી કથામાં પણ છે. ૧૭ મા ગુણની કથા સંસ્કૃત છે અને ૧૯ મા ગુણની કથાની અંદર બુદ્ધ આચાર્યની કથાના ૭૩ શ્લોકો સંસ્કૃત છે. આ શિવાય બાકીની બધી કથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગધીમાં છે. તેમાં પ્રથમની છ કથાઓ સુધીનું અને પાછલું ભાષાંતર કરનાર જુદા જુદા હોય એમ જણાય છે. પ્રથમના ભાષાંતરકારે માગધી ભાગની છાયા સંસ્કૃતમાં નીચે નોટમાં લખી છે. વળી નોટ લખવા માટે પણ બનતો પ્રયાસ કર્યો છે. એમનો ઉત્સાહ સારો લાગે છે. પાછલા ભાગમાં સંસ્કૃત છાયા લખી નથી અને અર્થ લખવામાં પણ કેટલોક સંકોચ કર્યો છે. કોઈ કોઈ શબ્દનો અર્થ મૂકી દીધો છે; પદચ્છેદના સંબંધમાં તો બહુ સ્થાનકે ભૂલ છે. બીજી પણ કેટલીક શૈલીના તેમજ અર્થના સંબંધમાં ભૂલ છે પણ એકંદર જોતાં આ ગ્રંથનું કામ વખાણવા લાયક કર્યું છે. પ્રથમના ભાષાંતરકાર કચ્છી હોય એમ અનુમાન થાય છે કારણ કે લિંગ ને વચનનો વ્યત્યય કોઇ કોઇ ઠેકાણે દેખાય છે, આ ગ્રંથ કથારસીક જનો અને ગુણગ્રાહી જનો બંનેને ઉપયોગી છે.

આ બુક લીંબડી પ્રેસમાં છપાયેલ છે, છાપકામ સારૂં છે પરંતુ શાસ્ત્રી ટાઇપ જૈની ન હોવાથી જોડાક્ષરમાં બહુ ભૂલોછે. 'ડ' તો બહુ સ્થાનકે ડબલને બદલે એકવડાજ મુકેલા છે. પ્રથમના ભાષાંતરમાં કેટલાક આધુનિક ગ્રામણી વપરાશના શબ્દો આવેલા છે કે જેવા જૈન ભાષાંતરમાં વપરાતા નથી. બાકી 'વિઘ્ન વિનાયક'–સત્કથ સુપક્ષ સુજ્ઞા–લબ્ધલક્ષ વિગેરે શબ્દોના અર્થ બરાબર કર્યા નથી. અને સંસ્કૃત છાયામાં ક્વચિત ક્વચિત ભૂલ થઇ છે. બુકનું બાઇડીંગ બહુ સારૂં કર્યું છે. છપાવવામાં સારી રકમની મદદ મળેલી હોવાથી એ રૂપીઆજ કિંમત રાખેલી છે. આવા ગ્રંથો બહાર પાડવા તે જૈનવર્ગને અપૂર્વ લાભ આપવા બરોબર છે. આનો બીજો ભાગ આ કરતાં પણ વધારે સારી દેખરેખ સાથે બહાર પડશે એવો ભરોસો છે. બીજા ગ્રંથો પણ આ પ્રમાણે દેખરેખ રાખીને જૈની ટાઇપમાં છપાવવામાં આવે તો વધારે ઉપકારક થશે. આટલી પ્રસંગોપાત સૂચના આપવી યોગ્ય છે. ગ્રંથ ધર્મકથાનુયોગવાળો હોવાથી એ વિષયમાં વધારે લખવા જેવું નથી. અમે એ વર્ગની આવા ઉત્તમ કાર્ય પરત્વે રૂચેક ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनधर्मनी दश महाशिक्षा.

( અનુસંધાન પૃષ્ઠ ૬૩ થી. )

આ પ્રમાણે સારાભાઇ એન્ડ લક્ષ્મીદાસ કું. નો કાર્યભાર સરલ રીતે ચાલતો હતો અને પેઢી સારી રીતે કમાણી કરતી હતી તેવામાં લક્ષ્મીદાસને અસાધ્ય વ્યાધિ થયો. તેને ફક્ત એકજ પુત્ર દોઢ વર્ષની ઉમરનો હતો. પોતાની પાસે ગૃહસ્થપણાને છાજે તેટલી મિલ્કત હતી અને હવે પોતાનો દેહ ટકે એમ નથી એવી રોગની અસાધ્યતાને લીધે તેને ખાત્રી થઇ હતી તેથી તેણે સારાભાઇને બોલાવી પેઢીનો સર્વ હીસાબ નક્કી કર્યો. પ્રાંતે હવે પછી પોતાનો ભાગ બંધ કરી સારાભાઇએ એકલાએ તેના પોતાના નામથી વહીવટ ચલાવવો એવો આગ્રહ કર્યો. સારાભાઇ મિત્રના મંદવાડથી ખિન્ન હતો તેમાં તેનાં આવાં વચનથી તેને બહુ લાગી આવ્યું.

'ભાઈ! તમારી વિશાળ મનોવૃત્તિને લીધે તમે આ પ્રમાણે કહો છો, પણ જે મિત્ર તમારી મદદથી આ સ્થિતિએ પહોંચ્યો છે તેને એમ કરવા આગ્રહ કરી નિર્ગુણી ન ઠરાવો.' સારાભાઇએ કહ્યું.

લક્ષ્મીદાસ : 'તમે તમારા ઉદ્યમથી આ સ્થિતિએ પહોંચ્યા છો. એમાં મારી મદદ કાંઇ હતીજ નહીં. વળી મારી પાસે મારા એકનાએક પુત્રને જોઇએ તે કરતાં પણ વિશેષ છે તેથી મને એ વિચાર ઠીક લાગે છે.'

'મિત્ર ! તમારૂં વચન તે મારે આજ્ઞા સમાન છે, પરંતુ પ્રથમ સહજમાત્ર ગુણ કર્યો હોય તેનો બદલો કેટલે અંશે ગુણ કરીએ ત્યારે વળી રહે તે તમે જાણો છો. કદાચ તમે ગુણ ન કર્યો હોય તોપણ મિત્રધર્મને લઈ મારે શું કરવું ઘટિત છે તે પણ વિચારો. તમારા શરીરની આવી સ્થિતિમાં હું વધારે કહેવા માંગતો નથી પણ મિત્રધર્મને સંબંધે એટલી યાચના કરૂં છું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એ પ્રમાણે કરવા આગ્રહ કરી કૃતઘ્ન, દ્રવ્યલોભી અને મિત્રતા તથા સજ્જનતાના ગુણ રહિત ન બનાવો. હું તો પ્રતિજ્ઞા કરૂં છું કે 'દૈવ ન કરે અને તમારા દેહને કાંઈ થાય તોપણ મારા જીવતાં સુધી આપણી પેઢી આ નામથીજ ચાલશે અને તમારો હિસ્સો જે પ્રમાણે છે તેજ પ્રમાણે તમારા વારસને મળશે.'

સારાભાઇ આવેશમાં આવી એટલું બોલતાં બોલતાં તો ગળગળો થઇ ગયો, આંખમાં ઝળઝળીઆં આવી ગયાં અને તેથી બંને મિત્રો રડી પડ્યા. તેના અંતઃકરણમાં પ્રકાશતો મિત્રધર્મનો અપૂર્વ ચળકાટ, તેની ઉંચા પ્રકારની સજ્જનતા અને પોતાના આગ્રહથી તેને થતી ખિન્નતા જોઈ લક્ષ્મીદાસે તેની વાત કબુલ રાખી. તે પછી થોડે દિવસે લક્ષ્મીદાસ ગુજરી ગયા. તેને આજે બાર ચઉદ વર્ષ થઇ ગયા છે. અદ્યાપિ પર્યંત સારાભાઇની પેઢી એ નામથીજ ચાલે છે, દરવર્ષે એ પેઢી સારી કમાઇ કરે છે અને નફાનો હિસ્સો પોતાના પ્રમાણે લક્ષ્મીદાસના નામ ઉપર ચઢાવે છે એટલુંજ નહિ પણ ગંભીર લક્ષ્મીદાસના મરણ પછી તેણે તેના વીલમાં પોતાની સર્વ મિલ્કતના વ્યવસ્થાપક સારાભાઇને નીમેલા હોવાનું જણાયાથી તેની સઘળી મિલ્કતનું રક્ષણ પોતેજ સુવ્યવસ્થિત રીતે કરે છે અને તેના બાળપુત્રની સંભાળ રાખે છે.

મુંબઇમાં દુકાન કર્યા પછી ત્રણ ચાર વર્ષના અરસામાં સારાભાઇનાં માતાપિતા પંચત્વ પામ્યાં. પોતાનો સારો વખત જોવા માતા પિતા ભાગ્યશાળી ન થયા અને પોતાને તેની સંપૂર્ણ રીતે સેવા કરવાનો વખત આવ્યા અગાઉ તેઓ ચાલ્યા ગયા એ વિચારથી સારાભાઇને ખેદ થતો હતો, તોપણ તેઓ પોતાના એકનાએક પુત્રની ચઢતી સ્થિતિની નિશાનીઓ જોઇ અંતાવસ્થામાં સંતોષ પામ્યા હતા. માતાપિતાની સેવામાં પોતાની સ્ત્રીને ઘણો વખત ત્યાંજ રાખવી પડતી હતી અને પોતાને પણ વર્ષમાં ત્રણ ચાર વખત માતા પિતાના દર્શન કરવા રાજનગર જવું પડતું હતું તેથી સારાભાઇએ મુંબઇમાં કામચલાઉ નિવાસજ રાખ્યો હતો, પણ માતાપિતાના મૃત્યુ પછી સારાભાઇએ રાજનગરનું ઘર બંધ કરી મુંબઇમાંજ સ્થાયી વાસ કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાભાઇની સ્ત્રી સુશીલા ગૃહસ્થ કુટુંબની પુત્રી હતી. તેના માતાપિતા પાસેથી તેણીએ નામની સાથે સુશીલતા પણ મેળવી હતી. તેણીનું મન વિશાલ અને નમ્ર હતું, રૂપવતી અને સુકોમળ છતાં કામગરી હતી, અને સ્ત્રીધર્મને યોગ્ય ગુણો સંપાદન કર્યા હતા. ન્હાનપણમાં થોડો ઘણો અભ્યાસ કર્યો હતો અને પછી પતિસંગે બની તેટલી તેમાં વૃદ્ધિ કરી હતી. પોતે સાસરે આવી તે વખતે પતિકુટુંબની દ્રવ્યસ્થિતિ મંદ હતી, પણ તેણીને કોઇ વખત કોઇ પણ બાબતને માટે ઓછું આવ્યું નહતું. પિતાને ઘરે સુકુમાળ અવસ્થામાં રહી હતી પણ સાસરામાં સર્વ કામ કરવું પડતાં છતાં તેને કંટાળો આવતો નહતો. ગમે તે સ્થિતિમાં પણ આનંદ માનવાનો તેણીનો સ્વભાવ થઇ ગયો હતો. પતિને મુંબઇ રહેવાનું થયું પણ પોતે પતિઆજ્ઞા મુજબ રાજનગર રહી સાસુ સસરાની સેવા માતા પિતા તુલ્ય કરતી હતી. તેઓના મરણ પછી પોતાને મુંબઇ રહેવાનું થયું ત્યાં પણ પોતાની પૂર્વાવસ્થા એક ગરીબ કુટુંબની જેમ સુખ અને આનંદમાં ગાળતી. તે સમયે પતિના વ્યાપારની શરૂઆત હતી, ખર્ચનો સઘળો બોજો પતિની ટુંકી આવક ઉપર હતો અને સસરાજીનું કરજ પતિને વાળવું પડતું હતું; એ સર્વ જાણી પોતે પતિ સાથે નિશ્ચય કર્યો હતો કે જેમ બને તેમ ખર્ચમાં કરકસર કરી ચલાવવું. કોઇ દિવસ પતિની ઇચ્છા જાણ્યા વિના પોતે પોતાને માટે કોઇ ચીજની ઇચ્છા કરી ન હતી. મુંબઇમાં રહ્યા પછી બે ત્રણ વર્ષે એકજ વખત એવો પ્રસંગ બન્યો હતો કે પાડોશની એક સુરતી સ્ત્રીએ નવી તરાહની સાડી પહેરેલી જોઇ સુશીલાને તેવી સાડી લેવાની ઇચ્છા થઇ. તે ઇચ્છા પતિને જણાવવી યોગ્ય ન લાગી, પણ સાંજે વાળુ કર્યા પછી સ્વસ્થ ચિત્તે બેઠા હતા ત્યારે તે સાડીના તેણીએ વખાણ કર્યા. પતિ તેનો ભાવ સમજ્યો, પણ પોતાની સ્થિતિ પરત્વે જરૂરિઆત શિવાયનો ખર્ચ ન કરવા નિયમ કર્યો હતો, તે નિયમનું ઉલ્લંઘન કરવાનો સમય અને સ્થિતિ હજી પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા ન હતા, માટે પોતે કંઇ ઉત્તર આપ્યો નહીં. સુશીલાએ માગણી પણ ન કરી, પરંતુ પોતે એવી ઇચ્છાને વધવા દીધી તેને માટે પશ્ચાતાપ થયો. સારાભાઇને સુશીલાની મનોવૃત્તિ દબાવવાની શક્તિ જોઇ પોતાને યોગ્ય પત્ની મળી છે એ વિચારથી આનંદ થયો, પણ ફક્ત દ્રવ્યની તંગીથી એવી ગુણીયલ પત્નીએ એકજ વખત બતાવેલ જીજ્ઞાસાને પોતે તૃપ્ત ન કરી શક્યો તેને માટે પરિતાપ થયો. દંપતી પરસ્પરના મનનો ભાવ સમજ્યા પણ બંને મૌન રહ્યા. વ્યાપારમાં સારી અનુકૂળતા થવાથી સ્થિતિ સુધરી, કરજ નિર્મૂળ થયું, ગૃહવ્યવહાર સારી રીતે ચાલવા લાગ્યો, દ્રવ્યનો સંચય થવા લાગ્યો, શરીર અને મનના સુખને માટે ઇચ્છિત ખર્ચ કરવામાં સંકોચ મટી ગયો, પરંતુ પૂર્વ જીંદગીમાં એવા એવા પ્રસંગો પ્રાપ્ત થયેલા તેની છાપ મનમાં રહી ગયેલી તે કોઇ કોઇ વખત સાંભરી આવતા, અને તે ઉપરથી સારા વખતમાં પોતાને શું કર્તવ્ય છે તે વિચારો થતા. આજે સારાભાઇના અંતઃકરણમાં તે પૂર્વ પ્રસંગો સાંભરી આવતાં એવાજ કાંઈ વિચાર ચાલતા હતા, તેવામાં શારદા અને બાબુએ આવી તે વિચારમાં ભંગ પાડયો.

સારાભાઈને સંતાનમાં બે પુત્ર હતા અને બે પુત્રી હતી. મ્હોટો પુત્ર ચીમનભાઈ અઢાર ઓગણીશ વર્ષની ઉમરનો મેટ્રીક પાસ થઈ હમણા કોલેજમાં અભ્યાસ કરે છે. સૌથી ન્હાના પુત્રનું નામ રમણભાઈ છે, પણ ઘરમાં તેને સૌ બાબુ કહી બોલાવતા હતા. બાબુની ઉમર બાર વર્ષની છે અને તે હાલ ઈંગ્રેજી ત્રીજા ધોરણમાં છે. એ બંને ભાઇઓ વચ્ચેની સુભદ્રા અને શારદા એ બે પુત્રીઓ છે. સારાભાઈ પોતે વિદ્યાવિલાસી અને કેળવણીના લાભને જાણનારો હોવાથી તેણે પોતાના બાળક બાળકીઓને સ્કુલમાં અભ્યાસ કરાવવા ઉપર સારૂં લક્ષ્ય આપ્યું હતું. પરંતુ વ્યાપારની શરૂઆતના દશ બાર વર્ષમાં તે સંબંધી ગુંચવણમાંથી નવરાશનો વખત ન મળવાને લીધે બાળકોના બીજાં હિત તરફ ધ્યાન આપી શક્યો નહોતો. ચીમન અને સુભદ્રાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુશીલાની સુશીલતાનો લાભ મળ્યો હતો, પણ પિતા તરફથી બાળવયમાં ધાર્મિક અને નૈતિક જ્ઞાનનો જે લાભ મળવો જોઇએ તે મળી શકયો નહોતો. શારદાનો જન્મ થયો તે અરસામાં સારાભાઇને વ્યાપારની સર્વ પ્રકારે અનુકુળતા થઇ ગઇ હતી. ધંધો ધમધોકાર ચાલ્યા કરતો હતો, પેઢીને જરૂર પડે તે કરતાં વધારે દ્રવ્યનો સંચય થઇ ગયો હતો, દરેક વર્ષે ધાર્યા કરતાં સારી કમાણી થયા કરતી હતી, અને સર્વ પ્રકારે વ્યાપારચક્ર નિયમસર ગોઠવાઇ ચાલ્યા કરતું હતું. તેને તો ફક્ત તે ચક્રને ગતિજ આપવી પડતી હતી અથવા તેમાં કાંઇ અવ્યવસ્થા ન થાય એટલું ધ્યાન રાખવું પડતું હતું. તેથી તે પછી તેણે પોતાનો નિવાસ મુંબઇના એકાંત અને શાંત ભાગમાં ( નેપીઅનસીરોડ ઉપર ) એક બંગલો લઇ ત્યાં રાખ્યો અને પ્રવૃત્તિમાંથી સંકોચ કરી પોતાનો કેટલોક વખત વાંચવા વિચારવામાં નિર્ગમન કરવા લાગ્યો.

તે અરસામાં **પ્રબોધચંદ્ર** નામના તેના એક સગા અને સ્નેહીની મુંબઇની એક કોલેજ (પાઠશાળા) માં પ્રોફેસર (શિક્ષક) તરીકે નિમણુક થઇ. પ્રબોધચંદ્રે ઇતિહાસ અને તત્વજ્ઞાનના વિષયો લઇને એમ. એ.ની પરીક્ષા પાસ કરી હતી. તેને ધર્મ સંબંધી સામાન્ય અભ્યાસ બાળવયથી હતો અને પરીક્ષા આપ્યા પછી અવકાશે જૈન તત્વજ્ઞાનના કેટલાએક ગ્રંથો લક્ષ્યપૂર્વક વાંચ્યા હતા. કોઇ કોઇ વખત વિદ્વાન મુનિમહારાજોનો પ્રસંગ મળતો ત્યારે વિનયપૂર્વક તેમની સાથે તર્ક કરતો, તેથી પોતાને મેળવવા જેવો લાભ મેળવી જ્ઞાનમાં વૃદ્ધિ કરી હતી. ત્રણ ચાર વર્ષ પુનામાં નોકરી અર્થે રહેવું પડયું હતું તે અરસામાં ત્યાંના વિદ્વાનો સાથે દેશ, રાજ્ય, આચાર અને ધર્મ સંબંધી ચરચા કરવાથી તે તે વિષયમાં તેના વિચારો પરિપકવ થઇ દૃઢ થયા હતા. પ્રાચીન અને અર્વાચીન, સ્વધર્મીય અને અન્યધર્મીય, પાશ્ચિમાત્ય અને સ્વદેશીય-સાહિત્ય વિચાર અને વર્ત્તનની સારાસારના સંબંધે તુલના કરવાની શક્તિ પોતાના જ્ઞાન અને અનુભવથી પ્રાપ્ત કરી હતી. તેના વિચાર, સિદ્ધાંત અને ઉપદેશથી–યુવાનો અને વૃદ્ધો, ભણેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અજાણ, જુના વિચારવાળા અને નવા વિચારવાળા, વિદ્વાનો અને અનુભવીઓ-સર્વ ખુશી થતા હતા.

સારાભાઇને અનુકુળ વખતે પ્રબોધચંદ્રનો પ્રસંગ મળ્યાથી ઘણો લાભ થયો. તેઓનો ઘણો વખત સાથેજ નિર્ગમન થતો હતો. સામાયિક પૂજા વિગેરે ધર્મક્રિયા સાથે કરતા; સાથે બેસી સારા સારા પુસ્તકો વાંચતા અને સાથે સાથે ફરવા જતા ત્યારે જ્ઞાનગોષ્ઠી થતી અને જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાન, તર્ક અને મનન ચાલી એક બીજાના જ્ઞાન અને અનુભવમાં વૃદ્ધિ થતી હતી. એક દિવસ બંને મિત્રો સાંજે દરિયા કિનારા ઉપર સ્વસ્થચિત્તે બેઠા હતા તે પ્રસંગે કર્ત્તવ્ય-ફરજ વિષયે વાત ચાલી.

પ્રબોધચંદ્રે કહ્યું-"આ જગતમાં જનસમૂહનો મ્હોટો ભાગ પોતાના વિચારની ધૂનમાં ગમેતેમ વર્ત્તન કરે જાયછે. એવા તો વિરલાજ હશે કે જેઓ પોતાનું શું કર્ત્તવ્ય છે તેનો યથાસ્થિત વિચાર કરી તે પ્રમાણે વર્ત્તન કરે. પોતાનો એક પણ વિચાર, પોતાનું એક પણ વચન અને પોતાનું એક પણ આચરણ એવું ન હોય કે જેથી આત્મા મલીન થાય અને કર્મબંધન કરે. એવા ઉપયોગે વર્ત્તવું એ તો વાસ્તવિક-સત્યજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારેજ બને તેવું છે; પરંતુ આ જે ને લઇને પ્રાપ્ત થયેલા વ્યવહારીક સંબંધોથી પ્રાપ્ત થતા કર્તવ્યને બરાબર સમજી પોતાની યથાસ્થિત ફરજ કોણ બજાવે છે! માબાપની છોકરાં પ્રત્યે, છોકરાંની માબાપ પ્રત્યે, શેઠની નોકર પ્રત્યે, નોકરની શેઠ પ્રત્યે, સ્ત્રીની પતિ પ્રત્યે, પતિની સ્ત્રી પ્રત્યે, ગુરૂની શિષ્ય પ્રત્યે, શિષ્યની ગુરૂ પ્રત્યે, જ્ઞાની મહારાજે અને દેશના આગેવાનોની અન્યજનો પ્રત્યે, સાધારણ જનસમૂહની આગેવાનો પ્રત્યે અને મિત્રની મિત્ર પ્રત્યે શું ફરજ છે, કેવી રીતે વર્તન કર્યું હોય ત્યારે તે ફરજ પુરેપુરી બજાવી કહેવાય તેનો વિચાર કરવાની પણ કોઇ જિજ્ઞાસા રાખતું નથી તો તેવા વર્તનની આશા તો કયાંથી? વિચિત્રતા તો એટલી લાગે છે કે પોતાનું કર્તવ્ય પુરેપુરૂં સમજ્યા વિના ગમે તેમ વર્તન કરતાં છતાં ઘણા માણસો પોતાના વર્તનને શુદ્ધ ગણાવવાનો દાવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેછે અને વ્યવહારમાં પોતાને ડાહ્યાડમરા કહેવરાવે છે. વ્યવહારની સર્વ પ્રકારની ક્રિયા કરતાં પહેલાં મારાથી કાંઇ અયોગ્ય થતું નથી અથવા કર્યાપછી મારાથી કાંઈ અયોગ્ય તો થયું નથી, એવો વિચાર નિરંતર થયા કરે અને કોઇ વખત કાંઇ અયોગ્ય બોલાયું હોય, વિચારાયું હોય કે આચરણ થઇ ગયું હોય તો તેને માટે શોચ કરી ફરી તેવું ન બને તેને માટે આતુરતા રાખે ત્યારેજ શુદ્ધ કર્તવ્ય સમજાયું અને બજાવ્યું ગણી શકાય."

સારાભાઇ–"પોતાનું યથાસ્થિત કર્તવ્ય સમજી તે પ્રમાણે વર્તન કરવું એ મુશ્કેલ છે અને એવી મુશ્કેલી ટાળવાનો પ્રયત્ન કરનાર પણ વિરલા હશે એ સત્ય છે; તેમજ તમો કહોછો તેમ સર્વ પ્રકારની ફરજો સમજીને તે પ્રમાણે વર્તવાની ઇચ્છાવાળા પણ કોઇકજ હશે, પરંતુ તેમાંની છોકરાં પ્રત્યેની માબાપની ફરજ વિષયે તો ઘણે અંશે ઘણા માણસોનું વર્તન શુદ્ધ રીતે થતું હશે એમ જણાય છે. કારણ કે સઘળાં માબાપો પોતાના બાળકોનું પાલણપોષણ કરે છે, યથાશક્તિ ભણાવે છે, લગ્ન કરી સંસારમાં સુખી બનાવવા ધ્યાન આપે છે અને પોતાથી બને તેટલો દ્રવ્ય સંચય કરી તેને સોંપવાની જીજ્ઞાસા રાખે છે. તદ્દન અજ્ઞાન અને અણસમજુ માબાપોને બાદ કરી બાકી ઘણા ભાગનું વર્તન સ્વયમેવ બાળકના હિતભણી થાય છે એવું મને લાગે છે."

પ્રબોધ૦ "અરે! એ વિષયે તો ઘણું વિચારવા જેવું છે, મને તો એમાંજ અતિશય ખામી લાગે છે; પ્રથમ તો માબાપ થવાની ઇચ્છા રાખનારા અથવા થનારા માબાપની શું જોખમદારી છે તે તેઓ સમજતા નથી અને સમજવાનો પ્રયત્ન પણ કરતા નથી. બચ્ચાંઓનું પાલણપોષણ કેમ થાય, વાસ્તવિક કેળવણી શું અને તે કેવી રીતે આપી શકાય, લગ્ન કયારે અને કેવી રીતે કરે ત્યારે બાળકો ખરેખરાં સુખી થાય અને કેવા દ્રવ્યનો વારસો આપે ત્યારે તેના પ્રત્યે ઉપકાર કર્યો એમ માની શકાય એનો વિચાર પણ કોણ કરે છે? માબાપનો બાળકો પ્રત્યે સ્વાભાવિક પ્રેમ હોય છે અને તેથી તેઓ કેટલીએક ક્રિયાઓ સ્વાભાવિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે બાળકના હિતની કરે છે પણ તમે જે જે વિષયો કહ્યા તેમાં તો મને મ્હોટે ભાગે અયોગ્ય વર્ત્તન જણાય છે. પાલનપોષણ કેમ કરવું તે સંબંધી જરા પણ જ્ઞાન કે અનુભવ મેળવ્યા વિના યથાયોગ્ય પાલનપોષણ કેવી રીતે થઇ શકે ? સ્વચ્છતા અને શરીરશાસ્ત્રના નિયમો જાણ્યા હોય તો યોગ્ય રીતે પાલન પોષણ થાય પણ તે જાણવાની દરકાર ઘણાં માબાપો કરતા નથી અને તેથી બાળકો શરીરે નિર્માલ્ય રહે છે. કેળવણી વિષયે એવી સમજણ ચાલે છે કે બાળકો હમેશાં ચોપડી લઇ નિશાળે જાય એટલે થયું. આના જેવી ભૂલ એકે નથી. અનુભવી વિદ્વાનોના મત પ્રમાણે છોકરાંઓની દરેક પ્રકારની કેળવણી અને વર્ત્તનના બીજ બાળકની લઘુવયમાં તેને મળેલા ગૃહ શિક્ષણમાંથીજ રોપાય છે. એક રીતે તો માણસ જન્મે ત્યાંથી તે મરે ત્યાંસુધી વિદ્યાર્થી અવસ્થામાંજ છે, કારણકે આ વિશાળ જગતના અનેક ગુપ્ત પાઠો તેની ઇંદ્રિયો અને મન નિરંતર લીધાજ કરે છે. પોતાની એ વિદ્યાર્થી અવસ્થા બરાબર સમજી દરેક સમયે માણસ ધ્યાન આપ્યા કરે તો અથવા બચપણથી ધ્યાન આપવાની શક્તિ પ્રાપ્ત થઇ હોય તો વાસ્તવિક બોધ લીધા કરે છે માટે બાળકોની મનોવૃત્તિ પ્રથમથીજ—બાળવયથીજ માબાપોએ એવી કેળવવી જોઇએ કે તેઓ આ કુદરતી રચનામાંથી પણ સુંદર બોધ ગ્રહણ કરી શકે. જો માબાપ કુશળ હોય તો બાળ અવસ્થામાં બાળકોને એવી રમતે ચઢાવે, એવાં રમકડાં આણી આપે, એવાં ચિત્રો બતાવે, એવી એવી વાર્તાઓ સંભળાવે કે જેમાંથી તેની પરીક્ષકશક્તિ, સ્મરણશક્તિ, કલ્પનાશક્તિ, તુલના શક્તિ, અવલોકનશક્તિ, વિચારશક્તિ—બધું અજાણતાંજ ધીમે ક્રમે ખીલતું અને કેળવાતું ચાલે. બાળકોની રમતો, વાર્તાઓ એટલુંજ નહિં પણ તેના સોબતી, તેના વસ્ત્રો, તેના રહેવાના, ફરવાના અને રમત ગમતના સ્થાનોની ચતુર માબાપો વિચારી વિચારીને એવી રીતે યોજના કરે કે તેથી બાળકોમાં વિચાર સૌંદર્ય પ્રગટે. શરીર, મન, નીતિ અને ધર્મ એ ચારે વાતમાં બાળકો સ્વતંત્ર વિચાર કરતાં શીખે એટલી ઉમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રના થાય તે સમયે તેઓ ઉત્તમમાં ઉત્તમ વિચાર કરે, ઉત્તમમાં ઉત્તમ ક્રિયાઓ કરે અને ઉત્તમમાં ઉત્તમ માર્ગે ચઢે એટલી સામગ્રી મતા પિતાએ તેને પ્રથમથી પુરી પાડવી જોઇએ. નિશાળે મોકલ્યા પછી પણ જે કેળવણી નિશાળમાં અપાતી ન હોય અથવા જે કેળવણી ઉપર ત્યાં ઓછું ધ્યાન અપાતું હોય તે આપવાની કે પુરી કરવાની ફરજ માબાપને શિર છે. ઘણાં થોડાંજ માબાપો પોતાની આ ફરજ સમજે છે અને જોઇએ તેવી રીતે બજાવે છે. તેઓનું અજ્ઞાન અને બેદરકારી બાળકોને હાનિકારકજ છે. શરીરની અને નીતિની કેળવણી ઉપર નિશાળમાં થોડું લક્ષ અપાય છે અને ધર્મની કેળવણી તો ત્યાં બીલકુલ અપાતીજ નથી. એવી કેળવણી ઉપર માબાપ લક્ષ ન આપે તો છોકરાં નબળાં અને નિર્માલ્ય રહે તથા અનીતિવાન કે નાસ્તિક બને તેમાં શું નવાઈ! ઘણા જુના વિચારના વૃદ્ધો છોકરાંઓની ધર્મ ઉપર અનાસ્થા જોઇ હાલની કેળવણી ઉપર દોષ મૂકે છે, પણ તેઓ સમજતાં નથી કે તે સર્વ દોષ માબાપોની બેદરકારીનોજ છે. નિશાળમાં સર્વ ધર્મનાં બાળકો અભ્યાસ કરે ત્યાં ધર્મ સંબંધી કેળવણી કેવી રીતે આપી શકાય ? તેથી પોતાનાં બાળકોને ધર્મ અને નીતિની પરિપૂર્ણ કેળવણી આપવાની માબાપની ફરજ તે ઉલટી બેવડી થાય છે. પણ માબાપ થવાની હોંશવાળા અને થઈને આનંદ માનનારા માબાપો આવા પ્રકારની સમજુતી મેળવવાની કે મળી હોય તો તેનો ઉપયોગ કરવાની જરા પણ દરકાર રાખતા હોય તેવું જણાતું નથી. તમેજ વિચારોને કે તમારી જેવા સમજુ માણસ પણ આખો દિવસ દ્રવ્ય કમાવાની ચિંતામાં રહી બાળકો પ્રત્યેની તમારી ફરજમાં કેટલા બેદરકાર રહો છો ? બીજા વિષયોમાં પણ તેવીજ અણસમજ અને ખામીઓ છે. તે વિષે બીજી કોઈ વખત વાત કરશું. પરંતુ એટલું તો નક્કી છે કે માબાપોએ બાળકોના લગ્ન કરવા અથવા તેને માટે દ્રવ્ય સંપાદન કરવું તે કરતાં તેને નીતિમાન અને ધાર્મિક કરવા પ્રયત્ન કરવો અને તેને માટે પુરેપુરી કાળજી રાખવી એ સર્વથા પ્રથમ અને શ્રેષ્ઠ ફરજ છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्त्तमान समाचार.

**શોકજનક મૃત્યુ**—શેઠ જેઠાભાઈ દામજી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના એક ઉત્સાહી પુરૂષ હતા. તેઓએ સ્વજ્ઞાતિની ઉન્નત્તિ માટે તન, મન, ધનથી અનેક તરેહની મદદ કરી હતી. તેઓ માત્ર ત્રીશ વર્ષનું ટુંક આયુષ્ય ભોગવી પંચત્વ પામ્યા છે. તેમના આત્માને શાંતિ મળો એવી પ્રાર્થના છે.

**એક સારી ભેટ**—સુરતવાળા શા પાનાચંદ ખુબચંદની વીધવા બાઈ ગુલાબે ગોપીપરામાં મોતીપોળમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરની સાલગીરી દર વર્ષે ઉજવવાને રૂ ૫૦૦૦ ) ની મોટી રકમ ભેટ આપી છે.

**મેળાવડો**—સુરતમાં જૈન હિતવર્ધક સભા તરફથી ઝવેરી શેઠ નગીનચંદ ઝવેરચંદને રાય બહાદુરનો ખિતાબ મળવાથી તેમના માનાર્થે એક મેળાવડો ભરવામાં આવ્યો હતો.

**વર્ષીતપ**—રાણુપુર ગામે શેઠ નાગરદાસ પુરૂષોતમદાસના પત્ની હરીબાઈએ વર્ષીતપનું પારણું કર્યું. તે પ્રસંગે સંઘ જમાડ્યો હતો તથા જૈનશાળાના વિદ્યાર્થીઓને ઈનામ વહેંચ્યાં હતાં.

**સરકારી વકીલ**—ધંધુકાના વકીલ મી. ડાહ્યાભાઈ હકમચંદ ત્યાંના સરકારી વકીલ નીમાયા છે.

**ઉદ્યોગશાળાની સ્થાપના**—અમદાવાદમાં શાહપુર જૈન જ્ઞાનોદય સભા તરફથી એક શ્રાવિકા ઉદ્યોગશાળાનું સ્થાપન થયું છે. શરૂઆતથી જ એકસો દશ શ્રાવિકા તેમાં જોડાઈ છે. આવી ઉદ્યોગશાળાઓની દરેક સ્થળે જરૂર છે. તે વગર આર્થિક સ્થિતિ સુધરે તેમ નથી.

**શોકદર્શક મીટીંગ**—રા. બા. માણેકચંદ કપુરચંદના મૃત્યુની દીલગીરી દર્શાવવા માટે શ્રી શ્રેયસ્કર મંડળના સેક્રેટરી મી. વેણીચંદ સુરચંદ તરફથી મેસાણા મુકામે શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના મકાનમાં મીટીંગ ભરવામાં આવી હતી.

**મૂર્તિની પધરામણી**—ગણી મુક્તિવિજય મહારાજની મૂર્તિની પધરામણી મોતીશાની ટુંકમાં કરવાને લગતી ક્રિયા મુનિ શ્રી દેવવિજયજીએ કરી હતી. શાહ તલકચંદ માણેકચંદના હાથથી મૂર્તિ પધરાવવામાં આવી હતી.

For Private And Personal Use Only